मनसुधारक सूचना.

[illegible]

The Department of Public Instruction, Bombay.

MENTAL IMPROVEMENT,

(HINTS ON,)

BY

MANISHANKAR PARBHÚRAM

PANDIT.

मनसुधारक सूचना.

બનાવનાર

मणीशंकर परभुराम पंडित.

બીજી આવૃત્તિ—૨,૦૦૦ પ્રત.

मुंबाई:

ગવર્નમેંટ સેંટ્રલ બુક ડીપો.

સને ૧૮૮૪

કીમત ૪ ચાર આના.

મુંબાઈમાંઃ

એજ્યુકેશન સોસાઈટીના છાપખાનામાં છાપી.

उपोद्घात.

કોઈ પણ મનુષ્યને પ્રત્યેક વાત શીખવાની અને જાણવાની જરૂર નથી, તેમ એમ કરવાનું કોઇ પ્રયત્ન પણ કરે નહિ, કેમકે તે અસંભવિત છે; પણ પોતાની બુદ્ધિ કેળવવી એ તો દરેક માણસની ફરજજ છે, શાથી જે તેની ખિલાવટ ન થાય તો તે કુદ્રતી વાડી અજ્ઞાન રૂપી કચરાથી છવાઈ રહે.

શાસ્ત્રીય વિષયમાં પ્રવીણતા સંપાદન કરવી એ ઘણાજ થોડા જનના ભાગ્યમાં લખેલુંછે; પણ કેટલાકને ઈશ્વરે એવી ઉંચી સ્થિતિમાં જન્મ આપ્યોછે કે તેઓને પોતાની બુદ્ધિ કેળવવાનાં અને પોતાના મગજમાં વિવિધ સુંદર વિષય ઉતારી તેનો ભંડોળ રાખવાનાં પૂરતાં સાધન છે; તેઓને અવકાશ અને દ્રવ્ય એ તરફની તાણ હોતી નથી. ઉતરતી પંક્તિનાં માણસોને પણ એવા ધંધા શીખવા પડેછે કે તેમાંએ બુદ્ધિનો ઉપયોગ કરવો પડેછે, અને જ્યાંસુધી તેઓ પોતાના ધંધામાં વિચારયુક્ત ધ્યાન આપતા નથી ત્યાંસુધી તેઓ તેમાં કુશળ થતા નથી.

આપણા સંસારી વ્યવહારમાં આપણને ઘડી ઘડી અકલ ખરચવી પડેછે, અને જો આપણામાં સારાસાર સમજવાની શક્તિ નથી હોતી તો આપણે ભૂલથાપ ખાવા છતાં અહોનિશ અજ્ઞાની અવસ્થામાંજ રહીએ છઈએ. હવે જે વસ્તુનો ઘડી ઘડી ખપ પડે તે વસ્તુ સાધ્ય કરવી એ અવશ્યનું ઠરેછે.

એ સિવાય મનુષ્ય માત્રે મરણ પછીની સ્થિતિ વિષે ભારે કાળજી રાખવી જોઈએ; અને એટલા માટે પોતાનો ધર્મ સમજી તે વિષે તુલના કરી તેને અનુસરીને વર્તવું એ પ્રત્યેક જનની ફરજ છે. એ બાબતમાં વિચાર કરવાને વખત મળતો નથી એમ કહેવું એ કેવળ મૂર્ખાઈનું લક્ષણ છે.

એ પ્રમાણે પોતાની સમજણ સુધારવાની, ઉપયોગી જ્ઞાનનો ભંડોળ કરી રાખવાની અને પોતાની સ્થિતિને અનુસારે વાદ-વિવાદ કરવાની ચતુરાઈ યથાશક્તિ સંપાદન કરવાની, પ્રત્યેક જીવિત મનુષ્યની અવશ્યની ફરજ છે, એમ માલૂમ પડેછે. સંસારી વ્યવહારમાં ઊણી વિવેકબુદ્ધિને લીધે આપણે ઘણી ભૂલ અને બહુ અપરાધ કરીએ છઈએ; આપણા પ્રત્યેક દુરાચરણને માટે આપણે ઇશ્વરને જવાબદાર છઈએ એમ ન પ્રમાણતાં આપણે વારે વારે આપણાં આડોશી પાડોશીને કે સગાં સંબંધીને દુઃખ દઈએ છઈએ અને જાતે પણ દુઃખમાં તથા પાપમાં પડીએ છઈએ; એ સઘળી હાનિ દૂર કરવાને બુદ્ધિ કેળવી સારાસાર સમજવાને શક્તિમાન થવું એ વિના બીજો એકે ઉપાય નથી.

मनसुधारक सूचना

भाग १ लो.

प्रकरण १ लुं.

જ્ઞાનમાં સુધારો કરવાવિષે સાધારણ નિયમ.

૧. સત્ય વાદવિવાદથી અને ખરી સારાસાર સમજવાની શક્તિથી ઘણા અમૂલ્ય લાભ થાયછે, એ વાત તમારા મનમાં ખૂબ દૃઢતાથી ઠસાવો. કુમાર્ગે જવાથી તમને ભૂતકાળમાં કેવું ફળ મળેલું તેનો વિચાર કરો: જુઓકે મનુષ્ય, સમય અને વસ્તુ એ વિષે જો તમે ખરી તુલના કરી હોત તો તમે કેટલી બધી ઉદાસી અને મૂર્ખાઇથી અને કેટલાં બધાં દુઃખ અને પાપથી મુક્ત થયા હોત? એથી તમારૂં મન વિવેકબુદ્ધિમાં સુધારો કરવાને ઉશ્કેરાશે અને તમે એ કામ પાર પાડવાની હરેક સંધિ ઝડપી લેવામાં ચૂકશો નહિ.

૨. સઘળાં મનુષ્ય મંદબુદ્ધિને લીધે કેવા કેવા અપરાધને આધીન થાયછે તે વિષે વિચાર કરો; આત્મા અને દેહ એના સંબંધમાંજ કેટલાં પાપ રહેલાંછે અને તેથી કેટલાં દુઃખ ઉત્પન્ન થાયછે તે વિષે વિચાર કરો; સત્યની શોધ કરવામાં કેટલાં બધાં ઊંડાણમાં પેસવું પડેછે અને કેટલી બધી મુશીબત ખમવી પડેછે તે વિષે વિચાર કરો; તથા કોઇ પણ અસત્ય વાત કે જે બહારથી સાચી જણાયછે તે પ્રમાણે અવિચારથી વર્તતાં માથા ઉપર દુઃખનાં ઝાડજ ઊગવાં બાકી રહેછે અને તેથી આપણે ભયના ભોગ કેવી રીતે થઇ પડીએ છઇએ તે વિષે વિચાર કરો. અસત્યતાના બાહ્ય ઠાઠથી મોહ પામી આપણો આત્મા તેમાં પતંગિયાંની પેઠે ઝંપલાવી દે નહિ તેનો

અટકાવ કરવાને વહેમ, આગળથી મનમાં ઠશી ગયેલા કોઈ પણ સારા કે નરસા વિચાર અને એવાં બીજાં ભૂલથાપમાં નાંખી દે એવાં મૂળ એ વિષે રચાયલાં પુસ્તક આગ્રહથી વાંચો.

૩. આવી અગત્યની બાબતમાં જૂજ લક્ષ આપવાથી કંઈ વળવાનું નથી, માટે તમારી પોતાની અજ્ઞાનતાનું જ્ઞાન મેળવવાને તથા તમારૂં જ્ઞાન ઘણુંજ અપૂર્ણ અને ઉતરતી પ્રતિનું છે એવું તમારા મનમાં ઠસાવવાને તમારે કેટલીએક યોગ્ય રીતિસર વર્તવું જોઇએ; તેમાંની ઘણી ખરી નીચે પ્રમાણે છે, અને એ પ્રમાણે ચાલવાથી તમને શ્રમ કરવાનું સૂઝશેઃ—

(અ) વિદ્યારૂપી અગાધ મહાસાગર ઉપર વખતે વખતે નજર ફેરવતાં જવી. સઘળાં શાસ્ત્ર તથા તેમની અસંખ્ય શાખા અને અમુક જ્ઞાનના વિવિધ વિષય, એઓનાં નામ ધ્યાનમાં લેવાં. અને પછી વિચાર કરવો કે "ઓહો! આપણને એ-માંનાં કેટલાં થોડાંનુંજ અલ્પજ્ઞાન છે અને તે અલ્પજ્ઞાન પણ કેટલું બધું અપૂર્ણ છે!" પૂર્વ ભણીનો સઘળો પ્રદેશ જીતી લીધા પછી, હવે વધારે દેશ જીતવાના બાકી રહ્યા નથી એવો વિચાર આવ્યાથી, જેમ સિકંદર બાદશાહને શોક થયો હતો તેમ વિદ્યાનાં ક્ષેત્રમાં કોઈ અતિ મહાન્ વિદ્વાનને પણ થાય એમ નથી. વિદ્યારૂપી વિદેશ તો વિસ્તીર્ણ અને અનંત છે.

(બ) તમે જે શાસ્ત્રમાં ઘણોજ વધારે અભ્યાસ કર્યો હોય તેજ શાસ્ત્રમાં કેવા શક અને કેટલા બધા મુશ્કેલ વિચાર આવી પડેલા હોયછે તે વિષે વિચાર કરો; તમને તરતજ માલૂમ પડશે કે તે વિષેનો છેલ્લો નિવેડો લાવી શકાયો નથી. વાસ્તવિક રીતે જોતાં એ વાત ગણિતશાસ્ત્રને લાગુ પડતી નથી, કેમજે તેમાં કંઇ શક જેવું ભાગ્યેજ હોયછે; તથાપિ એમાં પણ મનુષ્ય જાતે ઘણાં ગોથાં ખાધાંછે.

(ક) અવકાશ અને પરમાણુ એના ગુંચવણ ભરેલા વિષય ઉપર કોઈ કોઈ વાર લક્ષ આપો, તેમજ ભૂમિતિના અમાપ્ય, અનહદ અને અભાજ્ય કે જેમાં અનિર્ણાયક શક

ઉત્પન્ન થાયછે તે ઉપર પણ લક્ષ આપો. તમારી સમજ કેવી અલ્પ છે અને તમારૂં જ્ઞાન કેવું અપૂર્ણ છે એ તમારા મનમાં પક્કું ઠસાવવાને માટેજ એ રીતે વિચાર કરજો. એથી તમને સ્પષ્ટ જણાઈ આવશે કે તમને સઘળું આવડેછે એવી તમારી કલ્પના કેવળ પાયા વિનાની છે; અને જ્યારે પૃથ્વીના એક રજકણનો કે એક આંગળપૂર જગ્યાનો પણ પાર પામવાને તમારામાં પૂરતી શકિત નથી ત્યારે તમારૂં જ્ઞાન ઘણુંજ થોડું છે બલકે કંઈજ હિસાબનું નથી એમ નક્કી કરવામાં તમને કંઈ સંશય નડશે નહિ.

(૩) પ્રાચીન અને અર્વાચીન કાળના વિદ્યાના કોષનો ઈતિહાસ વાંચો તથા વિદ્યામાં માન્યામાં ન આવે એવો કેટલો બધો વધારો અને સુધારો થયોછે અને થતો જાયછે તે જોઈને આશ્ચર્ય પામો. કેટલાક વિદ્વાન પુરૂષ સાથે ઓળખાણ કરો કે તેઓની જોડે સંભાષણ કરવાનો લાભ મળેથી અને તેમની સાથે તમારી તુલના કરવાથી તમારાજ મનમાં તમારા જ્ઞાનનો હલકો વિચાર આવે; અને તેથી તેઓના કરતાં વધારે તો નહિ પણ તેઓના જેટલું જ્ઞાન સંપાદન કરવાનીએ તમારા મનમાં હોંસ ઉત્પન્ન થાય.

(૪) તીવ્ર બુદ્ધિ, હાજર જવાબી અને સારી સ્મરણશક્તિ એ એોથી મગરૂબ બની ભોળવાશો ના; કેમજે શ્રમ અને અભ્યાસ વિના એ સઘળાં કંઈજ ઉપયોગનાં નથી અને કોઈ પણ માણસ જ્ઞાની તથા ડાહ્યો બનવાનો નહિ. બલિષ્ટ અને સ્વચ્છંદી કલ્પના શક્તિવાળાં માણસ શ્રમ અને અભ્યાસ એને ધિઃકારેછે, પણ એમ કરવામાં તેમની મ્હોટી ભૂલ છે. તેઓ કોઈ સભામાં વખણાયા હોયછે કે કોઈ સાધારણ વિષય ઉપર ભભકાદાર ભાષણ કરવાને સમર્થ હોયછે કે જરા તીવ્ર બુદ્ધિના હોયછે તેથી તેઓના મગજમાં એવી ધૂન ભરાઈ ગયેલી હોયછે કે તેઓ વિદ્વાન થઈજ ચૂકયાછે. તેમને વાંચવાનો શ્રમ લેવો અને અભ્યાસ કરવો ગમતો નથી તથા

તેઓ મરતાં સુધી મૂર્ખના મૂર્ખજ રહેછે. જ્યારે તેમનામાંથી જુવાનીનો જુસ્સો અને ચપળતા જતાં રહેછે ત્યારે તેઓ જડ જેવા બની જઈ ધિઃકારને અને હાંસીને પાત્ર થાયછે.

(ઈ) જેમ ઊંચા પ્રકારની બુદ્ધિ છતાં તમે વિદ્વાન છો એમ તમારે માનવું ન જોઈએ તેમજ મહેનત લઈ ઘણું વાંચવાથી અને સારી સ્મરણશક્તિ હોવાથી પણ તમે વાસ્તવિક રીતે ડાહ્યામાં ગણાશો એમ ધારશો નહિ. અભ્યાસ અને મનન અને તમારા વાંચવામાં જે કાંઇ આવે તેની તુલના કરવાની શક્તિ, એઓથીજ જો તમારામાં સારી બુદ્ધિ હશે તો તે ખીલી નીકળશે તથા ઉપયોગી થશે, તેમ તમારી જ્ઞાનશક્તિમાં પણ ખરેખરો સુધારો થશે. જો કોઇ છોકરાની સ્મરણશક્તિ ઘણીજ સારી હશે તો તે ભૂમિતિના સિદ્ધાંત મ્હોએ કડકડાટ બોલી જશે, પણ તેથી તે કાંઇ ભૂમિતિવેત્તા કહેવાવાનો નહિ; કેમજે તે એક પણ સિદ્ધાંત બરાબર રીતે સિદ્ધ કરી આપવાને સમર્થ થશે નહિ.

બેશક સારાં સારાં પુસ્તકનો ભંડોળ રાખી તે વાંચવાં અને તેમાંની મતલબ યાદ રાખવી એ મનનો સુધારો કરવાનાં સાધનમાંનું એક મુખ્ય સાધન છે. પણ જો તેમાંનું કંઈ કંઈ યાદ રહે એટલાજ હેતુથી તમે કોઈ પુસ્તક વિચાર વિના વાંચશો તો તેથી તમે વિદ્વાનમાં ગણાશો નહિ; ફક્ત જે જે વિષય સંબંધી પુસ્તક તમારા વાંચવામાં આવશે તેના ઇતિહાસથીજ તમે વાકેફ થશો.

આ ઠેકાણે એટલું ધ્યાનમાં લેવું જોઈએ કે ઉપર આપેલી શીખામણ મુખ્યત્વે કરીને જે લોકોને પોતાની શક્તિનું ઘણું મિથ્યાભિમાન છે અને પોતાની બુદ્ધિ વિષે ઘણો ઊંચો મત છે તેઓને લાગુ પડેછે, પણ જે તરૂણો નમ્ર, વિનયવાન અને સારી સમજણના છે તેમણે આ વિચારથી નાહિમ્મત થઈ જવું નહિ. એ સલાહ આપવાનો ઉદ્દેશ માત્ર તેઓને જરા ઇસારો આપવાનો અને અભિમાનની સામા રક્ષણને અર્થે ઢાલ પૂરી પાડવાનો છે.

(ઉ) મંદબુદ્ધિથી દબાઈ જઈને એવી કલ્પના કદાપિ કરશો નહિ કે વિદ્યાના આનંદમાં જિંદગાની ગુજારવાની રીત આળસ અને આરામની છે; જો અતિ આગ્રહથી અભ્યાસ કરવાનો તમારો દૃઢનિશ્ચય ન હોય અને તમે અભ્યાસ એજ મોટામાં મોટો આનંદ માનો એવી રીતે તમારા મનનું વળણ વાળી શકશો એમ ખાત્રી ન હોય તો વિદ્યાના છંદમાં પડવાની હિમ્મત કદી ધરશો નહિ. ખરેખરા વિદ્યાર્થી થઈ, વિદ્યામાં ને વિદ્યામાં મચી રહી તેનાજ રંગમાં મસ્ત રહેવું એ કાંઈ નાદાનીનો ખેલ નથી. કોઈ શોખીલો અને મોજીલો માણસ કે જેનું દિલ રમત ગમતમાં તથા તમાશામાં લાગ્યું હોય તેણે "હું વિદ્વાન થઈશ" એમ સ્વપ્નાવસ્થામાં પણ ઉચરવું નહિ, કેમકે રમત ગમતમાં એ ગુંથાય અને વિદ્યામાંએ મન ઘાલી શકે એવા વિરલા થોડાકજ હોયછે.

(ઊ) તમારા પ્રતિદિનના ઉદ્યોગમાં નવા શોધ કરવાની હોંસ અને નવી સત્ય વાત જાણવાથી થતો સંતોષ અને આનંદ એઓથીજ ઉશ્કેરાઓ. વિદ્યા સંપૂર્ણતાને પહોંચીછે એમ કદી માની લેશો નહિ. સર્વશક્તિમાનની કૃપાથી હાલના જમાનામાં આ લોક અને પરલોકના સંબંધમાં મનુષ્ય જાતના ઉદ્યોગ અને આગ્રહથી એકેકા એવા એવા શોધ થયાછે કે આગળના જમાનામાં જો કોઈએ તે વિષેની સૂચના કરી હોત તો તે તદન દીવાનામાંજ ગણાઈ ગયો હોત. શું પ્રત્યેક શાસ્ત્રમાં, જેમ જ્યોતિષમાં ભાસ્કરાચાર્ય થઈ ગયો તેમ તેવા બીજા, વિદ્વાન શોધક ન હોઈ શકે કે? તે માટે અત્યારસુધીમાં જે વાત કોઈને માલૂમ પડી નથી તે અમને કેમ જડશે એમ ધારી નાઉમેદ થઈ જવું નહિ. મનમાં એમજ ખુમારી રાખવી કે હું પણ માણસ છું, તે પણ માણસજ હતો અને તેના જેટલો આગ્રહ રાખીશ તો હું પણ તેના જેવોજ, બલકે તેના કરતાં એક ચંદાવો સરસ, નીવડીશ.

(એ) કોઈ પણ વિષયમાં ઉપર ઉપરથી મન ઘાલવું

નહિ અથવા તે જોતાંવારનેજ તેને વિષે વિચાર બાંધવો નહિ, પણ તેમાં ઊંડા પેસવું અને જે વાત તમારા જ્ઞાનમાં વધારો કર્તા હોય તેને તો ખ્યાલમાં ખૂબજ રમાડી રાખવી. જરાજરા વાત ઉપર ઉપરથી સમજીને કોઈ વસ્તુ વિષે ન્યાય કરવો નહિ, કેમજે એમ કરવાથી તમારૂં મન ભૂલમાંને ભૂલમાં ભટક્યાં કરશે અને ખોટા વિચારનોજ ખજાનો થઈ પડશે તથા તેથી વિચાર કરવાની ખરી શક્તિ નિર્માલ્ય થઈ જશે.

હા, જે વિષયનો કે શાસ્ત્રનો અભ્યાસ કરવો તમને ગમતો ન હોય કે તેની તમારે જરૂર ન હોય કે તેમ કરવાને તમને અવકાશ મળતો ન હોય તો તેમાં હઠીલાઈ પકડીને તમારા મનના વળણ ઉપરાંત આગ્રહ રાખી મચ્યા રહેશો નહિ; તથાપિ તેના ઉપર ચોટકા જ્ઞાનથીજ સંતોષ માની, તેમાં તમારી ગાંઠની સૂચનાઓ આપવાને પણ તમે સમર્થ છો એવું ડોળ કદી ઘાલશો નહિ.

(ઐ) હમેશ, અને તેમાં મુખ્યત્વે કરીને તમારી જિંદગાનીના તરૂણાવસ્થાના અને અભ્યાસના સમયમાં, દિવસમાં એકવાર તમારે તમારા મન સાથે વિચાર કરી જવો કે આજ હું કેટલી નવી વાત કે સિદ્ધાંત શીખ્યોછું-મેં મારા જ્ઞાનમાં શો વધારો કર્યોછે? અને બનતાં સૂધી એકે દિવસ બુદ્ધિમાં કંઈ પણ વાસ્તવિક ઉમેરો કરયા વિનાનો જવા દેવો નહિ. આ પ્રમાણે વર્તવાથી નિઃશંક તમે ઉપયોગી જ્ઞાનમાં વધારો કર્યા વગર રહેશો નહિ.

(ઓ) તમારે નિરંતર એવી કાળજી રાખવી જે તમારા મનમાં એકે વાત એવી રીતે ઠરી જવી ન જોઈએ કે તે ફેરવી ફેરવાય નહિ અને તેને માટે કંઈ પક્કો પાયો ન હોય તોપણ તમારા અંતઃકરણમાં સજડ ચોંટી જાય; તેમ જે વાત વિષે તમારા ધ્યાનમાં એમ આવે કે તે ખરીજ છે તેમાં પણ એકદમ ઉદ્ધતાઇથી ખાત્રીપૂર્વક સમ્મતિ આપવી નહિઃ કેમજે—

(૧) એવા હઠીલા સ્વભાવથી, તે વિષયમાં જે જે ખરી દલીલ ઊઠાવવામાં આવશે તે ઉપર પણ તમે ધ્યાન દેશો નહિ અને તેથી તમારા જ્ઞાનમાં સુધારો કરવાની અંદર તે એક મોટી આડખીલ થઈ પડશે;

(૨) એવા હઠીલા સ્વભાવથી આપણે સ્વાભાવિક રીતે ગર્વિષ્ટ થઈ જઈએ છીએ અને વાતચીતમાં પણ સામા માણસને માઠું લાગે એ રીતે વર્તીએ છીએ;

(૩) એવા હઠીલા સ્વભાવથી આપણે આપણા સંબંધનાં માણસને ધિઃકારીએ છીએ: આપણને એમ લાગેછે કે માત્ર આપણોજ મત દીવાની જ્યોત જેવો છે અને સામાં માણસને તેમ કેમ લાગતું નથી એમ જાણી આપણે તેના ઉપર તાતા થઈ જઈએ છીએ; આપણે જે કહીએ તેજ ખરૂં છે એમ સામા માણસના મગજમાં ઉતરે નહિ તો આપણે તેમને કમઅકલના લેખીએ છીએ; અને

(૪) એવા હઠીલા સ્વભાવથી વાદવિવાદમાં એક બીજાને તોડી પાડવામાં આપણે આનંદ માની સામા માણસની દલીલ ખરી હોયછે તોપણ તે સ્વીકારી શકતા નથી.

(ઔ) એટલું તો ખરૂં કે સાવચેતી અને સંભાળ રાખવાથી તમે કેટલીક ભૂલથાપમાં પડતા અટકશો; તોપણ તમારી ભૂલ કબૂલ કરવાને તમે તત્પર થાઓ એવી નમ્રતા અને હિમ્મત તમારામાં હોવી જોઈએ. બેશક, પોતાના મતમાંથી ‘સોડાવાટર’ની બેસણી વિનાની બાટલીની પેઠે વારેવારે ફરી જવું એ હલકાઈનું લક્ષણ છે, તથાપિ એકવાર જે મત આપ્યો તે પછી ફેરવાયજ કેમ એવી મિથ્યા મગરૂબીમાં તમારે રહેવું નહિ, અથવા આતો “ગાંડ વગરનો ગોળવો છે” એવું નામ પડશે એમ ધારી બહી જવું નહિ. હું કબૂલ કરૂંછું કે કોઈ પણ બાબતની ખોટી તુલના કરવી તેના કરતાં તેને વિષે બિલકુલ વિચાર કરવો નહિ એ વધારે સારૂં, કે ખરેખરી સાબીતી મળ્યા વિના કોઈ પણ વિષય ઉપર સમ્મતિ આપવી

તેના કરતાં મૂંગાં રહેવું એ વધારે સારૂં; પણ જો આપણે એકદમ સમ્મતિ આપી દીધી હોય (અતિ શાણા પુરૂષ પણ એવી ભૂલ ઘણીવાર કરેછે, બલકે તેમનાથી એવી ભૂલ થઈ જાયછે) તો તેમ કરવામાં આપણી ચૂક થઇછે એમ આપણને પાછળથી માલૂમ પડે તોપણ તે વાત કબૂલ કરતાં આપણે શરમાઇએ એ ઘણુંજ નઠારૂં.

(ખ) જે માણસને સાધારણ માણસ કરતાં અધિક સારાસાર સમજવાની શક્તિ સંપાદન કરવાની ઇચ્છા હોય અને જેમને મનુષ્ય અને વસ્તુ એઓ વિષે ખરો મત આપતાં શીખવાની મરજી હોય તેમણે તો પોતાના મનના તરંગ અંકુશમાં રાખી જાણવા જોઇએ.

(ગ) તરંગી અને ઘડીઘડીમાં મિજાજ બદલનારા માણસ સહજ સહજ વાતથી ખુશ કે નાખુશ થઈ જાયછે; તે જરા પણ અગત્યનો ન હોય એવા વિષયમાં પોતાનું ધ્યાન ચોંટાડેછે; તેનું મન જરા જરા નજીવી બાબતથી ફરી જાયછે, અને તેના મનોવિકાર હલકી વસ્તુથી ઉસ્કેરાયછે; સંક્ષેપમાં એવો સ્વભાવ થઈ જવાથી તેને પ્રત્યેક વસ્તુ વિષે ખોટો મત આપવાની ટેવ પડી જાયછે અને તેનું દરેક ડગલું શાણપણના માર્ગથી આડું પડેછે. એટલાજ માટે અગત્યની અને વજનદાર બાબતમાં મજાકનો પાશ પેસવા ન દેવાને અથવા દબદબાવાળી પવિત્ર વસ્તુની રમત ન કરવાને સાવચેત રહેવું.

(જ) નિરંતર સદ્ગુણના અને ભક્તિભાવના વિચારજ મનમાં આણવા, કેમકે દુર્ગુણની ઇચ્છા થવાથી બુદ્ધિ ઘટેછે અને ન્યાયશકિતમાં માઠો ફેરફાર થઈ જાયછે. વિષયવાસનામાં અને મદિરાપાનમાં મચ્યા રહેવાથી માણસનું તન તથા મન અને તેની સારાસાર સમજવાની શક્તિ એઓને ભારે ખલેલ પહોંચેછે. દુષ્ટ બુદ્ધિથી મનની ઊચી પંક્તિની શક્તિઓ નાશ પામેછે; ક્ષુધાને આધીન થવાથી તથા મિષ્ટાન્ન મારવાથી

વિવેકબુદ્ધિ ઘટી જાયછે, ન્યાયશક્તિ નિર્બળ થઈ જાયછે અને મન વહેમી બની જાયછે. તે મનુષ્યજાતના ઊંચા આનંદ મૂકાવી દઈતેને પશુના આનંદમાં પ્રવૃત્ત થવાને ઉશ્કેરે છે. શાણપણનો રસ્તો સદ્ગુણી માણસનેજ સૂઝેછે.

(૯) તમારે એવો વિચાર તો કાઢીજ નાંખવો કે ફલાણું તો મેં ઈશ્વરની સહાયતા અને કૃપા વિના માત્ર મારી બુદ્ધિના બળથીજ કીધું. જે માણસ કેવળ પોતાની અકલ ઉપરજ વિશ્વાસ રાખેછે તેઓ મૂર્ખ કહેવાયછે અને કહેવાયછે. એટલા માટે તમારે પ્રતિદિન ઈશ્વરની એવી પ્રાર્થના કરવી કે "હે! પૂર્ણ પુરૂષોત્તમ! તું અમને અમારા અભ્યાસમાં, વાંચવામાં અને વાતચીતમાં એવા વિચાર બતાવજે અને એવી બુદ્ધિ આપજે કે તેથી અમને અમારા જ્ઞાનમાં સુધારો કરવાનાં સુગમ સાધન સહજ સંપાદન થાય."

प्रकरण 2 जुं.

જ્ઞાનમાં વધારો તથા મનનો સુધારો કરવાનાં મુખ્ય પાંચ સાધન છે. એક તો દર્શન તથા અવલોકન, બીજું વાંચન, ત્રીજું વિદ્વજ્જનનાં ભાષણ સાંભળવાથી મળતી માહિતી, ચોથું સંભાષણ અને પાંચમું મનન અથવા અભ્યાસ.

હવે એ પાંચે સાધનનું આપણે પૃથક્ પૃથક્ વિવેચન કરીએ:—

૧. દર્શનાવલોકન એટલે મનુષ્ય-જિંદગીમાં જે જે બનાવ-પછી તે જડ કે ચૈતન્ય વસ્તુ ઉપર, આપણા કે બીજા ઉપર-બન્યા હોય અથવા બનતા હોય તેને બારીકીથી જોઈ તપાસવા તે. આપણે આપણી બાલ્યાવસ્થામાંથી નાના પ્રકારના વિચાર અને સિદ્ધાંત, શબ્દ અને વાક્ય, એઓમાંથી વાકેફ થતા આવીએ છીએ; અનુભવને લીધેજ આપણે જાણીએ છીએ કે અગ્નિથી દઝાયછે, સૂર્ય પ્રકાશ આપેછે, ઘોડો ઘાસ ખાયછે, કેરી આંબાનાં વૃક્ષ ઉપર થાયછે, મનુષ્ય જાતમાં વિવેકબુદ્ધિ અને વાચાશક્તિ છે, આપણી સમજ ટૂંકી છે, આપણે માથે દુઃખ

ઘણાં છે, આપણાં શેદરણાં ભારે છે અને એક યુગ વીત્યા પછી બીજો યુગ આવેછે. સંક્ષેપમાં, જે જે વસ્તુ આપણે આપણી વિચારશક્તિ વાપર્યા વિના જોઇએ છઇએ અથવા સ્પર્શથી જાણીએ છઇએ, તથા જે જે વસ્તુ આપણને મનથી માલૂમ પડેછે તે તે વસ્તુનો દર્શન તથા અવલોકનમાં સમાવેશ થઇ શકે.

જ્યારે એ દર્શનાવલોકનનો સંબંધ આપણા પોતાનાજ પિંડ જોડે વિશેષે કરીને હોયછે ત્યારે તે અનુભવ કહેવાયછે. એ રીતિ, મારામાં વિચારશક્તિ છે, પ્રેમાળપણું છે, બ્હીકણપણું છે, હું મનોવિકારને આધીન છું અને મારૂં જ્ઞાન અલ્પ છે એમ હું અનુભવથી જાણુંછું.

એ પ્રમાણે દર્શન અને અવલોકન એ બે શબ્દમાં લાગણી અને વિચાર એ બન્નેનો અર્થ રહેલોછે.

૨. વાંચન એ જ્ઞાન સંપાદન કરવાનું એવું સાધન છે કે તેથી બીજા લોકોએ જે લખાણ પ્રગટ કર્યું હોય તે આપણા જાણ્યામાં આવેછે. વાંચવાથી બેહદ ફાયદા થાયછે, કેમકે એથી આપણે સઘળા વિદ્વાન પુરૂષના વિચાર, અનુભવ, તેમની સારાસારની સમજ અને દલીલ, એઓમાં એકી વખતે ભાગ લઇ શકીએ છઇએ.

૩. જાહેરાંત અથવા ખાનગી ભાષણ એ જ્ઞાન આપવાની એવી તરેહની રીત છે કે જેમાં શિક્ષક બોલેછે તે શિષ્યો શાન્તપણે સાંભળેછે.

૪. સંભાષણથી પણ જ્ઞાન મળી શકેછે; પરસ્પર વાતચીત કરવાથી આપણે બીજા જનના વિચારથી જાણીતા થઇએ છઇએ, અને બીજાં માણસને આપણા વિચારથી વાકેફ કરીએ છઇએ. ખરેખર, કેટલીકવાર ગુરૂ અને શિષ્ય વચ્ચે જે વાતચીત થાયછે તેમાંથી એકજ જણને લાભ મળેછે, પણ ઘણુંખરૂં બન્ને જણને લાભ થાયછે. સંભાષણમાં જુદી જુદી જાતના વાદવિવાદનો પણ સમાવેશ થઇ શકે.

૫. મનન અથવા અભ્યાસમાં, મનની સઘળી કસોટી કે

જેથી આપણે સાચા જ્ઞાનમાં અને ડહાપણમાં વધારો કરવામાં ઉપર કહેલાં ચારે સાધન ઉપયોગી કરી શકીએ છઇએ તેનો સમાવેશ થાયછે. મનનથીજ આપણે આપણી જિંદગાનીમાં જે જે બનાવ બનેછે, આપણને જે જે અનુભવ મળેછે તથા આપણે જે જે વાત જોઇએ છઇએ, તે તે આપણી સ્મરણ શક્તિમાં ઠસાવી રાખી શકીએ છઇએ; મનનથીજ આપણે હરકોઈ વાતનો નિર્ણય કરી આપણા મનમાં જ્ઞાનના તત્વનો જોડાળ કરી રાખી શકીએ છઇએ; મનનથીજ આપણે, આપણી ઇંદ્રિયોવડે જે જે વિવિધ વિચાર આપણા મનમાં અથવા આપણા આત્માની ક્રિયાથી ઉત્પન્ન થાયછે, તેની તુલના કરી તેમને સાધારણ સિદ્ધાંતમાં જોડી દઇએ છઇએ; મનનથીજ આપણે જે જે શીખીએ છઇએ તે તે યાદ રાખી શકીએ છઇએ, તથા બીજા લોકો જે બોલેછે અથવા લખેછે તે ખરૂં છે કે ખોટું છે, પાયાસર છે કે લૂલું છે, તે વિષે ન્યાય કરી શકીએ છઇએ; અને મનનથીજ આપણે આપણી દલીલોની લાંબી સંકળના કરી જે ઊંડી તથા અઘરી સાચી વાત ગુપ્ત રહી હોયછે તે ઊંડા પેશી શોધી કાઢી શકીએ છીએ.

૧. મનનો સુધારો કરવાનાં સાધનમાંનું એક દર્શનાવલોકન છે અને તેથી નીચે પ્રમાણેના ફાયદા થાયછે:—

દર્શન અને અવલોકન વડે આપણા મનમાં પ્રથમ સાદા અને પછી મિશ્ર વિચાર આવેછે. એથીજ આપણામાં જે જ્ઞાન હોયછે તેનો પાયો નંખાઈ આરમ્ભ થાયછે, તથા મનનો સુધારો કરવાની ઉપર કહેલી રીત પ્રમાણે ચાલવાને આપણે શક્તિમાન થઇએ છઇએ; કેમ જે બહારના પદાર્થનાં દર્શનવડે થતી લાગણીથી, આપણી પોતાનીજ ઇચ્છાથી, અને આપણા પોતાનાજ મનોવિકારથી અથવા આપણા આત્માને થતા અંદરના અનુભવથી જો આપણને કેટલાક સ્પષ્ટ અને સમજણના ભરેલા વિચારનું ભાન ન થયું હોય તો આપણે માણસથી તેમજ પુસ્તકથી કંઈ પણ જ્ઞાન પ્રાપ્ત કરી શકવાના નહિ

દર્શનથી આપણને જેટલું જ્ઞાન મળેલું હોયછે (પછી તે તૂટક વિચારયુક્ત હોય કે સિદ્ધાંતની સાથે હોય) તેટલું પ્રથમજ પ્રાપ્ત થયેલું હોયછે. એથી કરીને આપણે વસ્તુઓને જેવી તેઓ હોયછે અથવા જેવી તેઓ આપણને લાગેછે તેવી લેખી તેઓનું જ્ઞાન મેળવીએ છઇએ: મૂળ પદાર્થથીજ આપણા મનમાં તેમની છાપ બેશી જાયછે અને તેથી કરીને આપણે વસ્તુઓનો વધારે સ્પષ્ટ અને ચોકસ વિચાર બાંધી શકીએ છઇએ: એ વિચાર ઘણા તેજદાર હોયછે અને કેટલીક વાર તો આપણા મનને ઘણા સ્પષ્ટ સિદ્ધાંત સૂચવેછે; પરંતુ જે જ્ઞાન આપણે ભાષણથી, વાંચનથી અને સંભાષણથી સંપાદન કરીએ છઇએ તે તો માત્ર બીજા માણસના વિચારની નકલ હોયછે— અર્થાત છબી ઉપરથી લીધેલી છબી જેવું એટલે અસલ કરતાં એક પાયરી ઉતરતું હોયછે.

દર્શન અને અવલોકનથી બીજો લાભ એ થાયછે કે આપણે આપણી જિંદગાનીની પ્રત્યેક પળમાં જ્ઞાન મેળવતા જઇએ છઇએ, અને એથી કરીને આપણા મન રૂપી કોષમાં, માત્ર સૂતા હોઇએ છઇએ તે સમય સિવાય, સઘળે વખતે, આપણે કંઇ કંઇ ઉમેરો કરતા જઇએ છઇએ: સૂતા હોઇએ છઇએ ત્યારે પણ આપણને જે સ્વપ્નાં આવેછે તે જો જાગૃત થયા પછી સાંભળેછે તો તેમાંથીએ કેટલીક વાર આપણને કેટલીક સત્ય વાતનું જ્ઞાન થાયછે.

૨. મન સુધારવાનું બીજું સાધન વાંચન છે અને તેથી નીચે જણાવેલા લાભ થાયછે:—

વાંચનથી આપણે દૂર દેશની પ્રજાની અને થઇ ગયેલા યુગની હકીકતથી—તેનાં અને તેમાં થયેલાં કામકાજ અને વિચારથી વાકેફ થઇએ છઇએ. પુસ્તક વાંચવાથી આપણે મનુષ્યજાતના સઘળા ભાગમાંથી કંઇ કંઇ શીખીએ છઇએ. પણ દર્શનથી તો માત્ર આપણા પોતાનાજ સંબંધમાં જે બનાવ બનેછે તે આપણા જાણવામાં આવેછે, તેમજ

સંભાષણથીએ આપણે આપણા આડોશી પડોશીના અને ઓળખીતાના વિચારજ જાણીએ છઇએ.

વાંચનથી માત્ર આપણે પ્રાચીન કાળની પ્રજાનાં કૃત્ય તથા વિચારથી માહિતગાર થઇએ છઇએ એટલુંજ નહિ, પણ પ્રાચીન તેમજ અર્વાચીન કાળના ઘણાજ શાણા, વિદ્વાન અને મહાન્ પુરૂષોનાં કૃત્ય અને ચરિત્રથી જાણીતા થઇએ છઇએ; બેશક, કેટલાંક પુસ્તક મંદબુદ્ધિનાં માણસના હાથથી લખાયલાં હોયછે તેમાંથી આપણને સારને બદલે અસાર પ્રાપ્ત થાયછે, તોપણ ઘણાંખરાં પુસ્તક કે જે જગતમાં પ્રગટ અને પ્રસિદ્ધ થયાંછે તે તો શાણા અને મહાન્ પુરૂષનીજ લેખણીથી અવતર્યાં હોયછે અને તેમાંથી જ્ઞાન મળ્યા વિના રહેતુંજ નથી. સંભાષણમાં જોઇએ તો માત્ર આપણને જે પુરૂષ સાથે ઓળખાણ હોય અથવા જે પુરૂષ આપણી નજીકમાં રહેતા હોય તેમના વિચારનોજ લાભ મળેછે.

જ્યારે આપણે સારાં પુસ્તક વાંચીએ છઇએ ત્યારે તેના શાણા અને વિદ્વાન કર્તાના ઘણાજ ડહાપણના ભરેલા, ઉત્કૃષ્ટ અને મહા મહેનતે એકઠા કરેલા વિચારનું જ્ઞાન આપણને થોડે શ્રમે પ્રાપ્ત થાયછે; કેમકે તેમાં ઘણો ભારે અભ્યાસ કરી તેના પરિણામ તથા તેમાંથી થયેલા વિચાર એ તેમણે લખી રાખ્યા હોયછે.

વળી વાંચનનો બીજો લાભ એ છે કે આપણે જે વાંચ્યું હોયછે તે ફરીથી તપાશી શકીએ છઇએ; આપણે તે પાનું ફરી ફરીને જોઇને તેના ઉપર અવકાશના અવસરમાં વારે વારે વિચાર કરી શકીએ છઇએ. પણ જેટલું આપણે સંભાષણથી કે ભાષણથી જાણીએ છઇએ તે તો મંડળ વેરાઇ ગયું કે તે દિવસ વીત્યો કે ઘણીખરી વાર ભૂલી જઇએ છઇએ. માત્ર જો સારી સ્મરણશક્તિ હોય તોજ અથવા ભાષણમાં આપણને જે જે જાણવા લાયક માલૂમ પડ્યું હોય તે તે તરત ટાંચી લીધું હોય તોજ તેમાંનું થોડું ઘણું યાદ રહેછે. એટલાંજ કારણને

લીધે ઘણા વિદ્વજ્જનોએ પોતાના અમુલ્ય અને ઉપયોગી વિચાર ખોયાછે અને તે તેમને ફરીને કોઈ વાર સાંભર્યા નથી.

૩. જાહેરાંત અથવા ખાનગી ભાષણથી નીચે પ્રમાણેના લાભ થાયછે:—

વાંચનની એકાન્ત અને શાન્ત રીત કરતાં કોઈ ડાહ્યા, વિદ્વાન્ અને લાયક પુરૂષનાં ભાષણથી વધારે અસર અને વધારે આનંદ થાયછે અને તેમાં વધારે પાણી રહેલું હોયછે. કેટલાક શિક્ષકના ધ્વનિનાજ મધુરપણાથી, સારા ઉચ્ચારથી અને તેમની સભ્ય રીતભાતથી સામા માણસનું ધ્યાન આકર્ષાઈ તે વિષય ઉપર ચોંટી જાયછે, અને એ રીતે સાંભળેલી વાત તેના અંતઃકરણમાં વાંચનનાં કરતાં વધારે સારી રીતે ઠશી જાયછે.

જ્યારે કોઈ શિક્ષક બીજા ગ્રંથકારનાં પુસ્તકમાંનાં લખાણનો અર્થ કરી બતાવેછે અથવા પદ્યની ગદ્યના રૂપમાં સમજણ આપેછે ત્યારે અમુક ભાગમાં જે ખાસ મુશ્કેલાઈ કે ગુહ્ય ખૂબી રહેલી હોયછે તે તે સ્પષ્ટ રીતે બતાવી શકેછે. તે કિયા ભાગ ઘણાજ અગત્યના છે ને કિયા ભાગ જરૂરીઆતના છે તે તમને બતાવેછે. તે પોતાના શિષ્યને કોઈ અમુક વિષય ઉપર કિયા ગ્રંથકર્તાનાં પુસ્તક, અને તેમાંના ક્યા ક્યા ભાગ, વાંચવાથી ઘણો ફાયદો મળેછે તે કહેછે, અને એ રીતે તેનો ઘણો સમય અને શ્રમ અફળ જતો અટકાવેછે. જે જે નવા વિચારની અને મતની લોકોમાં ચર્ચા ચાલતી હોયછે તે પ્રસિદ્ધ થતાં પહેલાં તેની ખબર તે તમને આપેછે, તેમજ જે લોકમાં કદી પ્રગટ કરવામાં આવ્યા ન હોય અને આવે પણ નહિ પરંતુ જે ઘણા કીમતી અને ઉપયોગી હોય એવા, પોતાની અજમાયશથી અને પોતાનાં અવલોકનથી કરેલા, વિચાર તે તમને કહેછે.

શિક્ષક આપણને જે વાત સમજાવેછે તેજ વાત કેટલાક વિષયમાં આપણી આંખ આગળ કરી બતાવેછે; અને તેથી તે વાત આપણા અંતઃકરણમાં વધારે મજબૂતીથી ચોંટી

જાયછે. જ્યારે તે આપણને રસાયનશાસ્ત્રનો કે તત્વજ્ઞાનનો કોઈ વિષય સમજાવતો હોયછે ત્યારે ખરેખરો પ્રયોગ કે આકાર કરી બતાવેછે તેથી વાંચનના કરતાં તે આપણને વધારે સારી રીતે આવેછે અને યાદ રહેછે. એજ રીતે નીતિશાસ્ત્ર, કરારશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર વગેરે માનસિક શાસ્ત્રમાં પણ શિક્ષકથી આપણને ઘણો લાભ થાયછે, શાથી જે શાસ્ત્રની અંદરના મત સાધારણ બાબતને લાગુ પાડી તે આપણને સમજાવી શકેછે, અને પુસ્તકમાં તો તેવી બાબત ભાગ્યેજ લખેલી હોયછે.

જ્યારે તમને તમારા શિક્ષકના ભાષણમાં કોઈ ઠેકાણે સમજણ પડતી નથી, અથવા તેની ભાષા સરળ અને સમજણ પડે એવી હોતી નથી, તથા તેથી તમે તેનો વિચાર સ્પષ્ટપણે અથવા પૂર્ણપણે સમજી શકતા નથી ત્યારે ભાષણ પૂરૂં થયા પછી પણ જે વાક્યમાં તમને સમજણ પડી ન હોય તે વાક્યનો અર્થ કેવો થાયછે તે તમે એને પૂછી શકોછો અને એમ કરવાથી એ તમારી શંકાનું નિવારણ સત્વર કરી શકેછે.

જો ભાષણ થતું હોય તે સમયમાં બલકે તે પૂરૂં થયા પછી શિક્ષકે પોતાની સાથે સ્વતંત્રપણે સંભાષણ કરવાની રજા આપેલી હોય ને તેમ થાય તો તે તેની સાથે વાતચીત કરયા બરાબર થાયછે, અને તેથી ઘણા ખુલાસા સહેલથી થઈ શકેછે.

૪. મનનો સુધારો કરવાની એક બીજી રીતિ સંભાષણ છે. અને તેથી નીચે બતાવ્યા પ્રમાણેના લાભ નીપજેછે:—

જ્યારે આપણે કોઈ વિદ્વાન્ મિત્ર સાથે સરળતાથી વાતચીત કરીએ છઈએ ત્યારે તેના કહેવામાં જે ન સમજાય એવું હોયછે તે સ્પષ્ટ રીતે સમજવામાં માત્ર તેને પૂછવાનુંજ રહેછે અને તેનું બોલવું આપણે ભૂલવણીમાં પડયા વિના સારી રીતે સમજી શકીએ છઈએ; પરંતુ પુસ્તકમાં તો જે કંઈ સમજણ ન પડે એવું હોયછે તેથી આપણે અજ્ઞાનજ રહીએ છઈએ,

કેમજે તેનો ખુલાસો કરવાને તે ગ્રંથકાર જોડે સંભાષણ કરવાનો પ્રસંગ આપણને તુરતા તુરત મળતો નથી.

જો વાતચીત કરતાં આપણે આપણા મિત્રનો ભાવાર્થ બરાબર સમજી શકતા નથી તો તે આપણને વધારે સ્પષ્ટ રીતે સમજાવેછે, પરંતુ વાંચનમાં તો આપણે ઘણીવાર તેની તેજ ભૂલ કર્યા કરીએ છઈએ અને તે સુધારી શકતા નથી.

જ્યારે આપણે કોઈ પણ વિષય ઉપર આપણા મિત્ર સાથે વાત કરીએ છઈએ ત્યારે આપણને તેમાં જે જે શક ઉત્પન્ન થાયછે અથવા તેના બોલવામાં આપણે જે જે દલીલ ઉઠાવીએ છઈએ તેનો તે તરતજ ખુલાસો આપેછે અથવા પ્રત્યુત્તર દેછે. આપણા મનમાં ઘણી ગુંચવણ થઈ હોય તોપણ કોઈ કોઈ વાર આપણી જોડે વાત કરનાર તે જલદીથી એક શબ્દમાં ફેડી દેછે; પરંતુ વાંચનમાં તો આપણા મનમાં કંઈ શક પેદા થયો અથવા કંઈ મુશ્કેલી આવી પડી તો તેનો આપણી મેળેજ આપણે જે ખુલાસો ધારીએ તેમાં સંતોષ માનવો પડેછે, કેમકે પુસ્તકને કંઈ વાચા હોતી નથી.

સંભાષણથી, આપણા મનમાં જે શક ઉત્પન્ન થાયછે તેનું માત્ર નિવારણ થાયછે એટલુંજ નહિ, પણ તેની સાથે પુસ્તકમાં આપણે જે મુશ્કેલ વાત વાંચી હોય અથવા આપણને આપણા ખાનગી અભ્યાસમાં જે જે બાબતમાં અડચણ નડી હોય તેનો પણ ખુલાસો થાયછે. આપણે એકલા બેઠા બેઠા કોઈ ગુંચવણી ભરેલા વિષય ઉપર મહીનાને મહીના લગણ વિચાર કર્યાં કરીએ તોએ તેનો પત્તો જડતો નથી; કેમકે આપણે કદાચ પહેલુંજ પગલું ખોટે રસ્તે મૂક્યું હોયછે અને આપણે તેને તે રસ્તે ચાલ્યા જઈએ છઈએ તેથી આપણો શ્રમ વ્યર્થ જાયછે એટલુંજ નહિ, પણ તે આપણને એમના એમ વધારે દુર્ગમ માર્ગ ભણી ખેંચી જાયછે. પરંતુ એવી મુશ્કેલ વાત જો આપણે વાંચતી વખત નોંધી રાખી આપણા મિત્ર સાથે પ્રસંગોપાત વાત કરીએ તેમાં કહી જઈએ.

તો તેનો ખુલાસો વેળાએ આપણને તત્ક્ષણ મળેછે, અને અજ્ઞાન રૂપી અંધારી આંખ આગળથી ખસી જાયછે; આપણા મિત્રે તેનો જુદોજ અર્થ લીધેલો હોયછે, અને તેજ અર્થ ખરો હોવાથી તે આપણા વિચારનું વળણ કંઈ જુદેજ માર્ગે વાળેછે, અને તે માર્ગ ઘણો સુગમ જોઈ આપણે સાનંદાશ્ચર્ય પામીએ છઈએ.

સંભાષણથી આત્માની અતિ ગૂઢ શકિત પ્રકાશમાં આવેછે; તે પ્રસંગોપાત સૂચનાથી જૂના ઉપયોગી વિચાર સંભારી આપેછે; આપણે વાંચનથી, અવલોકનથી કે અભ્યાસથી જે જ્ઞાન રૂપી કોશ મનની અંદર ભરી રાખ્યો હોયછે તે ઉઘાડી સ્પષ્ટ રીતે બતાવેછે. પરસ્પર સંભાષણથી આત્મા ઉશ્કેરાઈને પોતાના ખજાનાનો ભંડોળ બહાર કાઢેછે અને તે મનુષ્યજાતને શી રીતે ઉપયોગી થઈ પડે તેનો માર્ગ દાખવેછે. કોઈ માણસ ઘણો જ્ઞાની હોય પણ જો તે વાચાળ ન હોય તો એકલશૂરા જેવો થઈ પડેછે, કેમ જે તે પોતાની ભૂખ હોલવી તેમાંજ સંતોષ માનેછે.

સરળ અને સ્નેહાળ સંભાષણમાં આપણા મનની શકિતઓ વધારે ઉશ્કેરાયછે અને આપણો આત્મા વધારે ઉમંગ અને બળની સાથે અજાણી સત્યવાતની ખોળમાં આગ્રહથી મચેછે. સંભાષણની સાથે એક જાતની તીક્ષ્ણતાનો અને ડહાપણનો સંબંધ રહેલોછે. એકાન્તવાસમાં આપણે ગમે એટલાં પાણીવાળાં પુસ્તક વાંચીએ તોએ તે ઉત્સાહયુક્ત થતો નથી. સંભાષણ કરતાં, ઘણીવાર, એવી નવી સત્ય વાત પ્રકાશી નીકળી ઝગારા કરી રહેછે કે તે શાન્ત અને એકાન્ત વાંચનથી કોટિ ઉપાયે પ્રાપ્ત થઈ શકતી નથી. જેમ ચકમકે ચકમક અથડાયાથી બન્નેમાંથી અગ્નિ પ્રદીપ્ત થાયછે તેમ સંભાષણથી પોતાનું તેમજ પારકાનું પણ હિત થાયછે.

૫. વળી સંભાષણમાં બીજો ફાયદો એ રહેલોછે કે જેમ વાંચન પુસ્તકિયું જ્ઞાન આપેછે તેમ તે મનુષ્યનું અને દુનિયા-

દારીનું જ્ઞાન આપેછે. જે માણસ અહોનિશ પુસ્તકમાંજ મચ્યો રહેછે તે ખરેખર ઘણા વિચારનો ઢગ કરી રાખેછે, પણ તે માત્ર વેદીઆ ઢોર જેવો બની જાયછે અને હાંસીને પાત્ર થાયછે. જે પુરૂષ એકાન્તમાં વાસ કરી અભ્યાસમાંજ ગુંથાયો રહેછે તેનો આત્મા એક જાતની નવી સ્થિતિમાં આવેછે અને તે જાણે તેના ઉપર કાટ ચઢી ગયો ન હોય એવો જણાયછે અને એની સઘળી રીતભાત બેડોળ દેખાય-છે; પણ એવી કઢંગી રીતભાત મંડળીના સહવાસથી ધીમે ધીમે સુધરેછે; એ કાટ વિવેકયુક્ત ભાષણથી ઘસાઈ જઈને સાફ થાયછે: વેદિયું ઢોર બદલાઈ જઈને પછી તે પુરૂષ નગ-રવાસી અથવા ગૃહસ્થ, પાડોશી અને મિત્ર થાયછે; પોતાના મત કેવી રંગિન ભાષામાં બતાવવા તે તેને આવડેછે અને તેને વધારે વજન શી રીતે આપી શકાય તે પણ તે શીખેછે; એ રીતે તે પોતાના વિચાર પ્રતિષ્ઠિતપણે બહાર પાડેછે, તેનો સંસારી કામકાજમાં ઉપયોગ કરી શકેછે, અને પોતાની મા-નસિક શક્તિ તેનેજ અનુસરતાં આચરણથી સુધારેછે.

પરંતુ સંભાષણથી પૂર્ણ લાભ થાયછે એમ કહેતાં પહેલાં આપણે વિચારમાં લેવું જોઈએ કે મનુષ્ય અને પુસ્તકની માહિતી સિવાય બીજું પણ કંઈ અવશ્યનું છે; અને તેથી હું કહુંછું કે માત્ર વિચાર વિનાનાં ભાષણ, વાંચન અને સંભાષ-ણથી કોઈ માણસ વિદ્વાન અને ડાહ્યો થતો નથી: એટલા માટે તેની સાથે આપણો પોતાનો વિચાર પણ ઉપયોગમાં આણ-વો જોઈએ.

સારી પેઠે વિચાર કરતાં એમ માલૂમ પડશે કે બની શકે તો મનનો સુધારો કરવાનાં પાંચે સાધન સરખેપણે વાપરવાં જો-ઈએ, પણ તેમાં વાંચન અને મનન એ બે તો મુખ્યત્વે કરીને અવશ્યનાં છે.

प्रकरण ३ जुं.

અવલોકન વિષે નિયમ.

"મનન" અને "અભ્યાસ" એ બે શબ્દ સાથે સરખાવતાં અગરજો "અવલોકન" નો મૂળ અર્થ ફક્ત "જોવું" એવો થાયછે અને તેમાં મનના વિચારની કંઈપણ સહાયતા હોય એમ જણાતું નથી, તોપણ મનની ગતિ એટલી બધી ચંચળ છે કે વિચારવંત માણસને માત્ર અવલોકનથી, કંઈ વિચારશક્તિ વાપર્યાવિના, અનુભવ થઈ શકતો નથી; અને તેથી મનનો સુધારો કરવાની આ રીત વિષે થોડી ઘણી સૂચના આપતાં, અવલોકનથી મન ઉપર પહેલીજ જે અસર થાયછે તેને માત્ર વળગી ન રહેતાં તેની સાથે, પ્રથમ મનમાં સહજ કેવા વિચાર આવેછે તેનું પણ હું વર્ણન કરીશ.

૧. આ લોકમાં તમારો મુખ્ય અને સ્થાયી હેતુ જ્ઞાનમાં વધારો કરવાનો છે એમ જાણો; કેમકે કોઈ પણ દેશ, કાળ, યોગ, પ્રસંગ અને સંસારી વ્યવહાર એવો નથી કે તેમાંથી તેમ કરવાનુ સાધન મળી આવે નહિ. જ્યારે આપણે અંધારામાં એકાન્ત અને શાન્ત હોઈએ છઈએ ત્યારે પણ આપણે આપણા હૃદયનું હારદ જાણવાને તથા આપણા ભીતરના વિકારની ગતિ કેટલી છે તે તપાસવાને શક્તિમાન હોઈએ છઈએ; અને એ રીતે આપણે આપણા પિંડ વિષે વધારે વાકેફગાર થઈએ છઈએ. જ્યારે આપણે મંડળીમાં હોઈએ છઈએ ત્યારે આપણને મનુષ્ય જાતના સ્વભાવનું અને વિકારનું, તેની મૂર્ખતાનું તથા તેના વ્યવહારનું, દુર્ગુણનું અને સદ્ગુણનું, સંભાષણ કરવાથી તથા સ્વભાવની પરીક્ષા કરવાથી, વધારે ભાન થાયછે. તેમ જે સર્વશક્તિમાન પરમેશ્વરે આપણને સરજાવ્યાછે તેને વિષેનાં તથા તેની સાથે આપણે કેવા પ્રકારના સંબંધમાં છઈએ તે વિષેનાં જ્ઞાન સિવાય, આપણી જાત વિષેની તથા બીજાં મનુષ્ય વિષેની જાણ કરતાં વધારે કીમતી બીજું કશું નથી.

જ્યારે આપણે ઘરમાં કે નગરમાં હોઇએ છઇએ ત્યારે જ્યાં જ્યાં નજર ફેરવીએ છઇએ ત્યાં ત્યાં મનુષ્યનાં કૃત્ય દેખીએ છઇએ; પણ જ્યારે આપણે નગર બહાર ગામડાંમાં હોઇએ છઇએ ત્યારે ઇશ્વરનાં કૃત્ય આપણી દૃષ્ટિએ વધારે પડેછે. અવકાશ અને અવની કે જે આપણી ઉપર હેઠે હોયછે તથા પશુ, પક્ષી અને વનસ્પતિ કે જે આપણી આસપાસ હોય-છે તે આપણી અવલોકન શક્તિના ભંડોળમાં વિવિધ પ્રકારનો વધારો કરેછે.

એટલા માટે જે જે વસ્તુ તમારા જોવામાં આવે તથા જે જે વાત તમારા સાંભળવામાં આવે તેમાંની દરેકમાંથી કંઈ પણ શીખામણ અથવા મનના સુધારાનું સાધન સંપાદન કર-વાનું પ્રયત્ન કરો.

વાદળાં, તારા, સોમ, સૂર્ય અને સઘળા ગ્રહનાં રટણ એઓ ઉપરથી કંઈ જ્ઞાન ખેંચી કાઢો; પાતાળના પોપડા અને થર-માંથી કંઈ કીમતી વિચાર ખોદી કાઢો; અને, અથાગ પાણીના વિશાળ મહાસાગરમાંથી જ્ઞાન રૂપી અમૂલ્ય રત્ન ખોળી કાઢો. ખનિજ પદાર્થ અને ધાતુ, વનસ્પતિ અને રોપા, વૃક્ષ અને પુષ્પ, એમાં જે કુદ્રતની નવાઈ તથા ખૂબી માલૂમ પડે તેમાંથી બુદ્ધિનો વધારો કરો. પશુ અને પક્ષીનાં તેમજ નાનાંમાં નાનાં જીવજંતુના અવલોકનમાંથી કંઈ શીખામણ મેળવો. ઇશ્વરનું અપાર ડહાપણ જુઓ અને એ સઘળામાં એની સાનંદાશ્ચર્યદાયક યુક્તિ અવલોકો, તથા એના પ્રત્યેક કૃત્યમાં જે સુવિચાર રહેલોછે અને અપાર શક્તિ માલૂમ પડેછે તે વિષે વિચાર કરો.

દિવસ, રાત, ઘડી અને પળ એની ચંચળ ગતિ જાણી વખતનો ડહાપણભરેલો ઉપયોગ કરતાં શીખો, અને જ્ઞાનમાં વધારો કરવાનો હરેક લાગ ઝડપી લેવામાં સાવધ રહો.

પ્રજાની અને કુટુંબની સ્થિતિના ફેરફાર તથા દુનિયાના તરેહ તરેહના બનાવ જોઈ, આ સંસારની સર્વ વસ્તુ નાશવંત

છે, દેહનો ભરોંસો નથી અને મૃત્યુ તો માથે છેજ એમ જાણો.

અવર મનુષ્યના દુર્ગુણ અને તેમની મૂર્ખાઈ જોઈને તે કેવાં તિરસ્કારને પાત્ર થાયછે તે સમજો; જુઓ કે એવી ચાલ સામા માણસમાં કેવી નઠારી દેખાયછે અને યાદ રાખો કે તેવી ચાલ જો તમારામાં હોય તોએ એટલીજ ખરાબ જણાય. બીજાના સદ્ગુણના દાખલા લઈ તેને અનુસરવાની કોશિશ કરો.

સામા માણસનું કુરૂપ કે દુઃખ કે તેની આપત્તિ જોઈ તેના ઉપર દયા આણી પ્રભુનો પાડ માનો કે તેણે તમારા શરીરનો ઘાટ સારો ઘડયોછે અને તમને દુઃખમાંથી ઉગાર્યાછે. વળી પોતાની વર્તમાન સ્થિતિમાં સંતોષ માની તેમાં આનંદથી રહેતાં અને આડોશી પાડોશીને દુઃખના અવસરમાં સહાય કરતાં શીખો.

તમારી સ્વાભાવિક બુદ્ધિ, લાગણી, ન્યાયશક્તિ, સ્મરણશક્તિ, અને તમારા હાથ, પગ વગેરે અવયવ, ઉપરથી એવો નિ-ર્ણય કાઢો કે એ તમને ઇશ્વરે નિરર્થક આપ્યાં નથી, પણ તમારા સરજનહારનો યશ વધારવામાં, તમારાં જાતિપ્રાણીઓનું ભલું કરવામાં અને તમારાં પોતાનાં કલ્યાણ તથા સુખને માટે, ઉપયોગમાં લેવાને આપ્યાંછે.

તમે જે જે આધિ, વ્યાધિ તથા ઉપાધિને આધીન છો તે ઉપરથી એમ સમજો કે પાપ બહુ ભુંડું છે અને તમારી સ્થિતિ અપૂર્ણ છે. તમારાં પોતાનાં દુષ્કર્મ અને તમારી પોતાની મૂર્ખતા જોતાં ઇશ્વરની તમારા ઉપર કેવી દયા છે તે પ્રમાણો અને ઇશ્વર તથા મનુષ્ય ભણી નમ્રતા અને વિનય રાખતાંશીખો.

એ રીતે કુદ્રતના દરેક દેખાવ ઉપરથી અને જિંદગીના દરેક બનાવ ઉપરથી વિચાર કરતાં, તમારૂં મન રંજન કરે અને આ લોક તથા પરલોકના સંબંધમાં તમારે કેવી રીતે વર્તવું જોઇએ તે તમને બતાવી આપે એવાં સ્વાભાવિક, નીતિમાન અને ધાર્મિક અવલોકન પુષ્કળ છે એમ તમને સહજ માલૂમ પડશે.

૨ વિવિધ વિચારથી મનને તર રાખવાને બાળકની જિજ્ઞાસા

નિરાશ કરવાના કરતાં તે સંતોષવી એ વધારે સારું છે. નાનાં માણસને હરેક બનાવ બાબત પૂછપાછ કરવાની ટેવ હોય એ તેમની આગળ જતાં બઢતી થવાનું આશાયુક્ત ચિન્હ છે; તેથી એવી તજવીજ કરવાની ટેવ ધૂરકીને બંધ ન પાડતાં તેના પ્રશ્નના યોગ્ય ઉત્તર આપીને સંતોષવી જોઇએ.

એજ કારણને માટે જો અવસરની તાણ અને નાણાંનો અવઘડ ન હોય તો બાળકને યોગ્ય પ્રસંગે જનમંડળમાં લઈ જવાં જોઇએ; તેમને ઘરથી દૂર, ખેતર, જંગલ, નદીતીર, ઇમારત, કસ્બા, શાહેર વગેરે ઠેકાણે, ફેરવવાં જોઇએ; તેમને નવીન પક્ષી, પશુ, મીન, જીવજંતુ, વનસ્પતિ વગેરે કુદ્રતની કે કિસબની સઘળી વસ્તુ બતાવી આનંદ પમાડવાં જોઇએ; અને જો ઈશ્વર સાનુકૂળ હોય તો યોગ્ય અવસરે તેમને કોઈ સારા શિક્ષકની સંભાળ તળે પૃથ્વીના જુદા જુદા પ્રદેશમાં પ્રવાસ કરવા મોકલવાં જોઇએ કે તેથી ઉપયોગી જ્ઞાનનો ભંડોળ ભરી રાખવાને તેઓ શક્તિમાન થાય.

૩ એ રીતે અવલોકન કરતાં જે ઘણુંજ જાણવા લાયક અને અસાધારણ માલૂમ પડે તે લખી રાખતાં જવું, અને એ લખાણ યોગ્ય પ્રસંગને માટે રાખી મુકી તે ઉપર વખતે વખતે નજર ફેરવતા રહેવું. એમ મહાવરો પડી જવાથી તમને ઉપયોગી વિચાર કરવાની ટેવ પડશે; તમારા મનની ક્રિયા એળે જતી અટકશે; અને તમારો અવકાશનો અવસર પણ સારા કામમાં રોકાયો એમ તમને પાછળથી માલૂમ પડશે.

તમે જે જે અવલોકન ઉપરથી ઉપયોગી નોંધ રાખી હોય તે વિષે, તમારા મિત્રમંડળનો મેળાવો થાય ત્યાં આગળ તમારે થોડી ઘણી પણ ચર્ચા ચલાવવી.

કોઈ પણ માણસની સંસારી સ્થિતિ ગમે તેવી છતાં તેણે અવલોકનથી થતા લાભ નજર આગળથી જવા દેવા નહિ. તે લશ્કરી નોકરીમાં કે વ્યાપારને અર્થે દુનિયાના ગમે તે ભાગમાં ગયો હોય, તે પ્રવાસી દાખલ પોતાનીજ ખુશીને ખા-

તર પૃથ્વીમાં કે સમુદ્ર ઉપર અટન કરતો હોય, અથવા તેને ચઢતી કે પડતીને લીધે પૃથ્વીના ગમે એટલા આઘેના પ્રદેશામાં ફરવું પડતું હોય, તોપણ તેણે ડહાપણ રાખી અવલોકન કરી અને જ્ઞાન મેળવી પોતાના મનનો સુધારો કરવાનો શુભ હેતુ લક્ષમાંથી જવા દેવો જોઇએ નહિ. એમ કરેથી તે થોડા સમયમાં મનુષ્ય જાતને કોઈ પણ પ્રકારે નિઃશંક ઉપયોગી થઈ પડશે.

૪. આપણે મનને, બનતી કાળજીથી વિકારથી અને વહેમથી મોકળું રાખવું જોઇએ, કેમ જે એમ નહિ હોય તો આપણે મનુષ્યનાં અને વસ્તુનાં અવલોકન કરતાં ખોટા મત બાંધીશુ. જેમ જે માણસને કમળો થયો હોયછે તેને સઘળું પીળું માલમ પડેછે તેમ જેનું મન કોઈ વિકારથી કે વહેમથી વિક્રિયાને પામ્યું હોયછે તેને ખરી વસ્તુ સૂઝતી નથી. એટલા માટે જો તમે ખરૂં અવલોકન કરવા ઇચ્છતા હો તો તમારે અહંભાવ એક કોરણેજ મૂકવો અને બને ત્યાંસુધી તેની જરા પણ અસર થવા દેવી નહિ. તમારૂં કલ્યાણ, તમારો સ્વાર્થ અને તમારો સંબંધ એ તો ભૂલીજ જવાં અને મિત્રતા કે શત્રુતાનો ભિન્ન ભાવ લક્ષમાં લેવો નહિ.

જો એ નિયમને યોગ્ય રીતે અનુસરીને આપણે વર્તીશું તો આપણને અભિમાનનો અને અદેખાઇનો પાશ લાગશે નહિ, અને તેથી વસ્તુની તથા મનુષ્યની તુલના કરવામાં આપણે ભૂલ ખાઇશું નહિ. અન્ય મનુષ્યની વર્તણુક વિષે વિચાર કરતાં અદેખાઈ કેવી આડે આવેછે? પોતાના પાડોશીનાં કાર્ય નઠારાં રૂપમાં જોવાને મનુષ્ય માત્ર કેવું તત્પર રહેછે? એ રીતે હરેક બાબતમાં આપણે બીજાં માણસને હદથી અધિક નઠારાં લેખીએછઇએ અને અભિમાનથી તથા મોટાઈના મદથી પોતાને વિષે બહુજ ઊંચો વિચાર બાંધીએછઇએ.

૫. બીજાં માણસનાં આચરણનું અવલોકન કરવામાં તેમની ખાનગી અને ઘરસંબંધી વર્તણુક જાણવાની ઇચ્છા ઘણીજ સંભાળની સાથે અંકુશમાં રાખવી એ અવશ્યનું છે. એવી

ઇચ્છાથી ભાગ્યેજ સારૂં ફળ નીપજેછે: એથી પરિણામે મત્સર, વહેમ અને કલહ પેદા થાયછે; કેમ જે કેટલાંક માણસ એવાં હોયછે કે તેઓએ એક વાત જાણી તો તે બિલાડીનાં પેટમાં ખીર ટકે તો તેમનાં પેટમાં ટકેછે,-કંઈ પ્રસંગવિના પણ તે તેમનાથી કહી દીધા વગર રહેવાતું નથી.

૬ બીજા માણસની વર્તણુક વિષેની માહિતી મેળવવામાં તમારે તેમનાં છિદ્ર જોવાની ઇચ્છા રાખવી નહિ, પણ માત્ર મનુષ્યસ્વભાવનું સારી પેઠે જ્ઞાન સંપાદન કરવાનીજ દાનત રાખવી, અને જો તેમાં કંઈ સદ્ગુણ માલૂમ પડે તો તે પ્રમાણે વર્તવાને તત્પરજ રહેવું.

૭ જો પ્રસંગ પરત્વે મનુષ્યજાત વિષે સંભાષણ કરતાં તમારે કંઈ બોલવું પડે તો તેમાં કોઈ પણ મુકરર કરેલાં માણસ વિષે ભુંડું બોલવું નહિ.

૮ જુજ અવલોકનથી કે દેખાવ ઉપરથી કે સહજસાજ અજમાયશ ઉપરથી સાધારણ મત બાંધવાને એકદમ તત્પર રહેવું નહિ. એ રીતે એકદમ વિચાર બાંધવો એ બુદ્ધિને જાણી જોઇને ફાંસામાં ઝાલ્યા બરાબર થાયછે અને તેથી તે કોઈ પણ વિષયનો વિચાર કરવામાં સ્વતંત્ર ન રહેતાં જાળમાં ગુંથાઈ રહેછે. એજ રીતે ઉતાવળથી મત બાંધીને આપણે અવિચારથી અમુક સ્થળના રઈશને અમુક ગુણ આપ્યાછે: આપણે સુરતીઓને 'લાલાજી' કહીએ છઇએ અને અમદાવાદીઓને 'શઠ' કે 'રોંચા' કહીએ છઇએ; પણ ખરૂં જોતાં સઘળા સુરતીઓ કંઈ લાલાજી નથી તેમ બધા અમદાવાદીઓ કંઈ શઠ કે રોંચા નથી.

प्रकरण ४ थुं.

પુસ્તક અને વાંચન વિષે.

દુનિયા પુસ્તકથી ભરપૂર છે; પણ તેમાં નિરૂપયોગી અને

નઠારાં પુસ્તક એટલાં બધાં છે કે તે કોઈ પણ માણસે વાંચવાં લાજમ નથી કે તેમ કરેથી તેને કંઈ લાભ થાય એમ પણ નથી. વળી કેટલાંક પુસ્તક એવાં છે કે તે સારાં છતાં જે પ્રસંગને માટે લખવામાં આવ્યાં હોય તે પ્રસંગવીત્યો—તે દિવસનો કે માસનો કે વર્ષનો અંત આવ્યો—એટલે નિરર્થક થઈ પડેછે. કેટલાંક પુસ્તક ઘણાં કીમતી હોયછે તોપણ તે અમુક પંક્તિનાંજ માણસને કામ લાગે એવાં હોયછે, પણ બધાં માણસને સામાન્ય રીતે લાભકારક થઈ પડે એવાં હોતાં નથી. કોઈ વ્યાપારીનો કે વૈદ્યનો ન્યાયનાં પોથાં કે ન્યાયાધીશના કરેલા ફેસલાના સાર વાંચવાથી શો દહાડો ઊઘડે? તેમજ કોઈ વકીલને સંસ્કૃતનું ઘણું જ્ઞાન હોવાથી શો ફાયદો થાય? જ્ઞાનમાં વધારો તથા સુધારો કરવાને માટે અને સમયનો બચાવ કરવાને સારૂ કોઈ તરૂણ માણસને યોગ્ય પુસ્તક પ્રસન્ન કરવામાં શાણા અને વિદ્વાન સજ્જનની સહાયતા મળે એ અતિ અગત્યનું છે.

૨. જેમાં કોઈ પણ વિષય વિષે સંપૂર્ણ વર્ણન આપેલું હોય એવાં અગત્યનાં પુસ્તક, તે કેવાં છે તથા તેના રચનારની ચતુરાઈને લીધે તેમાંથી કેટલું જ્ઞાન મળી શકે એમ છે તે જોવાને, પ્રથમતઃ સાધારણ રીતે ઉપર ઉપરથી વાંચી જવાં જોઈએ; અને એટલા માટે પહેલી પ્રસ્તાવના વાંચી સાંકળિયું સારી પેઠે જોઈ જવું જોઈએ. એથી કરીને તમને એ પુસ્તકનું થોડું ઘણું જ્ઞાન મળશે એટલુંજ નહિ, પણ જો એ તમને વાંચવા લાયક માલૂમ પડે તો બીજી વાર વાંચી જવામાં ઘણી મુશ્કેલાઈ માલૂમ પડશે નહિ; અને જો તે તમે બીજી વાર વધારે લક્ષ આપી વિચારપૂર્વક વાંચશો તો તે અમુક વિષય ઉપર ગ્રંથકર્ત્તાના કેવા વિચાર છે તે તમને ખરા રૂપમાં સત્વર જણાઈ આવશે. વાંચતાં વાંચતાં કંઈ નવીન અથવા અજાણી વાત આવે તો તેવાં પાનાં અથવા વાક્ય ઉપર નિશાન કરી તે ફરી પાછાં વાંચી જવાં. કોઈ પણ વાંચનારને એક વારના વાંચનથી, તે ઘણોજ બુદ્ધિવાન હશે અને તેની સ્મરણશક્તિ

અસાધારણ હશે તોજ, વાંચેલાં પુસ્તકનું હારદ બરાબર યાદ રહેશે.

વળી કોઈ પણ પુસ્તક નિયમપૂર્વક અને લક્ષપૂર્વક વાંચવા માંડતાં પહેલાં તેને ઉપર ઉપરથી જોઇ જવામાં એક બીજું કારણ રહેલુંછે. તે પુસ્તકમાં કેટલીક વાત એવી ઝીણી હોય-છે કે તે એ પુસ્તક આખું જોઈ ગયા વિના સમજવી ઘણી મુશ્કેલ થઈ પડેછે, અને તે બરાબર સમજવાને એક વાર ઉપર ઉપરથી અને બીજી વાર ધ્યાન દઇને વાંચવી જરૂરની છે. કેટલીક વાર બીજી વેળા વાંચતાં આપણને પ્રથમ જે શંકા ઉત્પન્ન થઈ હોયછે તેનું એની મેળેજ નિવારણ થાયછે.

જે બાબતમાં આપણને પ્રથમ સમજણ ન પડે તે બાબત ફરીને વિચાર કરવા લાયક છે એમ નોંધી રાખવી, અને આખું પુસ્તક વાંચી ગયા પછી પણ જો તેમાં સમજણ ન પડે તો તે વિષે કોઈ વિદ્વાનજનને પૂછવું.

૩. જો ત્રણ ચાર જણ એકાદું પુસ્તક સાથે વાંચે અને તે વિષે વાતચીત કરવાનો એક વખત મુકરર કરીને તે વખતે એકઠા થઈ પોત પોતાના વિચાર બતાવે અને તે ઉપર મિત્રાઈ દાવે વાદવિવાદ કરે તો તેથી સઘળાને બહુજ લાભ થાય.

૪. જો એકજ પ્રકારના અભ્યાસમાં ગુંથાયલા કેટલાક માણસ એક વિષય ઉપરનીજ એક એક જુદી જુદી ચોપડી લઇને વાંચે અને દર અઠવાડીએ એક વાર અમુક જગાએ મળી તેમાંના વિચાર એક બીજાને કહી બતાવે તો તેથી સઘ-ળાના જ્ઞાનમાં વધારો થયા વિના રહે નહિ અને તેથી દરેક જણને તે ચોપડી આખી વાંચી જવાની જરૂર રહે નહિ.

૫. એટલું યાદ રાખજો કે તત્વજ્ઞાન, નીતિશાસ્ત્ર કે ધર્મશા-સ્ત્ર, એઓ સંબંધી પુસ્તક વાંચવામાં કે તે વિષે સંભાષણ કરવામાં માત્ર ગ્રંથકારનાજ વિચારના જ્ઞાનથી કંઈ લાભ થવાનો નહિ; પણ તમારૂં મુખ્ય કામ તો તેના વિચાર ખરા છે કે નહિ તે જોવાનું અને તે ઉપર મનન કરી તમારા જ્ઞાનમાં પાકો વધારો કરવાનું છે. જે જે પુસ્તક તમે વાંચો તે સ્વતંત્ર મનથી

વાંચજો અને ખરી સાબીતી હોય તોજ તેમાંના વિચાર ગ્રહણ કરજો.

૬. વળી તમારે યાદ રાખવું કે જેમ તમે માણસ છો તેમ ગ્રંથકર્તા પણ માણસ છે, અને તેથી તમારે તેમની બુદ્ધિને એકદમ ન અનુસરતાં તે ઉપર વિચાર કરી તમારી અકલ કબૂલ કરે અને તમારૂં ડહાપણ દોરવી લઈ જાય તેજ રસ્તે સંચરવું.

૭. જો કોઈ વિષય ઉપર તમારા અને ગ્રંથકર્તાના વિચાર મળતા આવતા હોય પણ તે તેણે બરાબર સમજાવ્યા ન હોય અથવા સિદ્ધ કરી આપ્યા ન હોય તો તેની ભૂલચૂક સુધારવાનું પ્રયત્ન કરી તે ચોપડીના હાંસીઆમાં બલકે એકાદી કોરી ચોપડીમાં તમારે તમારા વિચારનું ટાંચણ કરી રાખવું. જ્યાં ગ્રંથકર્તાનો અર્થ સમજાય નહિ એવો હોય ત્યાં વધારે ખુલાસો આપવો; જ્યાં એણે ઘણું ટૂંકું લખાણ કર્યું હોય ત્યાં વધારે લંબાણથી લખાણ કરવું; જ્યાં એણે ઘણું લંબાણ કરી નાંખ્યું હોય ત્યાં તેટલાં વાક્ય કાઢી નાંખવાં; જ્યાં એણે નજીવી વાત લખી બીભત્સ શબ્દ વાપર્યા હોય ત્યાં તેવાં વાક્ય મૂકી દેવાં; જ્યાં એણે દલીલ બતાવી હોય ત્યાં એનો વાદવિવાદ નિર્ણાયક છે કે નહિ તે તર્કથી તપાસવું; જ્યાં નિર્ણય ખરો હોય પણ દલીલ કાચી હોય ત્યાં પાકી સાબીતી આપી તે વાત સિદ્ધ કરવી; જ્યાં એમ જણાય કે ગ્રંથકર્તાની ચૂક છે ત્યાં તમારા મનમાં જે બાધ આવે તે બતાવો અને એનો વિચાર સુધારો; અને જ્યાં એણે એવું સારૂં લખાણ કર્યું હોય કે તે તરત ખરૂં અને ઉપયોગી છે એવું તમારા ધ્યાનમાં ઉતરી જાય ત્યાં તે ઉપર સંપૂર્ણ લક્ષ આપી તેને તમારી સ્મરણશક્તિના કોશમાં ભરી મૂકો અને તેને તમારી બુદ્ધિમાં ઉમેરો થયા બરાબર ગણો. એ રીતે તમારા પોતાના અવલોકન સાથે એકાદું પુસ્તક પૂરે પૂરૂં વાંચી રહ્યા પછી તે સઘળું સ્મૃતિમાં લાવી તે પુસ્તકથી તમને શી શી નવી વાત માલૂમ પડીછે તેનો નિર્ણય કાઢો.

૮. જો કોઈ ચોપડીને સાંકળિયું ન હોય તો વાંચતાં વાંચતાં જે જે ભાગ નવીન અથવા ઘણા સારા લખેલા અને યાદ રાખવા લાયક તમારી નજરમાં આવે તે તે ભાગનું એક ટૂકું ટિપ્પણ તમારે જાતે બનાવવું.

બેશક, આવી રીતે વાંચવામાં પ્રથમ બહુ શ્રમ પડશે, પણ એ શ્રમના બદલામાં તમને ઘણોજ ફાયદો થશે. જો તમે કોઈ વિષય સંબંધી સારાં પુસ્તક આવી રીતે એકવાર વાંચ્યાં હશે તો પછી તેવી જાતનાં બીજાં પુસ્તક વાંચવાં તમને બહુ સહેલાં પડશે, કેમકે તેમાંનું ઘણુંખરૂં સત્વ તમે પ્રથમ જે પુસ્તક વાંચી ગયેલા તેનાં જેવુંજ હશે.

જો ગ્રંથકારની ઇબારત કોઈ ઠેકાણે ઘણી સારી હોય અને કોઈ પ્રસંગે ઘણી ખોડવાળી હોય અથવા તેના લખાણની ઢબ છબ સારી નરસી હોય તો તે ઉપર પણ તમારે તમારા વિચાર ટાંકી લેવા. યાદ રાખજો કે આવી તરેહથી જો તમે એક ચોપડી મહેનત લઇને વાંચી તો તેથી સો પુસ્તક ઊંધાં વાળવા કરતાં તમારી અકલમાં ઘણો સારો સુધારો થશે.

૯. એ રીતે પુસ્તક વાંચવાથી તમારા જ્ઞાનના કોશમાં વધારો થશે એટલુંજ નહિ, પણ તમારી તર્કશક્તિમાંએ ઘણો ઉમેરો થશે.

કેટલાક માણસ એવા છે કે તે દૃઢ મનથી અને ઉદ્યોગથી વાંચેછે તે છતાં પણ તેમના જ્ઞાનમાં કંઈ વાસ્તવિક વધારો થતો નથી. જેમ બાળકનું મન વાર્તા સાંભળીને આનંદ પામેછે તેમ નવા વિચાર વાંચી અથવા સાંભળી તેમનું મન રીઝેછે, પણ તેઓ તેનું પોતાના અંતરમાં તોલ કરતા નથીઃ તેઓ તે ઉપર કંઈ વિચાર કરતા નથી કે તેમાંથી કંઈ નિર્ણય કાઢતા નથી. કાંતો તેમનાં નેત્ર તે પુસ્તકનાં પાનાં ઉપર ફરી જાયછે અથવા શબ્દ તેમના શ્રવણને અડી હવામાં જતા રહેછે અને ગ્રીષ્મ ઋતુમાં કોઈ લીલાં ક્ષેત્ર ઉપરથી જતાં વાદળાંની છાયાની પેઠે લોપ થઈ જાયછે, કે કાંતો તેના તે શબ્દ ફરીથી બોલી જવાને તેઓ સમર્થ થાય એવી રીતે પોતાનાં મનમાં ઠસાવેછે

અને તેનો મુખ્ય હેતુ માત્ર તેઓ ઘણા વિદ્વાન છે એટલું બતાવવાનોજ હોયછે. એ રીતે તેઓ સ્વપ્નાવસ્થામાં હોય એ પ્રમાણે વાંચવામાં પોતાના દિવસ નિરર્થક કાઢેછે અને તેમને કંઇજ લાભ થતો નથી. જેમ કોઈ માણસ આખો દિવસ ખાખા કર્યાં કરે, પણ તેનામાં પાચન શક્તિ ન હોય તો ખોરાક તેને દિલે લાગતો નથી, તેમ આવી રીતે નિરંતર વાંચવાંચ કરનારાને યોગ્ય વિચારશક્તિવિના કંઈ ફાયદો થતો નથી.

૧૦. એટલું તો ખરૂં કે જેને વાંચનથી ઘણું વાચાળપણું અને થોડું જ્ઞાન મેળવવું હોય તેણે તો ગ્રંથોના ગ્રંથો ફેરવી જવામાં સંતોષ માનવો, પણ જેને ખરૂં જ્ઞાન મેળવવાની ઇચ્છા હોય તેણે તો વાંસે કહ્યા પ્રમાણેજ વાંચવું. જે પ્રવાસી ધીમે ધીમે સીધે રસ્તે ચાલ્યો જાયછે અને માર્ગમાં આવતી ગલીકૂંચી, તેમાં જવાની હિમ્મત ધરવા પહેલાં, તપાસેછે તે દરેક ગલીકૂંચીમાં પૂરપાટ રવડતા માણસ કરતાં પોતાના પ્રવાસને અંતે સત્વર અને નિર્ભય આવેછે. ઘણું વાંચનારો અને સારી સ્મરણશક્તિવાળો માણસ દુનિયાદારીના દેખાવમાં વિદ્વાન ગણાય, પણ ખરૂં જોતાં તે પોતાના દિવસ ડહાપણના અને સત્યજ્ઞાનના ઘરની બહારજ નિર્ગમેછે.

૧૧. કોઈપણ ગ્રંથ વાંચતાં પહેલાં તેનો બનાવનાર સારો કે નઠારો છે એવો વિચાર મનમાં રાખવો નહિ; પણ હમેશા સત્ય શોધી તે ગ્રહણ કરવાની ધારણાથીજ વાંચવા માંડવું.

૧૨. અત્યાર સુધી વાંચન વિષે જે કહેવામાં આવ્યુંછે તે માત્ર જે પુસ્તક તમે તમારા મનના સુધારાને માટેજ વાંચતા હો તેને લાગુ પડેછે; પણ જે પુસ્તક આપણે શી રીતે વર્તવું એ વિષે રચાયલાં હોય તે તો વધારે ધ્યાન પૂર્વક વાંચવાં જરૂરનાં છે, અને જો આપણી ખાત્રી થાય કે તેમાં દર્શાવેલા ડહાપણના નિયમ પાળવા યોગ્ય છે તો આપણે તે પ્રમાણે ચાલીએ છઇએ કે નહિ તે તપાશી જોવું અને તેને અનુસરીને વર્તવા માંડવું.

જો તેમાં મૂર્ખતાનું કે દુર્ગુણનું દેખાઇતું કે ગુપ્ત હૂબહૂ ચિત્ર આવ્યું હોય તો આપણે આપણા અંતઃકરણ સાથે વિચારી જોવું કે આપણે કેટલે દરજ્જે અપરાધી છઇએ, અને એ વાતનો નિશ્ચય કરી જોતાં કદાપિ આપણે અપરાધી ઠરીએ તો જ્યાંસુધી આપણા અપરાધનો આપણે પશ્ચાત્તાપ ન કરીએ અને દુર્ગુણ ઉપર જય મેળવવાની દૃઢતાને ન પહોંચીએ ત્યાંસુધી તે પુસ્તક ઊંચું મૂકી દેવું નહિ.

જ્ઞાન મેળવવાનાં સઘળાં પ્રયત્નમાં આપણે એક વાત લક્ષમાંથી જવા દેવી નહિ;—ગમે તેટલી બુદ્ધિ ખીલે અને કલ્પનાશક્તિ રસાળ થાય તોપણ સદ્‌ગુણ અને પવિત્રતા એ ઘણાં અગત્યનાં છે, કેમકે તેના પ્રમાણમાં આપણો આત્મા ઉદાસ કે આનંદી રહેછે.

૧૩. વળી એક બીજી જાતનાં પુસ્તક વિષે પણ અહીં થોડું ઘણું લખાણ કરવું અવશ્યનું છે: એ પુસ્તક ઇતિહાસનાં, કવિતાનાં, પ્રવાસનાં અને વાર્તાનાં છે તથા તેમાં વર્તમાનપત્રનો અને ચોપાનિયાંનો પણ સમાવેશ થઈ શકે. જો સ્મરણશક્તિ સારી હોય તો એવાં પુસ્તક એકવાર વાંચવાં બસ છે; અથવા એકાદા મંડળમાં તેમાંનો કોઈ વાંચે અને બીજા બધા ધ્યાન દઈ સાંભળે તથા બુલંદીના વિચારવાળાં કે સુંદર શૈલિનાં વાક્ય આવે તે બધાના કહેવાથી બીજીવાર વાંચવામાં આવે તો તેથી પણ વાંચવાનો હેતુ પાર પડે.

એમ છતાં આ પ્રસંગે એટલું કહેવું અગત્યનું છે કે ઉપર બતાવેલાં પુસ્તક, કે જેમાં ઇતિહાસનો વિષય ઘણો જાણવા લાયક હોય અથવા કાવ્ય અને વક્તૃત્વ સંપૂર્ણ શોભામાં પ્રકાશી રહ્યાં હોય એવાં વાક્ય આવે તે એક વાર વાંચવાથી જે પુરૂષોને એવી બાબત ઉપર ઘણી રૂચિ હોયછે તેમનો આત્મા સંતોષ પામતો નથી.

૧૪. વળી, જ્ઞાનનો વધારો કરવામાં સાધન રૂપ થઈ પડે એવાં પુસ્તકની સાથે આપણી પાસે એક કોષ પણ હોવો જોઇએ

અને કોઈ અજાણ્યા શબ્દ માલૂમ પડે કે તરત તેની સહાયતા લેવી જોઈએ. એમ કરતાં કદાપિ કોષ ન હોય તો જે જે શંકા ઉત્પન્ન થાય તે તે લખી રાખી તેનો, સમય આવેથી, માણસથી કે પુસ્તકથી ખુલાસો કરી લેવો.

૧૫. કોઈ વિષય ઉપર સારા સારા ગ્રંથકર્તાએ પુસ્તક રચ્યાં હોય તો તે પુસ્તકનાં લખાણનું સંપૂર્ણ જ્ઞાન થયા વિના તે પુસ્તકના રચનારનાં નામ ઉપરથી તે સારાંજ છે એમ માની લેવું નહિ. કેટલાક તરૂણ વિદ્યાર્થી એવા હોયછે કે તેમને સારાં સારાં પુસ્તકની માહિતી મેળવવાની બહુ મરજી થાયછે, પણ તેઓ તેવાં પુસ્તકનું પહેલું પાનું જોઈનેજ સંતોષ માનેછે; પરંતુ તેઓ એમ નથી જાણતા કે એ તો જેને વિદ્વાન થવાને બદલે પુસ્તક વેચનારનો ધંધો શીખવો હોય તેનેજ કામનું છે. એવા પુરૂષ બે જાતની મૂર્ખાઈના ભોગ થઈ પડેછે :—

(૧) તેઓ એવાં એવાં ઘણાં મૂલ્યવાન પુસ્તક ખરીદ કરેછે અને ગાંઠની મૂડી ગુમાવેછે, અને

(૨) જ્યારે તેમનાં કબાટમાં કે તેમની અવરાઈમાં કે પેટીમાં વિદ્યાનો આવો અમૂલ્ય ભંડાર ભર્યો હોયછે ત્યારે "અમે વિદ્વાન છઈએ" એમ સમજી તેઓ પ્રખ્યાત ગ્રંથકર્ત્તાનાં નામ ઠામ વગેરેની વાર્તા કરેછે, પણ ખરૂં જોતાં તો તેમનામાં બે બદામનીએ ખરી અકલ હોતી નથી.

એ તો નિઃશંક ખરૂં છે કે કોઈ પણ માણસ ગમે તેટલાં અને ગમે તેવાં સારાં પુસ્તક હોય તોપણ જ્યાંસુધી તે પુસ્તક વાંચી, તેની દલીલ મનમાં ઉતારી, તેના સારનો સંગ્રહ તેણે પોતાના અંતઃકરણમાં કર્યો ન હોય ત્યાંસુધી તેની બુદ્ધિમાં કંઈ સારો ફેરફાર થવાનો નહિજ.

છેલ્લે કહેવાનું એટલુંજ કે ગમે તે પુસ્તક વાંચવામાં આવે તેમાંથીઃ—

(દોહરો)

સત્ય સર્વદા શોધવું, મન લેવો ન વિચાર,
ગ્રંથ શત્રુ કે મિત્રનો, દેશિ અવરનો યાર;
ફૂલ ગુલાબતણું ઘણું, ગુણિયલ શોભાવાન,
નરસ સરસ સ્થળ ઊપરે, ઊગ્યું હોય નિર્વાણ;
સજ્જન સદૈવ નહીં ગણે, કાંટા કેરો દોષ,
પુષ્પ ગ્રહણ કરશે કદિ, નહિં લાવી રતિ રોષ.

प्रकरण ९ मुं.

૧. જે પુસ્તક આપણા જોવામાં આવ્યું ન હોય તેની તુલના કરવામાં પ્રથમ તેનું નામ જોવાથી, તેનું રૂપક તથા તેનો હેતુ આપણા વિચારમાં કંઈ કંઈ આવેછે. એમાં કોઈ કોઈ વેળા આપણે ઠગાઈએ છઈએ અને પુસ્તકમાં જેટલું તત્વ હોયછે તેના કરતાં વધારે હશે એમ ધારીએ છઈએ. જો તે પુસ્તક કોઈ નામાંકિત ગ્રન્થકર્ત્તાના શ્રમનું ફળ હોયછે તો તેને વિષે મત બાંધવામાં જરા વધારે સહાયતા મળેછે, અને જો તેમાં અનુક્રમણિકા હોયછે તો તો ઘણીજ મહેનત ઊગરેછે.

જો તે પુસ્તક નિયમપૂર્વક વાંચી જવાની આપણને ફુરસદ હોતી નથી અથવા ઇચ્છા થતી નથી તો તેમાંની અનુક્રમણિકા વાંચી જોવાથી ક્યાં ક્યાં પ્રકરણ વાંચવા લાયક છે તે આપણને માલૂમ પડેછે. એમ કરવાથી ગ્રંથકર્ત્તાએ પોતાના વિચાર સ્પષ્ટ રીતે સમજાવ્યાછે કે નહિ, પોતાની દલીલ મજબૂતીથી બતાવીછે કે નહિ, પોતાનું પુસ્તક નિયમપૂર્વક રચ્યુંછે કે નહિ, અને પોતાના વિચાર તથા પોતાની બુદ્ધિ એ પ્રૌઢતાથી તથા વિવેકના ઘરમાં રહી દર્શાવ્યાંછે કે નહિ, તે આપણે જાણીએ છઈએ.

૨ એ પ્રકારે અમુક પ્રકરણો વાંચ્યા પછી તે પુસ્તક પૂરેપૂરૂં વાંચવા લાયક છે કે નહિ તે આપણે સમજી શકીશું. જો

આપણને તે પુસ્તક નજીવું માલૂમ પડે તો તેને પડતું મૂકવું કેમકે જીવતર ટૂંકું છે ને સમય ઘણો કીમતી છે.

૩. આપણે કોઈ પુસ્તક વિષે તુલના કરવામાં ઘણીખરી વાર હેઠે બતાવ્યા મુજબની ભૂલચૂક કરીએ છઇએઃ—

જો કોઈ પુસ્તક જરા સારી રીતે રચેલું હોયછે તો આપણે તેને વિષે ઘણોજ સારો મત આપી દેવાને તત્પર થઈ જઇએ છઇએ, અને કદાપિ દૈવયોગે જો તેમાં દર્શાવેલા વિચાર આપણા વિચારને મળતા આવતા હોયછે તો તો આપણે તેનાં હદ ઉપરાંત વખાણ કરીએ છઇએ. એથી વિરૂદ્ધ, જો તેમાં બતાવેલા વિચાર આપણા વિચારથી જુદા પડતા હોયછે તો આપણને તે પુસ્તકમાં કંઇજ ખૂબી માલૂમ પડતી નથી, આપણને તેમાંની ભાષા ગમતી નથી અને તેમાંથી કંઇ પણ જ્ઞાન પ્રાપ્ત થાય એમ લાગતું નથી. આ સંસારમાં કેટલીક વાર સત્ય શાણપણથી સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવતું નથી, પણ અસત્ય કળાથી ગુપ્ત રાખવામાં આવેછે.

જ્યારે કોઈ નવીન વિષય સંબંધી પુસ્તક આપણા વાંચવામાં આવેછે ત્યારે તેમાંનો પ્રત્યેક વિચાર નવીન માલૂમ પડવાથી આપણે મોહ પામી જઇએ છઇએ અને તેનાં વખાણ કરી જે મળે તેને તે પુસ્તક વાંચવાની ભલામણ કરીએ છઇએ, પણ ખરૂં જોતાં તો કદાપિ તે પુસ્તક નિર્માલ્ય હોયછે અને તેમાં ઝાઝી અકલનો ખર્ચ કરેલો હોતો નથી.

એજ રીતે આપણે એથી ઊલટી ભૂલ પણ કરીએ છઇએઃ જ્યારે આપણે કોઈ વિષયમાં ઘણું જ્ઞાન મેળવી ઊંડો પ્રવેશ કર્યો હોયછે અને તેને સઘળી રીતે સમજી ગયા હોઇએ છઇએ ત્યારે તેવા વિષય સંબંધી ગમે તેવી સારી ચોપડી વાંચીએ છઇએ તોપણ આપણને તેમાં કંઈ નવીન માલૂમ પડતું નથી તથા કંઈ મઝા લાગતી નથી અને તેથી આપણે તે પુસ્તકને યોગ્ય માન આપી શકતા નથી.

એ પ્રમાણે પુસ્તકની પરીક્ષા કરવામાં વિદ્વાન્ તેમજ મૂર્ખ જુદી જુદી જાતના વહેમમાં કૂટાયછે.

૪. વળી કેટલાક માણસ એવા આગળ પડતા અને ચંચળ સ્વભાવના હોયછે કે તેઓ અમે બધી વાતે હુશીઆર છઇએ એવું ડોળ ઘાલી, કોઈ પુસ્તકનું નામ સાંભળ્યું કે તરત તે ઉપર પોતાનો મત આપવા તત્પર થાયછે; કેમકે જે વાત બીજા માણસ જાણતા હોય તે વાતથી પોતે અજાણ છે એમ જણાય એ તેમને સારૂં લાગતું નથી; તેમાં મુખ્યત્વે કરીને જો તેમની સંસારી સ્થિતિ સારી હોયછે તો તો તેઓ એમજ સમજેછે કે તેઓને એ બાબતમાં સ્વચ્છંદપણે મત આપવાનો હક્ક છે.

૫. આ પ્રસંગે એક બીજી જાતનાં માણસ વિષે પણ કંઇક બોલવું અવશ્યનું જણાયછે: કોઈ ગ્રંથકારનાં પોતાના મંડળમાં વખાણ કે કવખાણ થતાં હોય તેજ પ્રમાણે તેઓ તેની પ્રશંસા કે નિંદા કરવા મંડી પડેછે; પણ વાસ્તવિક રીતે જોતાં તેમનામાં જ્ઞાન હોતું નથી કે સારાસાર સમજવાની શક્તિ હોતી નથી અને તેમનો મત માત્ર બીજાને મુખેથી નીકળતાં વખાણ કે કવખાણનો પ્રતિઘોષ હોયછે.

૬. પુસ્તકની તુલના કરવામાં એટલું ડહાપણ જરૂરનું છે અને એટલો ન્યાય વાપરવો જોઇએ કે તેમાં તે પુસ્તક મનુષ્યના હાથથી રચાયલુંછે એટલે કોઈ વાતે અપૂર્ણ પણ હોય એ વિચાર તો લક્ષમાંથી જતો રહેવો નજ જોઇએ; પરંતુ મત્સરને લીધે સઘળી વાત બગડી જાયછે. મત્સર રૂપી શાપિત રોપાનાં મૂળ થોડાં કે ઘણાં દરેક મનુષ્યના સ્વભાવમાં પેઠેલાં હોયછે અને તે પ્રત્યેક માણસના અંતઃકરણમાં પોતાનું કામ અદૃશ્યપણે કર્યો રહેછે. કોઈ બુદ્ધિશાળી પુરૂષની પ્રશંસા થાયછે તે બીજા લોકથી સંખાતી નથી તેમાં મુખ્યત્વે કરીને જો તે જીવતો અને તેમનાજ વર્ગમાંનો હોય તો તો નહિજ. તેઓ તેનાં લખાણમાંથી કંઈ કંઈ કરચા કાઢી તે ઉપર ટીકા કર્યા કરેછે. એ રીતે તેઓ માત્ર ગ્રંથકર્તાનું ગેરવાજબી અપમાન કરેછે એટલુંજ નહિ, પણ તેનાં પુસ્તકથી લોકોને જે લાભ મળે

તેનો પણ સમૂળો નાશ કરેછે. કદાપિ ન ચાલતાંનું બહારથી ભોળપણ જણાવી "એકંદરે ફુલાણું પુસ્તક ઠીક છે" એમ તેઓ કહેછે, પણ તેનીજ સાથે તેમાંના પ્રસંગ બતાવી નિંદાની એવી વૃષ્ટિ કરેછે કે તેમનાં મ્હો ઉપલાં વખાણ ધૂળ ઉપર લીંપણ જેવાં થઈ જાયછે.

૭. હવે એવા મત્સર યુક્ત વિચાર મનમાં આવતા અટકાવવાનો એક ઉપાય છે. જ્યારે કોઈ માણસના મનમાં એવા વિચાર આવે ત્યારે તેણે તે ગ્રન્થકર્ત્તાનાં પુસ્તકમાં ખૂબીઓ કેટલી છે અને ખોડ કેટલી છે તે તપાશી જોવી, અને તેમ કરવામાં પણ એટલું યાદ રાખવું કે ખોડ કાઢવા કરતાં ખાસ ખૂબીઓ બહાર પાડવી એ વધારે પ્રતિષ્ઠિત અને સારા સ્વભાવના માણસનું લક્ષણ છે. જ્યારે કોઈ પુસ્તકમાં સદ્ગુણની, ભક્તિની અને સત્યતાની ઘણી ખૂબીઓ હોય અને તેની સાથે કેટલીક ખોડ પણ હોય ત્યારે સૂંઠનો ગાંગડો મળેથી ગાંધી થઈ બેઠેલા ટચાક ટીકાકારે ફુલાઈ જઈ તેના ઉપર પોતાના દુઃસ્વભાવની વૃષ્ટિ કરવી જોઈએ નહિ, પણ તેના કરતાં ચઢિયાતું પુસ્તક લખવાની પોતાનામાં શકિત છે એમ પ્રત્યક્ષ દાખવવું; એ તેમને જે વાત પ્રસન્ન પડતી ન હોય અને તેઓ નિંદતા હોય તે દબાવવાની ઉમદામાં ઉમદી અને સચોટમાં સચોટ રીત છે.

જૂજ બુદ્ધિ અને જૂજ ભણતરની સાથે અત્યંત અહંભાવ અને અસાધારણ દુઃસ્વભાવ એકઠો મળ્યો હશે તો તે કોઈ પણ માણસને કોઈ ઘણાજ મહાન્ અને સારા ગ્રંથકર્ત્તાનાં પુસ્તકમાંથી વાસ્તવિક કે તાર્કિક ભૂલ બતાવી આપી તે ઉપર ટીકાના બંખિયાના બંધિયા ચીતરી કાઢવાને સમર્થ કરશે; અને તે તેને ભભકાદાર ભાષા રૂપી વસ્ત્ર સજાવી ટીકા ઉપર ભાવ રાખનારા લોકને પ્રિયકર થઈ પડે એમ કરશે; પણ જો તેજ ટીકાકાર જે પુસ્તકની પોતે નિંદા કરતો હોય તેના કરતાં સારૂં પુસ્તક લખી તેના કર્ત્તાને અસ્ત પમાડવાનું પ્રયત્ન કરે તો પો-

તાની અપૂર્ણતા વિષે તેની ખાતરજમા થઈ જાય અને તેને બીજા માણસનાં પુસ્તકની ન્યાય પૂર્વક તુલના કરતાં આવડે.

૮. પુસ્તક વિષે મત બાંધવામાં બીજી સાધારણ ભૂલ એ છે કે લોકો તેની તેજ નિંદા અથવા પ્રશંસા કંઈ ભેદ વિના આખા પુસ્તકને સરખી રીતે લાગુ પાડેછે, પણ ખરૂં જોતાં તો તે નિંદા અથવા પ્રશંસા માત્ર તેમાંનાં કેટલાંક અમુક પ્રકરણને લાગુ પડતી હોયછે. વળી કેટલાક માણસ, જેમ આશક પોતાની માશુકમાં કંઈ ખોડખાંપણ દેખતા નથી તેમ, પોતાની પ્રસન્નતાનાં પુસ્તકમાં અવગુણ ન પેખતાં તેના ઉપર વખાણનીજ વૃષ્ટિ કરેછે; પણ એમ કરવું એ શાણપણથી કેવળ વિરૂદ્ધ છે.

प्रकरण ६ ठ्ठुं.

ગુરૂની શિક્ષા તથા તેનાં ભાષણ વિષે અને ગુરૂ તથા શિષ્ય વિષે.

૧. ગુરૂની સહાયતા વિના શાસ્ત્ર તથા કળાકૌશલ્ય શીખી શકે એવા તીક્ષ્ણ બુદ્ધિના અને ન્યાયશક્તિમાન પુરૂષ ભાગ્યેજ હોયછે. કોઈપણ શાસ્ત્ર એવું નથી કે તે કોઈ ઘણોજ બુદ્ધિવાન પુરૂષ પણ ગુરૂવિના કેવળ સર્વોત્કૃષ્ટ પુસ્તકનાં સાધન વડેજ સ્પષ્ટ રીતે સત્વર શીખી શકે. ઘણા જનને માટે ગુરૂની સહાયતા કેવળ અવશ્યની છે, અને તેમાં અભ્યાસનો આરંભ કરનારાને તો તે બહુજ ઉપયોગી છે. પુસ્તક એ એક જાતનાં મુગાં શિક્ષક છે અને તે માત્ર ભણતરનો માર્ગ બતાવેછે; પણ જો આપણા મનમાં કંઈ સંદેહ ઉત્પન્ન થાય તો તેનું નિવારણ તે કરી શકતાં નથીઃ એ કામ ગુરૂનું છે.

૨. વળી સઘળી જાતની શિક્ષા આપી શકે એવા સકળ શાસ્ત્ર સંપન્ન ગુરૂ પણ થોડાજ હોયછે. શાસ્ત્રોનો કંઈ પાર નથી અને તેમાંનાં ઘણાંખરાં એક બીજાથી તદન જુદાં પડેછે,

તેથી બની શકવા જેવું હોય તો સકળ શાસ્ત્રનું સાધારણ જ્ઞાન મેળવવાને માટે બે અથવા ત્રણ ગુરૂની શિક્ષાનો લાભ લેવો એ સર્વોત્તમ છે; પણ જેનાથી એવું બની શકે એવું ન હોય તેણે એક સારા વિદ્વાનની સહાયતામાં સંતોષ માનવો.

૩. હવે શિક્ષક, જે શાસ્ત્રમાં તેઓ નિપુણ હોય કિંવા જે શાસ્ત્ર તેઓ શીખવતા હોય તેમાં, સારી પેઠે પ્રવીણ હોય એટલું બસ નથી; તેમને શીખવવાની કળા પણ આવડવી જોઇએ અને તેની સાથે તેમનામાં ધૈર્ય હોવું જોઇએ.

કેટલાક માણસને વગવસીલાથી ગુરૂની પદવિ પ્રાપ્ત થાયછે; પણ તેમનામાં શાસ્ત્રીય વિષયનું જ્ઞાન હોતું નથી કે તેમને શીખવવાની કળા આવડતી હોતી નથી, એ કેવું દુઃખદાયક છે! કેટલાક તો અજ્ઞાની અને અભિમાની હોવા છતાં એવા ધૃષ્ટ્ય-વાળા હોયછે કે પોતે સઘળુંજ સમજેછે એવું ડોળ ઘાલી વિદ્વાનનું માન ધરાવેછે; એ કેવી અપશોચની વાત છે! તેમના શિષ્યને પણ તેમનો ચેપ લાગેછે અને તેઓ પણ તેમના જેવાજ ગેરસમજણા બનેછે.

વળી કેટલાક મહાવિદ્વાન એવા હોયછે કે જે જાતે ઘણા જ્ઞાની છતાં પોતાનું જ્ઞાન બીજાને આપી શકતા નથી કે કાંતો આળસુ હોયછે એટલે એમ કરવામાં શ્રમ લેતા નથી. કાંતો તેમની વાતચીત કરવાની રીત ગુંચવણ ભરેલી હોયછે કે કાંતો તેઓ એકાદી બાબત ઉપર નકામું લાંબું ભાષણ કરે-છે. કાંતો તેઓ, વળી શીખાઉની સાથે તે વાતચીત કેવી કરવી અને તેમાં એ શું સમજવાના હતા એવા ગુમાનમાં તણાયા જાયછે કે કાંતો તેઓ કોઈ વિષયમાં ઘણા ઊંડા પેશી તેમાંજ આનંદ માનેછે. કાંતો તેઓ જરાજરા વારમાં ક્રોધાયમાન અને અધીરા થઈ જાયછે અને કોઈ તરૂણ, જિજ્ઞાસુ તથા ચંચળ બુદ્ધિના શિષ્યના પ્રશ્ન સાંખી શકતા નથી કે કાંતો તેઓ કોઈ વિષયમાં ઉપર ઉપરથી માહિતી આપી પોતાના શિષ્યને ઊંડા પ્રવેશ કરાવતા નથી.

૪. સારા ગુરૂની રીતભાત અને તેના ગુણ એ એથી જુદા પ્રકારનાંજ હોવાં જોઇએ. તે એવો ઉદ્યોગી, એવો ઉત્કંઠિત, અને એવો આગ્રહી હોવો જોઇએ કે તે જે કામ માથે લે તે પાર પાડી શકેજઃ પોતાના શિષ્યને શીખવી શકે અને તેઓ ભણેછે કે કેમ તે જોઈ શકે, પોતાના શિષ્યની બુદ્ધિને અનુસરી શીખવવાની રીત અટોપી શકે અને તેમણે અભ્યાસમાં કેટલો વધારો અને જ્ઞાનમાં કેટલો સુધારો કર્યો તે પ્રસગોપાત જોઈ શકે.

વળી તેણે પોતાના સ્વભાવ વિષે તથા પોતાની વર્તણુક વિષે ઘણી કાળજી રાખવી જોઇએ કે પોતાના દુઃસ્વભાવની કે પોતાની ગેરવર્તણુકની અસર પોતાના શિષ્યને લાગે નહિ, કે તેથી તેમના મનમાં પોતાને વિષે હલકો વિચાર અને અત્યંત ત્રાસ બેશી જાય નહિ અને પોતાની તથા પોતાની શિક્ષાની સામા તેમના અંતઃકરણમાં વહેમ ઉત્પન્ન થાય નહિ. બનતા સુધી તેણે સ્વાભાવિક ભોળપણનો અને મીઠાસનો અંશ એટલો બધો રાખવો જોઇએ કે તેનું આપેલું જ્ઞાન તેના શિષ્યના મનમાં સરળતાથી ઉતરી શકે, તેમને શીખતાં આનંદ લાગે, અને તેમના અંતઃકરણમાં અધિક અભ્યાસ આદરવાનો ઉમંગ ઊપજે. એ વિષય ઉપર યોગ્ય પ્રસંગે વધારે કહેવામાં આવશે.

૫. શિષ્યે પોતાના ગુરૂની સઘળી શિક્ષા તન મન દઇને લક્ષમાં રાખવી જોઇએ, અને જો તેમ કરવામાં કોઈ વખતપર કંઈ વિઘ્ન આવી પડે તો તેણે પાછળથી બમણો શ્રમ કરી એ તોટો પૂરી દેવો જોઇએ. તેણે પોતાના ગુરૂના ભાષણ હમેશા સ્મરણમાં લાવી તપાશી જવાં જોઇએ, અને તે ભાષણ જે વિષય ઉપરનાં હોય તે વિષય સંબંધી પુસ્તક વાંચી, તે વિષે પોતાના ગુરૂ સાથે કે સોબતીઓ સાથે સંભાષણ કરી તેનો સ્પષ્ટ પરિણામ લખી રાખી તે યોગ્ય પ્રસંગે ઉપયોગમાં આણવો જોઇએ. એ રીતે શિષ્યે પોતાના જ્ઞાનમાં વધારો કરવો જોઇએ.

૬. કોઈ પણ વિદ્યાર્થીએ પોતાના ગુરૂનાં ભાષણ નિયમપૂર્વક સાંભળવામાં સંતોષ માની બેશી રહેવું નહિ, પણ તેનો અર્થ

તથા સાર બરાબર સમજી તે પોતાના અંતઃકરણમાં ઠસાવવો જોઇએ. તરૂણ શિષ્યે સદાચરણથી પોતાના ગુરૂનું હેત સંપાદન કરવું જોઇએ કે તેથી એને સારી રીતે શીખવવાની હોંસ થાય, એની સાથે સ્વતંત્રપણે વાતચીત કરવાનો પરિચય થાય અને તેથી પોતાના વિચાર તથા પોતાના મનની શંકા તથા મુશ્કેલી એને કહી શકાય અને તેમનું સત્વર નિવારણ થાય.

૭. શિષ્યે પોતાના ગુરૂ વિષે ઊંચો મત બાંધવાનું યત્ન કરવું, અને જાણે પોતે કેવળ અજ્ઞાન હોય અને અનુભવી બતાવે તે માર્ગમાં સંચરવાને રાજી હોય એમ તેણે એની શિક્ષા ધ્યાન દઇ સાંભળવી. અગરજો તે પોતાના ગુરૂના કહેવા પ્રમાણે દરેક બાબતમાં ચાલવાને બંધાયલો નથી તોપણ તેણે પ્રથમ શુદ્ધ અંતઃકરણથી પાકો વિચાર કરીને, એનું કહેવું વાજબી ન જણાય તો તેમ એને ઘણી નમ્રતાની સાથે જણાવવું જોઇએ.

૮. હાલના જમાનામાં એવો વા ચાલેછે કે પતરાજી જુવાનીઆ જરાતરા શીખેછે કે તરતજ પોતે પોતાના શિક્ષક કરતાં પણ વધારે ડાહ્યા છે એમ માની લેછે અને "કુંભાર કરતાં વળી ગધેડાં ડાહ્યાં" એ કહેવતને પુષ્ટિ આપેછે. તેમના શિક્ષકે જે વિચાર તથા મત ઝાઝે શ્રમે તથા અનુભવે પ્રાપ્ત કર્યા હોયછે તે તેઓ તિરસ્કારની સાથે ખોટા ધારેછે; પણ એ વિદ્યાર્થીનાં લક્ષણ નથી.

૯. ખરૂં છે કે ભૂલ બ્રહ્માને ત્યાંથી ચાલી આવેછે અને સમયે શિષ્ય તેમજ શિક્ષક પણ ભૂલ કરે; પરંતુ કોઇ તરૂણ વિદ્યાર્થી પોતાની સ્વતંત્રપણે વિચાર કરવાની ટેવ રાખી રહેતાં પોતાના ગુરૂની તથા પોતાનાં માતપિતાની શિક્ષા માનથી માને એ જરા અસંભવિત જેવું જણાય. જો આપણે આપણા ગુરૂ ઉપર તથા આપણાં માતપિતા ઉપર માનયુક્ત હેત રાખતા હોઇએ છીએ તોજ આપણે તેમના વિચાર એકદમ વિચાર કર્યા વિના સ્વીકારવાને તત્પર હોઇએ છીએ; અને જો આપણે તેમની સાથે વાદવિવાદ કરવાની છેક સ્વતંત્રતા લીધી

હોયછે તો આપણે ઇશ્વરી અને કુદ્રતી નિયમથી વિરૂદ્ધ ચાલી તેમની શીખામણ માન તથા હેતની સાથે લેખવતા નથીજ. એ રીતે તરૂણાવસ્થા અવિચાર અને ઉદ્ધતાઇને આધીન છે, તોપણ સર્વોત્તમ રસ્તો એ છે કે મધ્યસ્થ માર્ગ પકડી, વિચાર કર્યા પછી જે વાત વાજબી માલૂમ પડે તે વાત સ્વીકારી તે પ્રમાણે વર્તવું જોઇએ.

प्रकरण ७ मुं.

ભાષા શીખવા વિષે.

કોઈ પણ પુસ્તક વાંચવામાં અથવા કોઈ પણ ગુરૂનાં ભાષણ સાંભળવામાં પહેલી અગત્યની વાત એ છે કે જે ભાષામાં પુસ્તક રચાયું હોય અથવા ભાષણ અપાતાં હોય તે ભાષા તમારે સારી પેઠે સમજવી જોઇએ. હાલના સમયમાં વપરાતી ભાષાઓ થોડા નિયમથી, વાતચીતના પરિચયથી તથા અમુક પુસ્તકનાં વાંચનથી સહેલી રીતે શીખાયછે; તેમજ પ્રાચીન ભાષાઓનો પણ એજ રીતે, એટલે કંઇક નિયમ, કંઇક વાંચન અને કંઇક સંભાષણ એઓથી, સરળતાની સાથે અભ્યાસ થઈ શકેછે. આ પ્રસંગે એ વિષય ઉપર થોડા ઘણા વિચાર ટાંકવા યોગ્ય જણાયછે.

૧. પ્રથમતઃ તે ભાષાનું વ્યાકરણ કે જેમાં અવશ્યના અને કેવળ સાદા નિયમ આપ્યા હોય તે વાંચો. નામની વિભક્તિ અને ક્રિયાપદનાં રૂપાખ્યાપન મ્હોએ કરો તેમજ વાક્ય રચનાનાં કેટલાંક મૂળ અને સાદા નિયમ પાડે રાખો. પણ એટલું યાદ રાખવું કે કેટલીક ભાષામાં કેટલાંક સાધારણ રીતે વપરાતાં નામની વિભક્તિ તથા ક્રિયાપદનાં રૂપાખ્યાપન એક અમુક રીત પ્રમાણે થાયછે, અને તે બરાબર ધ્યાનમાં લેવાં જોઇએ.

૨. એ વ્યાકરણ તમે જે ભાષા બોલતા હો તેમાંજ હોવું જોઇએ, કેમકે સંસ્કૃત ભાષા શીખવામાં કોઈ ગૂજરાતી બોલ-

નારો આરમ્ભે સંસ્કૃત વ્યાકરણ પાઠે કરવા જાય એ કેવળ વ્યર્થ શ્રમ જેવું ગણાય અને હાંસીને પાત્ર થાય. અર્થાત્ તે વ્યાકરણ પોતાની ભાષામાં અને સંક્ષિપ્ત હોવું જોઇએ.

૩. વ્યાકરણની સાથે, તમે જે ભાષા શીખતા હો તેમાંની થોડી સહેલી ચોપડી કે જેમાં વ્યાકરણમાં આપેલા નિયમ પ્રમાણે નામની વિભક્તિ, ક્રિયાપદનાં રૂપાખ્યાપન વગેરે આવી જતાં હોય, તે પણ વાંચો; પરંતુ કવિતાનાં, વક્તૃત્વનાં અને ઇતિહાસનાં ઊંચા વર્ગનાં પુસ્તક તો જ્યાંસુધી તમને તે ભાષામાં કંઇકિ પ્રવીણતા મળે ત્યાંસુધી એક કોરે મૂકો.

૪. તમારે સાધારણ અને ઉપયોગી શબ્દ, નામ અને વિશેષણ, સર્વનામ અને ક્રિયાપદ, એ મ્હોએ કરી રાખવાં જોઇએ કે તેથી તમે તમારા સાધારણ વિચાર તે ભાષામાં સરળતાથી દર્શાવી શકો.

૫. શીખનારને જરા પ્રવીણતા મળે કે તે જે ભાષાનો અભ્યાસ કરતો હોય તે ભાષામાં વાતચીત કરવાનો તેને તેના ગુરૂએ મહાવરો પાડવો જોઇએ, કેમકે જો એક બે વર્ષનું બાળક પણ એ રીતે પોતાની ભાષા બોલતાં શીખેછે તો મોટાં માણસને એમ કરવાથી ફાયદો થાય એમાં કંઈ શક નથી.

૬. અભ્યાસનાં પહેલાં વરસમાં તો શીખનારે વાક્યરચનાના મૂળ નિયમો ઉપર પૂરતું ધ્યાન આપવું જોઇએ અને સહેલાં સહેલાં વાક્યોનું ભાષાંતર કરવાનો મહાવરો રાખવો જોઇએ.

૭. પછી જેમ જેમ તેના અભ્યાસમાં વધારો થતો જાય તેમ તેમ તેણે કેટલાંક અનિયમિત નામ, ક્રિયાપદ, ઇત્યાદિથી વાકેફ થવું જોઇએ અને વ્યાકરણના સાધારણ નિયમથી ઊલટી રીતે વપરાતા શબ્દ ધ્યાનમાં લેવા જોઇએ.

૮. આટલે લગી માહિતી મેળવ્યા પછી તેણે કાવ્યનાં, વક્તૃત્વનાં અને ઇતિહાસનાં જરા વધારે અઘરાં પુસ્તક વાંચવાં શરૂ કરવાં અને તેમાં તેના ગુરૂએ તેને તે સમયની રીતભાતથી અને ધારાથી વાકેફ કરવો જોઇએ. વળી તેને તે પુસ્તકમાંથી

પોતાની ભાષામાં અને પોતાની ભાષામાંથી શીખવા માંડેલી ભાષામાં ભાષાંતર કરવાનો અભ્યાસ પાડવો જોઇએ: અને તેની પાસે પદ્યનો તરજુમો પણ ગદ્યમાં કરાવવો જોઇએ, કેમજે વાસ્તવિક રીતે જોતાં કાવ્યમાં વ્યાકરણનો સમાવેશ થતો નથી.

૯. આ સમયે ભાષાની કેટલીક ખાસ રૂઢી પણ તેના જાણ્યામાં આવશે, અને તેની સાથે તેના ગુરૂએ તેને તે ભાષાની ખૂબીનું અને તેમાંના અલંકારનું ભાન કરાવવું જોઇએ.

૧૦. અગરજો કવિતાનો સઘળો પાઠ પાડે કરવો એ નિરૂપયોગી શ્રમ જેવું જણાય, તોપણ તેમાંનાં કેટલાંક ચરણ કે જેમાં સુંદર ભાષા તથા અલંકાર વાપર્યા હોય અને જે વ્યાકરણના સાદા નિયમને અનુસરતાં હોય તે તો મ્હોએ કરવાંજ જોઇએ.

૧૧. વળી એટલું યાદ રાખવું જોઇએ કે શીખનાર જે જે નિયમ, પાઠ, કવિતા વગેરે મ્હોએ કરવાનું યત્ન કરતો હોય તે તે નિયમ વગેરે તેણે બરાબર સમજવાં જોઇએ. એ બાબતમાં ગુરૂએ તેને પૂરેપૂરી સમજણ પાડવી, કેમજે તેમ કરવાથી શિષ્યને તે પાઠ મ્હોએ કરવો ઘણો સહેલો પડશે અને તેને આનંદ થશે. બાળક શિષ્ય પાસે અજાણ્યાં વાક્યનું મોટું પાનું મ્હોએ કરાવવું એ તેના ઉપર જૂલમ અને ઘાતકીપણું વાપર્યા બરાબર છે; અને એમ પાડે કરવાનું કામ મનુષ્ય પ્રાણીનું નહિ પણ પોપટનું છે.

૧૨. બીભત્સ ભાષણ શિષ્યને શ્રવણે ન પડે એ વિષે ગુરૂએ ઘણીજ કાળજી રાખવી જોઇએ.

૧૩. સમાપ્તિમાં કહેવાનું એટલું કે કોઇ પણ માણસે એકાદી ભાષા શીખ્યા પછી તે સાહુકારી રાખી પાછી પોતાના ગુરૂને સોંપી દેવી નહિ. તેણે તે ભાષાની માહિતી કાયમ રહે એવો પ્રત્યેક પ્રસંગ ઝડપી લેવો. વળી કોઇએ એકથી વધારે ભાષાનું જ્ઞાન સંપાદન કર્યું હોય તો તેથી તેણે ફૂલાઈ જવું નહિ; કેમકે ખરૂં જોતાં તે માત્ર શબ્દના કોષ રૂપ છે, અને તેનાં સાધનવડે

આપણે અવર લોકને આપણા વિચાર સહેલથી સમજાવી શકીએ છઇએ. પરંતુ મનુષ્યનો સ્વભાવ એવો અપૂર્ણ છે કે એકાદા વૈયાકરણીનું કે ટીકાકારનું અભિમાન તત્વવેત્તાના અહંભાવ કરતાં પણ ચઢેછે.

प्रकरण ८ मुं.

કોઈ પણ ગ્રન્થકર્ત્તાનાં કે વક્તાનાં લખાણનો કે ભાષણનો હેતુ તથા અર્થ બરાબર સમજવા વિષે.

શબ્દમાં અને વાક્યરચનામાં એવી ગુંચવણ રહેલીછે કે તેના તેજ શબ્દનો કે તેના તેજ વાક્યનો અર્થ જુદો જુદો થઈ શકેછે અને તેને લીધે કેટલીક વાર ગ્રન્થકર્ત્તાનો કે વક્તાનો ભાવાર્થ સમજવામાં બહુ મુશીબત પડેછે. એવે પ્રસંગે હેઠે બતાવેલી રીત બહુ ઉપયોગી થઈ પડશેઃ—

૧. જે ભાષામાં કે બોલીમાં ગ્રન્થકર્ત્તાનો કે વક્તાનો ભાવાર્થ દર્શાવવામાં આવ્યો હોય તે ભાષાથી કે બોલીથી સંપૂર્ણ રીતે વાકેફ થવું જોઇએ. માત્ર પ્રત્યેક શબ્દનો ખરો અર્થ સમજવો જોઇએ એટલુંજ નહિ, પણ અમુક જગાએ જે શબ્દનો જેવો અર્થ થતો હોય તે શબ્દનો તેવો અર્થ પણ જાણવો જોઇએ; અને ભાષાની રૂઢીથી વાકેફ થઈ વ્યવહારમાં તે શબ્દનો જે અર્થ થતો હોય તે પણ ધ્યાનમાં રાખવો જોઇએ.

૨. જે દેશમાં, સમયમાં તથા પ્રજામાં તે ગ્રન્થકર્ત્તા રહ્યો હોય તે દેશ, સમય તથા પ્રજા એ ઉપર નજર રાખી અમુક શબ્દોનો અર્થ ત્યારે કેવો થતો હતો અને હાલ કેવો થાયછે તે ધ્યાનમાં લેવું જોઇએ.

૩. ગ્રન્થકર્ત્તાએ એક ઠેકાણે જે શબ્દ વાપર્યા હોય તે બીજે ઠેકાણે કેવી રીતે વાપર્યાછે તે વિષે તુલના કરવી.

૪. જે વિષય ઉપર ગ્રન્થકર્ત્તાએ લખાણ કર્યું હોય તે વિષય ઉપર વિચાર કરવો.

૫. ગ્રન્થકર્ત્તાની યોજના અને તેનો ઉદ્દેશ મનમાં ઉતારી એ પુસ્તક લખવામાં એનો હેતુ શો છે તે તપાસવો; એમ કરેથી એનાં લખાણનો ભાવાર્થ તમારા ધ્યાનમાં ઉતરશે, કેમજે હરેક ન્યાયી અને ડાહ્યો ગ્રન્થકર્ત્તા તો ઘણું કરીને પોતાનું લખાણ ધારેલા હેતુ ભણીજ વાળ્યો ગયો હશે.

૬. લખાણમાં જે પાત્રજન દાખલ કરેલાં હોય તેનાં ભાષણ ઉપર વિચાર કરવો એટલુંજ નહિ, પણ જે પુરૂષને એ ભાષણ આપવામાં આવ્યું હોય તેનો પણ વિચાર કરવો; વળી દેશ, કાળ પણ ધ્યાનમાં લેવાં.

૭. જે બાબતમાં દલીલ બતાવવામાં આવી હોય તેમાં લખનારનો ભાવાર્થ મરડી મચરડીને તમારા પોતાના મત પ્રમાણે નહિ લો તો તમારાથી તેનાં લખાણનો સ્પષ્ટ અર્થ સહજ સમજાશે.

૮. એટલા માટે, મત્સરનો, અભિમાનનો અને દુર્બુદ્ધિનો વિકાર વેગળોજ રાખવો.

૯. છેલ્લે કહેવાનું એટલું કે જેમ તમે તમારા લખાણનો અથવા ભાષણનો અર્થ બીજા માણસ અમુક રીતિ કરે તો સારૂં એવી ઇચ્છા રાખો તેમ પ્રત્યેક ગ્રન્થકર્ત્તાનાં અથવા વક્તાનાં લખાણનો અથવા ભાષણનો અર્થ તમારે પણ યોગ્ય વિચારની સાથેજ લેવો જોઇએ.

प्रकरण ९ मुं.

સંભાષણથી મનનો સુધારો કરવાના નિયમ વિષે.

૧. જો સંભાષણથી મન સુધારવાની આપણી ઇચ્છા હોય તો આપણે આપણા કરતાં વધારે ડાહ્યા અને જ્ઞાની પુરૂષ સાથે ઓળખાણ કરવું એ અવશ્યનું અને લાભકારક છે. બની શકે ત્યાંસુધી વારંવાર તેમની કૃપા સંપાદન કરી તેમની

સાથે વાતચીત કરવાનો ખૂબ પરિચય રાખવો; અને જો તેઓ કમસુકની હોય તો તેમની સાથે લીંબુના રસની પેઠે ભળી જઈ તમારા જ્ઞાનમાં વધારો થાય એવી વાત તેમની પાસેથી હરેક પ્રકારે ખેંચી લેવી.

૨. ગમે તેવી મંડળીમાં હો તોપણ તમારે તમારો સમય નજીવી અને નફફટાઈની બાબતમાં ગુમાવવો નહિ; જો બાળકની સાથે ગેલ કરવામાં વખત ગુજારો તો તેમાં પણ તમારે તેની શક્તિના પ્રમાણમાં વાતચીત કરવી: તેની તર્કશક્તિની કુંપળ તપાસવી, તેઓ ધીમે ધીમે જ્ઞાનનાં ઘરમાં કેવી રીતે પ્રવેશ કરેછે તે જોવું અને તેમની સમજણને કેવા પ્રકારના વહેમથી ધોકો લાગેછે તે પણ તપાસવું. એ રીતે તમે બાળકનું કલ્યાણ શી રીતે કરવું તે પણ શીખશો, અને તેની સાથે તમારો સમય પણ આનંદમાં કાઢશો.

૩. જો તમને કોઈ વ્યાપારી કે નાવિકની, ખેડુત કે કારીગરની, ગ્રામવાસી કે નગરવાસીની સોબત થાય તો તે પ્રસંગે તમારે તેમના પોતાનાજ ધંધા વિષે કે તેમની જાણીતી વાત વિષે વાત કાઢવી; કેમકે દરેક માણસ પોતાને લગતી બાબતમાં વધારે સમજુ હોયછે. એ રૂપમાં જોતાં એક સાધારણ મજૂર પણ તત્વવેત્તાના કરતાં વધારે ડાહ્યો હોયછે; અને ઉપર કહ્યું તે પ્રમાણે વર્તવાથી તમે જેને જેને મળશો તેની પાસેથી કંઈ પણ સાર સંગ્રહ કરવાને સમર્થ થશો.

૪. હમેશા એકજ વર્ગનાં માણસની મંડળીમાં રહેવું નહિ, કેમકે તેમની પાસે ઘણું રહેવાથી જો પ્રથમથીજ તેમનાં ખોટાં મત તમારા મનમાં ઠશી ગયાં તો તે પાછળથી ખસવાં મુશ્કેલ પડશે. જુદા જુદા દેશનાં, વર્ગનાં, પક્ષનાં, મતનાં અને ધંધાનાં માણસ જોડે વાતચીત કરવાથી તમને ઘણું જ્ઞાન પ્રાપ્ત થશે, તેમ તમારા મનમાં ઠશી ગયેલા ખોટા વિચાર પણ દૂર થશે. એ બાબતમાં એક દૃષ્ટાંત જાણવા લાયક છેઃ—

ચીનની પાસેના શિઆમ નામે દેશમાં કેટલાક યુરોપખં-

ડના વ્યાપારી ત્યાંના રાજા પાસે તે દેશ સાથે વ્યાપાર ચલાવવાની પરવાનગી માગવા ગયા હતા. રાજાએ વાતચીત કરતાં તેમને પૂછ્યું કે "તમારા દેશમાં શિયાળાની ઋતુ કેવી હોયછે"? તેમણે કહ્યું જે "અમારા દેશમાં શિયાળામાં પાણી એટલું તો કઠણ બંધાઈ જાયછે કે માણસ, ગાડી, ઘોડા વગેરે તે ઉપરથી જા આવ કરી શકેછે. વળી કેટલીક વાર પક્ષીનાં પર જેટલાં હલકાં અને સફેત વરસાદનાં ફોરાં પડેછે અને કેટલીક વાર નાના નાના પથ્થર જેવા સખ્ત અને ભારે વરસાદના છાંટા ગરેછે." તેમનું કહેવું રાજાના માનવામાં બિલકુલ આવ્યું નહિ, કેમકે તેના દેશની હવા ઘણી ગરમ હોવાને લીધે તેને પોતાને તેમજ તેની પ્રજાને બરફ, હિમ અને ઓસ એઓની બિલકુલ જાણ નહોતી. તેણે તે વેપારીઓને કહ્યું કે "તમે નિરાધાર જૂઠા છો અને તેથી તમને મારા દેશ સાથે વેપાર કરવાની પરવાનગી આપવામાં નહિ આવે." એ રીતે તેણે તેમને કાઢી મુક્યા. અજ્ઞાનતાથી કેવા માઠા પરિણામ નીપજેછે તે એ દૃષ્ટાંત ઉપરથી સાફ માલૂમ પડી આવેછે.

૫. અજાણ્યા અને જાણીતા માણસની મિશ્ર મંડળીમાં દરેક જણ પાસેથી કંઈ પણ જ્ઞાનનું ગ્રહણ કરવાનું પ્રયત્ન કરવું. શ્રવણશક્તિને ઘણી તીવ્ર રાખવી, પણ વાચાશક્તિને અંકુશમાં રાખવી કે તમારૂં અજ્ઞાન પણ બહાર ન પડે તેમ બીજાઓનાં મન પણ ન દુઃખાય.

૬. તમારા પોતાના વિચારથી જુદા વિચાર વાંચીને કે સાંભળીને અચંબો પામી ચીડાઈ જશો નહિ. કેટલાંક માણસ પોતાનો કક્કો એટલો તો ખરો ગણેછે કે તેમનાથી બીજી વાત તો લક્ષમાં ઉતારી શકાતીજ નથી. તેઓ બુદ્ધિરૂપી વિસ્તીર્ણ દેશના એકાદા પ્રાંતના ધણી થઈ પડેછે અને એમ ધારેછે કે જ્ઞાનરૂપી પ્રકાશ માત્ર ત્યાંજ છે અને બાકી સઘળે ઠેકાણે અજ્ઞાનરૂપી તિમિર છવાઈ રહ્યુંછે. જ્ઞાનરૂપી

અગાધ મહાસાગરનો અનુભવ લેવાની તેમની હિંમત ચાલતી નથી અને તેઓ બીજા માણસના ખરેખરા ઉપયોગી જ્ઞાનને ગણકારતા નથી. માત્ર જે શાસ્ત્રનો પોતે અભ્યાસ કરતા હોય અને જે મંડળમાં પોતે જન્મ્યા તથા કેળવણી પામ્યા હોય તેમાંજ સત્ય રહ્યુંછે એમ માણસોએ કદી ધારવું જોઇએ નહિ.

૭. તમારાથી ઘણી ઉતરતી સ્થિતિનાં માણસ પાસેથી પણ તમે ધારો તો કંઇ જ્ઞાન ગ્રહણ કરી શકો: કેમ જે આપણે સઘળાં ટૂંકી નજરનાં પ્રાણી છઇએ, આપણા વિચાર સંકોચિત છે, આપણે ઘણીખરી વાર બાબતોને એકજ બાજૂ તરફથી જોઇએ છઇએ અને તેને લગતી આધેની વાત તપાસતા નથી; આપણે જોઇએ છઇએ પણ થોડું અને જાણીએ છઇએ પણ થોડું, તેથી આપણા નિર્ણય ખરા હોતા નથી એમાં કંઇ નવાઇ જેવું નથી; એટલા માટે, પોતાની બુદ્ધિનું ઘણું ગુમાન રાખતો હોય એવો માણસ પણ જો પોતાનાથી હલકી પંકિતના માણસની સલાહ લે તો તે પણ તેને ઉપયોગી થઇ પડ્યા વિના રહે નહિ, કેમકે હર કોઇ વાત આપણે આપણી સમજ પ્રમાણે જુદી જુદી રીતે લેખીએ છઇએ અને કોઇ વાર એવું પણ બનેછે કે ટૂંકી બુદ્ધિનો માણસ જ્યાદે અકલના માણસ કરતાં વધારે સમજેછે.

૮. જ્યારે કોઇ મુશ્કેલ વાત સમજવી હોય ત્યારે તેમાં બે ચાર માણસની સલાહ લેવાથી ઘણો ફાયદો થાયછે, કેમ જે દરેક માણસ પોતપોતાની સમજ પ્રમાણે અભિપ્રાય આપે તેમાંથી તે વાત ખરા રૂપમાં જણાયછે અને તેને વિષે વાજબી તુલના થઇ શકેછે.

૯. ધારેલી અથવા અણધારેલી મુલાકાતમાં થતી વાતચીત કીમતી અને ઉપયોગી કરવાને માટે, પ્રથમનો આવકાર અને તે પછીનું સંભાષણ થઇ રહે કે, મંડળીમાંના એક જણે મંડળીને પ્રસન્ન પડે એવું એકાદું પુસ્તક કાઢી તેમાંની દશ બાર કે વધારે લીટીઓ, મંડળીમાંના કોઇને પોતાનો મત આપવો

પડે એવા પ્રસંગ આવે ત્યાંસુધી, વાંચવી. તે ઠેકાણે વાંચનમાં ભંગ પડે તેનો દોષ લેવો નહિ, કેમ જે વાંચવાનો મૂળ હેતુ માત્ર સંભાષણનો પ્રસંગ પ્રાપ્ત કરવાનોજ હોયછે. પછી જે માણસને પોતાનો અભિપ્રાય આપવાની ઇચ્છા હોય તેને તે આપવા દેવો અને એ રીતે વાતચીત લંબાવવી. જ્યારે સંભાષણ મંદ પડે ત્યારે વળી થોડુંક વાંચવું ને તે વિષે વાત ચલાવવી. એ પ્રમાણે કરવાથી વખત નકામો નહિ જતાં જ્ઞાનમાં વધારો થશે.

૧૦. વળી તમારે આ નિયમ ખૂબ ધ્યાનમાં રાખવો કે વાતચીત કરતાં કોઇની નિંદા કરવી નહિ કે કોઇનો ગિલ્લો કરવો નહિ, પણ કંઈ જ્ઞાનનો વિષય કાઢવો અને તેનો નિર્ણય થતાં સુધી બીજા વિષય ઉપર કૂદી પડવું નહિ.

૧૧. જ્યારે મંડળીમાંનો કોઈ મુકરર કરેલી બાબત ઉપર વાત કરે ત્યારે તેનું કહેવું ખૂબ ધ્યાન દઈ શુદ્ધ અંતઃકરણથી સાંભળવું અને તેની દલીલ તમારા વિચારથી કેવળ વિરૂદ્ધ હોય તોપણ તેને ધીરજથી મનમાં ઉતારવી. જ્યારે તે પોતાનો વિચાર દર્શાવતો હોય ત્યારે તેની સામા કંઈ વિરૂદ્ધ મત આપવા સમર્થ થવાને તમારે તમારા વિચાર તેની ભૂલ શોધી કાઢવામાં ઉપયોગી કરી મૂકવા નહિ. એવી પ્રકૃતિનાં માણસ ઘણાં જોવામાં આવેછે; તથાપિ તમારે એમ કરવું નહિ, પણ તેના મનનો ખરો ભાવાર્થ સમજી તેના કહેવામાં જે ખરૂં હોય તે કબૂલ કરવાને તત્પર રહેવું અને તેની સાથે જ્યાં તેનું બોલવું ખોટું લાગે ત્યાં તેની સામા પણ થવું. પરંતુ એમ તેના વિચારની વિરૂદ્ધ થવામાં નમ્રતાનો, ધીરજનો અને મિત્રાઇનો ભાવ જતો રહેવો જોઇએ નહિ. જ્યારે કોઈ માણસ પોતાની સાધારણ બુદ્ધિને અનુસારે કોઇ વિષય ઉપર સ્વતંત્રપણે, સરળતાથી સાદી ભાષામાં ભાષણ કરતો હોય, ત્યારે તેની સાથે સંભાષણ કરવાથી તમને કંઈ જ્ઞાનનો લાભ નહિ થાય એવો એકદમ તર્ક બાંધશો નહિ; કેમ જે સાદી ભાષામાં સૌને સમજણ પડે એવી રીતે વાત કરવી કે ભાષણ આપવું એ ઘણું દુર્લભ છે.

૧૨. જ્યારે તમારા મંડળમાંના કોઇના ભાષણમાં સમજણ ન પડે એવું હોય ત્યારે ઘણી નમ્રતાની સાથે "મારાથી એ વાત સમજાતી નથી" એમ કહી તે વાત વધારે સ્પષ્ટ રીતે કહેવાની તેને વિનતિ કરવી, પણ તેનું બોલવું ગડબડિયું છે એમ તેને દોષ દેવો નહિ. જો તમારા મનમાં કંઈ શંકા ઉત્પન્ન થાય તો, બીજા માણસ તેના ભાષણનો અર્થ ફલાણી રીતે કરશે એમ બતાવી, તમારે તેને તેનું નિવારણ કરવાનું કહેવું, પણ તેની સામા તમે પોતેજ બોલોછો એમ જણાવવું નહિ.

૧૩. જ્યારે તમારે તેના મતથી જુદા પડવાની જરૂર જેવુંજ હોય ત્યારે પણ બનતાં સુધી તમારે તેની સાથે મળતા આવવાની કોશિશ કરવી અને તે સ્પષ્ટ રીતે બતાવી આપવું; તથા પછી તમે જે અડચણ લેવાના હો તેનું યોગ્ય કારણ હોય તો વક્તાનું ભાષણ એવા અર્થમાં બતાવવું કે તે બધાની નજરમાં ઉતરે અને તમે પણ તેની સાથે મળતા આવોછો એમ જણાય. અથવા તેમાં જરા ઉમેરો કે ઘટાડો કરી તમારો પોતાનો વિચાર જણાવવો.

૧૪. વળી તમારે, તમે જાતે ઘણા અજ્ઞાન છો એ વિચાર રાખવો જોઇએ એટલુંજ નહિ, પણ જે વાતથી તમે અજાણ્યા હો તે વાત જો બીજાને પૂછવાથી માલૂમ પડતી હોય તો તેમ કરતાં શરમાવું કે બીહીવું નહિ. જો મગરૂબી અને શરમને લીધે બીજા માણસને પૂછતાં આચકો ખાધો ન હત તો આજ ઘણા માણસ પુષ્કળ જ્ઞાની થઈ ગયા હત.

૧૫. બહુ આગળ પડીને બોલવું નહિ, તેમાં વિશેષે કરીને તરૂણાવસ્થામાં તો એમ નજ કરવું. વડીલની મંડળીમાં તરૂણ માણસે તેમનું બોલવું ધ્યાન દઈ સાંભળવું અને તેનો કયાસ કરી, જ્યારે પોતાનો બોલવાનો વારો આવે ત્યારે, તેણે પોતાના વિચાર જાણે પોતાને કંઈ ખબર નહોય ને પોતે પૂછતો હોય એવી લઢણમાં દર્શાવવા. એમ વર્તવાથી તમારૂં મન સત્ય સ્વીકારવાને યોગ્ય સ્થિતિમાં રહેશે; કેમ જે જો તમે તમારા વિચાર

બરાબર છે એમ નહિ જણાવ્યું હોય તો તમારાથી તમારી ભૂલ સુધારવાને તત્પર રહેવાશે. પણ જો, અમે સાથી ડાહ્યા છઇએ એમ નક્કી માની, તમે કોઈ વિષયનો નિર્ણય કહાડ્યો હશે તો તમારી ભૂલ થઈ એવું જાણવા છતાં પણ તમે તે કબૂલ કરી સત્ય વાત સ્વીકારશો નહિ.

૧૬. પ્રત્યેક વિષયમાં અથથી તે ઇતિ સુધી વાદવિવાદ કરવાની ધુન્ય રાખવી નહિ, તેમજ પોતાનું કહેવું ખરૂં છે એમ જણાવવાની હુશિઆરી તથા તકરાર કરવાની શક્તિ બતાવી આપવાને તત્પર રહેવું નહિ; કેમકે જે વાદવિવાદથી કંઈ સત્ય શોધી શકાતું નથી તે કોડી કામનો જાણવો નહિ. એમ કરવામાં જે નજીવી વાત આપણા મતને પુષ્ટિકારક હોયછે તે આપણે આગળ પાડીએ છઇએ અને તેથી આપણે આપણું જ્ઞાન વધારવાને બદલે ઊલટા અજ્ઞાનતાના કૂપમાં દીવો લઇને પડીએ છઇએ.

૧૭. જ્યાં સાચી વાત ખોળી કાઢવાને સરળ વાતચીત ચાલતી હોય ત્યાં પોતાના મંડળના વિચારજ ખરા છે એવો જુસ્સો પ્રગટ કરવો નહિ.

૧૮. મંડળીમાં કોઇએ સઘળાને અસ્ત પમાડવાનું અભિમાન રાખવું નહિ તેમજ વક્તૃત્વથી પોતાની સમજનો ખજાનો બતાવી દેવાની ઇચ્છા રાખવી નહિ, કેમકે સુધરેલા વિચારના લોકને એ અવિવેક જેવું લાગેછે; તેમાં મુખ્યત્વે કરીને તેણે એવું ભાષણ તો નજ વાપરવું કે જેથી બીજા બધા અજ્ઞાન અને એક પોતેજ જ્ઞાની અને બુદ્ધિમાન છે એમ જણાય.

૧૯. અગરજો છટાદાર અને લાંબું ભાષણ કરી તેથી ફુલાઈ જવું એ તમને ઘટતું નથી, તોપણ જો કોઈ બીજો એમ કરતો હોય તો તેને દોષ દઈ તેમાં અટકાવવો એ બેઅદબી જેવું છે માટે તેમ કરવું નહિ; પણ જ્યારે તે બોલી રહે ત્યારે તેના વિચાર સંક્ષિપ્ત રીતે બોલી બતાવવા, અને તે પણ તેનું ભાષણ સુધારવાના હેતુથી કર્યું નથી, પરંતુ જેનાથી તેનું કહેવું બરાબર

સમજાયું ન હોય તેને તેનો ખરો ભાવાર્થ દર્શાવવાના હેતુથી કર્યુંછે એમ જણાવવું જોઇએ.

૨૦. બીજા માણસને તેઓ વહેમી અને અજ્ઞાન છે એવો દોષ દેવાને તત્પર રહેશો નહિ. તમે જાતે વહેમી નથી એમ બતાવી આપવાની સર્વોત્તમ રીત તો એજ છે કે તેનું કહેવું તમારા વિચારથી વિરૂદ્ધ હોય તોપણ તે તમારે ધીરજથી સાંભળવું. સુજનના મંડળમાં, સંદેહ યુક્ત અને તકરારી બાબતમાં, તમારા મતની સામા કંઈ કહેવું થાય તો તે સાંભળવાની તમને સહજ ટેવ હોય એમ માલૂમ પડવું જોઇએ; એટલા માટે તમારે સઘળી તરફની તકરાર ધીમે રહી મનમાં ઉતારવી, નહિતો તેઓ એમ ધારશે કે કંઈ ખોટા વિચાર આગળથી તમારા મનમાં ઠશી ગયાછે તેથી તમે હઠ લઈ બેઠાછો. જો તમારા અંતઃકરણમાં કોઈ મત વાજબી અને પૂરતા પાયાસર ઠશી ગયો હોય અને તે તમે પ્રગટ કર્યો હોય તો તે ઉપર વાદવિવાદ ચાલે તેથી તમારે શામાટે ગભરાવવું કે ચીડાવવું જોઇએ?

૨૧. સઘળા પ્રકારનાં સંભાષણમાં જે વાતથી બીજાના મનમાં ક્રોધ પ્રદીપ્ત થાય અથવા તેનું રૂધિર રાતું થઈ જાય તેનો તો પાશજ પડવા દેવો નહિ. કટુવેણ, નિંદા, ધાંટાધાંટ, વ્યંગ, ક્રોધ અને દ્વેષ એઓનો તો ત્યાગજ થવો જોઈએ. બીજાના ભાવાર્થનો જાણી જોઇને ઊલટો અર્થ લેવો નહિ. એક વાત કોઇના મોંમાંથી ભૂલને લીધે નીકળી ગઈ તો તે તરત પકડી લઈ તેના ઉપર ટીકા કરવી નહિ. સામો માણસ હટી જતો હોય તો તેનો તિરસ્કાર કરવો નહિ. ખરેખરો જય થયો હોય તોપણ અભિમાનનો રંગ ભભકી ઊઠવો જોઇએ નહિ. એ બધાં મિત્રતાનાં મૂળનાં છેદન કરનારાં છે. સત્યની નિષ્પક્ષપાત શોધમાં શાન્તિ અને સ્થિરતા તેમજ સુસ્વભાવ અને શુદ્ધ મન એ અવશ્યનાં છે. ક્રોધ, અભિમાન, અને શોરબકોર એઓની સાથે શિક્ષા કદી લેવાતી દેવાતી નથી. એ તો માત્ર મનુષ્ય-સ્વ-

ભાવનાં હલકાપણાનું ચિત્ર થઈ પડેછે અને તેમાંથી ફક્ત ડાહ્યા માણસજ શીખામણ લઈ શકેછે.

૨૨. એટલા માટે જ્યારે કોઈ મંડળમાં કોઇના મ્હોમાંથી સામા માણસને માઠું લાગે અને તેનું દિલ દુઃખાય એવા શબ્દ નીકળે ત્યારે તે ગમે તેટલા વાજબી હોય તોપણ તેને તરત સમાવી દેવાનું અને મનને શાન્ત પાડવાનું યત્ન કરવું તથા તમારો આત્મા અને તમારી જિંહ્વા એઓને અંકુશમાં રાખવાં, નહિતો તમારો તેટલો સમય એળે જશે અને જ્ઞાનના વધારાને બદલે ઠોક અને નિંદા એથી ઊલટો તેનો બગાડો થશે. ઉપર કહ્યું તે રીતે વર્તવાથી જે માણસે શાન્તિનો ભંગ કરવાનું કારણ આપ્યું હશે તે શરમાઇને ઝંખવાણો પડી જશે અને કલહનો એટલેથી અંત આવશે. એમ કરતાં પણ જો ક્લેશનો જુસ્સો નરમ ન પડે તો તેને જરા અસરકારક બોધ આપવો અથવા તે વાતને ચતુરાઇથી હાસ્યમાં પલટી નાંખી તેની જુસ્સા ભરેલી તકરારમાં આડખીલ નાંખવી એટલે તે, જેમ કોઈ પૂરપાટ દોડતો જતો ઘોડો સામું કંઈ આવ્યું તો ચકિત થઈ ઊભો રહેછે તેમ, તકરાર કરતો એકદમ બંધ પડશે.

૨૩. વિવેકમાં રહી શુદ્ધ મનથી સંભાષણ કરવાની ટેવ પાડો, અને તમે શીખવતા હો કે શીખતા હો, સામા થતા હો કે અનુમત આપતા હો, તોપણ સામા માણસને સારૂંજ લાગે એવી રીતે વાત કરવાની ચતુરાઈ મેળવો. એટલી સભ્યતા વાંસે બતાવ્યા તે નિયમને અનુસર્યાં વિના સંપાદન થઈ શકવાની નહિ, વાસ્તે તે અમલમાં આણ્યા વિના રહેવું નહિ.

૨૪. મનને કેળવવાને માટે અને જ્ઞાનમાં વધારો કરવાને માટે તમારે કેવી રીતના સોબતી પ્રસન્ન કરવા એ જાણવાની જો તમારી ઇચ્છા હોય તો સાધારણ નિયમ એ છે કે તેઓ બુદ્ધિમાન, વિદ્વાન, કળાકૌશલ્યમાં પ્રવીણ કે ગુણવાન હોવા જોઇએ; સંક્ષેપમાં તેઓ તમને કંઈ શીખવી શકે એવા હોય તો ઠીક. વળી તેઓ નીતિમાન છે કે નહિ તેનો પણ તમારે નિશ્ચય કરવો જોઇએ, કેમ જે નહિતો "લેને ગઈ પૂત ને ખોઆઈ

ખસમ" એ કહેવત પ્રમાણે તમે જ્ઞાન મેળવવાને બદલે ઊલટા અધર્મના અને દુર્ગુણના ભોગ થઈ પડશો. કોઈ પણ શાણો માણસ મરકીના ચેપવાળી પુસ્તકશાળામાં અતિ દુર્લભ ગ્રંથ વાંચવા જવાની એ હામ ભીડશે નહિ.

૨૫. વળી સત્યની શોધ કરવામાં ગમે તેવો સાલસ માણસ અથવા ગમે તેવો બુદ્ધિમાન અને વિદ્વાન પુરૂષ પણ, જો તેનામાં હેઠે બતાવેલી ખોડમાંની એકાદી હોય તો, સંભાષણને માટે લાયક નથીઃ—

૧. જો તે ઘણોજ કમસુકની હોય અને તેનામાં ભાષણ કરવાની તથા પોતાના વિચાર સ્પષ્ટ રીતે દર્શાવવાની શક્તિ ન હોય;

૨. જો તે પોતાના જ્ઞાનનું અભિમાન ધરાવતો હોય અને સામા માણસને નિરંતર પોતાનાજ મત સ્વીકારવાની જરૂર પાડવાને ખંતી હોય;

૩. જો તે પોતાનાજ વિચાર ખરા છે એમ આખર પર્યંત સિદ્ધ કરી આપવાને તત્પર અને હઠીલો હોય તથા ગમે તેવો મજબૂત પુરાવો છતાં સત્ય વાત સ્વીકારવાને રાજી ન હોય અથવા પોતાના મતથી વિરૂદ્ધ વાત સ્વીકારવામાં પોતાનો પરાજય થયો એમ કહેવાય એવું ધારી તેમાં હિણપત માનતો હોય:

૪. જો તે મંડળમાંના સર્વેને અસ્ત પમાડવાનો અને પોતાના વક્તૃત્વની કળા દર્શાવવાનો રશીઓ હોય તથા પોતાનું લાંબું ભાષણ બીજા બધા મૂંગે મ્હોએ ધ્યાન દઈ સાંભળે એવી ઈચ્છા રાખતો હોય;

૫. જો તે સ્થિર મનનો ન હોય, પણ કોઈ વિષય ઉપર વાદવિવાદ કરવામાં તેનેજ વળગી ન રહેતાં આસપાસની બાબતમાં ધ્યાન લઈ જાય એવો હોય;

૬. જો તે ચ્હીડીઓ, ક્રોધી અને સઘળે પ્રસંગે ગુસ્સે થઈ જાય એવો હોય, સામા કેમ થવું અને કોઈ સામું થયું હોય તો કેમ વર્તવું તે જાણતો ન હોય, અથવા કોઈ વાતમાં સમજ્યા વિના અનુમત આપવા તૈયાર હોય, તાર્કિક તિરસ્કારથી મ-

નમાં માઠું લગાડે એવો હોય, અને એકદમ ક્રોધનો આવેશ સમાવી ન રાખતાં મનમાં આવે તેમ ભભડી જાય એવો કે મનમાં ને મનમાં ધુમાયાં કરે એવો હોય;

૭. જો તેને સઘળે પ્રસંગે મશ્કરી, વ્યંગ અને મહેણાં કે જેથી થોડીવાર ગમત પડેછે પણ અંતે કંઇજ લાભ થતો નથી તે વાપરવાની ટેવ પડી ગઈ હોય; અને

૮. જો તે હમેશા કપટ રાખી મિત્રાઇના વેશમાં તમારા મનનું હારદ છૂપી રીતે જાણી લેવા ચહાતો હોય.

સંક્ષેપમાં જે માણસ નિષ્કપટી, નિખાલસ અને સરળતાથી સંભાષણ કરે એવો ન હોય તેની સોબતમાં ઝાઝું રહેવું એ અનુચિત છે.

હવે જો કે ધર્મની અને નીતિની રીતે જોતાં એવા પુરૂષ સાથે પણ પરિચય રાખવો જરૂરનો છે, તોપણ તેમની સમક્ષ ધર્મના કે એવા કોઈ અગત્યના વિષય ઉપર વાદવિવાદ કરવો નહિ. એટલું તો ખરૂં કે જો તેવો માણસ એવા કોઈ વિષય ઉપર ડહાપણથી અને ન્યાયની રીતે વાતચીત કરતો હોય તો તે તમારે ધ્યાન દઈ સાંભળવી અને તેના ભાષણમાંથી ગ્રહણ કરવા લાયક સાર ખેંચી લેવો, પણ તેની સાથે વિદ્યાની અને જ્ઞાનની બાબતમાં મન મૂકીને વાત કરવી નહિ.

. ૨૬. વળી એવા માણસના અવગુણની અસર તમારા અંતઃકરણને વિષે થવા પામે નહિ તે ઉપર ખૂબ નજર રાખવી; કેમ જે એમ થયું તો કોઈ વિદ્વાન અને ડાહ્યો પુરૂષ, તમારામાં મોટો ફેરફાર થયો જોઈ, તમને કદી સંઘરશે નહિ.

૨૭. સમાપ્તિમાં કહેવાનું એટલું કે જ્યારે તમે મંડળમાંથી જુદા પડો ત્યારે તમારે એકાન્તમાં બેશી વિચાર કરશો કે, તમે તમારી સમજણમાં શો સુધારો કર્યોછે, તમારા મન ઉપર તમારા આત્માની સત્તા કેટલે દરજ્જે વધીછે, તમારા સદ્ગુણમાં શો ઉમેરો થયોછે અને તમે તમારી વર્તણુક સુધારવાને કેવા કેવા નિર્ણય કાઢયાછે? જો તમને મંડળીમાંનાં કેટલાંક

માણસ નિષ્કપટી, નમ્ર, ડાહ્યાં અને શાણાં માલૂમ પડ્યાં હોય, તેમના વિચાર આસ્તિક અને ન્યાયયુકત, વિવેકપૂર્વક અને શોભાયમાન, સ્પષ્ટ અને સાચા માલૂમ પડ્યા હોય, અને તેમની વર્તણુક સર્વ કોઇને પ્રસન્ન પડે એવી માલૂમ પડી હોય, તો તમારે એ સઘળાંની છાપ તમારી સ્મરણશકિતમાં બેસાડવી અને તે પ્રમાણે વર્તવાનું યત્ન કરવું.

૨૮. જો તેમાંનાં કેટલાંક માણસ વિવેકના અને ન્યાયના નિયમની બહાર વર્ત્યાં હોય તો તે ધ્યાનમાં રાખી તેમાંથી શીખામણ લઇ તમારે તમારી વર્તણુકમાં સુધારો કરવો; અને એવી જાતના પ્રત્યેક પ્રસંગ ઉપરથી વિવેકયુકત અને ઉપયોગી સંભાષણમાં શી શી વાતને અનુસરીને ચાલવું જોઇએ અને શી શી વાતનો ત્યાગ કરવો જોઇએ તે યાદ રાખો. કદાપિ તમને માલૂમ પડશે કે કેટલાક માણસે મંડળીને ખુશ કરવાની લાલચમાં ખરૂં જોતાં સઘળાંને નાખુશ કરી દીધાં હોયછે: એટલે કાંતો તેમણે ઘણા આર્જવ દાખવ્યા હોયછે કે કાંતો કોઇનું પણ કહ્યું માન્યું હોતું નથી; કાંતો તેઓ સુમ થઇ બેશી રહ્યા હોયછે કે કાંતો તેમણે પોતાનામાં અકલ નથી એમ ન જણાય એટલા માટે ઘણું નિરર્થક ભાષણ કર્યું હોયછે; અને કાંતો તેમનું ભાષણ સુંદર હોવા છતાં તેમણે ગડબડગોટા વાળી દીધા હોયછે કે કાંતો તેમના વિચાર સારા હોવા છતાં તે બોલી દેવાની અત્યંત અધીરાઇ બતાવી, પોતાના સોબતીઓને જે કહેવું હોય તે કહેવાની તક ન આપતાં, તેઓ એકદમ ઓચિંતા બોલી ગયા હોયછે.

૨૯. એ રીતે સંભાષણ કરવામાં હજારો બાધ આવેછે; માટે ઉપર કહેલા અને એવા બીજા નિયમ લક્ષમાં લીધાથી તમે તમારી ખોડ સુધારી શકશો, અને ધીમે ધીમે સઘળાને પ્રસન્ન પડે એવી વાતચીત કરતાં શીખી, વાતચીતથી મનુષ્યજાત પોતાના જ્ઞાનમાં જેટલો વધારો કરી શકેછે તેટલો વધારો તમે તમારા પોતાના જ્ઞાનમાં કરવાને સમર્થ થશો.

प्रकरण १० मुं.

વાદવિવાદ વિષે.

૧. વાદવિવાદનો સમાવેશ આપણે સંભાષણના સાધારણ અર્થમાં કરી શકીએ ખરા. જ્યારે બે કે વધારે માણસ જુદા જુદા વિચાર બતાવેછે અને પોત પોતાના વિચારની સાબીતી દલીલથી આપેછે ત્યારે તેમની વચ્ચે વાદવિવાદ થયો એમ કહેવાયછે.

૨. હવે જેમં વાદવિવાદ ભિન્ન ભિન્ન મતને લીધે નીપજેછે તેમ કેટલીક વાર પાઠશાળા વગેરેમાં વિદ્યાર્થીની પ્રવીણતા જોવાને માટે પણ કરવામાં આવેછે; કેટલીક વાર ન્યાય સભામાં ચાલતા મુકદ્દમા વિષે પોતાનો એકજ મત હોવા છતાં વકીલો પણ દ્રવ્યને અર્થે સામસામી દલીલ બતાવેછે.

૩. સાધારણ વાતચીતમાં ઘણીખરી વાર કંઈ નિયમ વિના વાદવિવાદ ચાલેછે અને તેનો પરિણામ તકરાર કરનારાના સ્વભાવને અનુસારે સારો કે નરસો નીપજેછે. કેટલીક વાર એવી તકરારમાંથી સત્ય શોધાયછે, કેટલીક વાર સત્યવાતને ટેકો મળેછે, પણ ઘણીખરી વેળા તો તેમાંથી કલહ નીપજતો જોવામાં આવેછે.

૪. સઘળા પ્રકારની તકરારમાં, જો તેમાંથી કંઈ સાર સંગ્રહ કરવાનોજ હેતુ હોય તો કેટલાક નિયમ પાળવા જરૂરના છે.

૫. જ્યારે તકરાર શરૂ કરો ત્યારે તમે અને તમારો પ્રતિસ્પર્દ્ધી જે વિષય ઉપર તકરાર કરવી હોય તે વિષયની સાધારણ બાબતમાં મળતા આવોછો કે નહિ તે તમારે પ્રથમ નક્કી કરવું; કેમ જે એમ નહિ કરો તો તમે એક બીજાના મનનું કોટિ ઉપાયે સમાધાન કરી શકશો નહિ. બે મલ્લ કુસ્તી કરવાને તૈયાર

થાય તેમને પણ ઊભા રહેવાને સાધારણ મીન જોઇએ છ- ઇએ. જ્યારે તમને એમ માલૂમ પડે કે તમે એક બાબતમાં તો મળતા આવોછો ત્યારે તમારે તકરાર કરવા માંડવી. એમ કરશો તોજ તમે તકરારમાંથી કંઈ નિર્ણય કહાડી શકશો.

૬. તકરાર શક પડતી ભાષામાં ન કરતાં સમજણ પડે એવી સ્પષ્ટ ભાષામાં કરવી.

૭. વળી વાદવિવાદ કરવામાં જે શબ્દનું પ્રાધાન્ય હોય તેનો અર્થ તમારે માંહોમાંહે નક્કી કરવો જોઇએ એટલુંજ નહિ, પણ જે વિષય ઉપર તમે વાદવિવાદ કરવાના હો તેની કઈ બા- બતમાં તમે એક બીજાથી જુદા પડોછો તેનો પણ નિશ્ચય કરવો જોઇએ.

૮. વાદવિવાદનો હેતુ માત્ર સત્ય શોધવાનોજ રાખવો કેમ જે સામા માણસને હરાવી દેવાનો વિચારજ જો આગળ પડતો રહ્યો તો તેમાંથી માઠું પરિણામજ નીકળશે.

૯. વાદવિવાદ શરૂ કરતા પહેલાં મનમાં એવો ભાવ રાખવો કે તકરારમાંથી સત્યનું શોધન કરવાનું છે, પણ તે સત્ય વાત તમને માલૂમજ છે એમ ધારી તકરાર કરવી નહિ. સામા માણસનું કહેવું વાજબી હોય તો તે કબૂલ કરવાને તત્પર રહેવું: તેને આડાં અવળાં ફાંફાં મરાવી લુચ્ચાઇથી ગુચવણમાં નાં- ખવો નહિ, પણ તેના બોલવામાં જો સત્યરૂપી સૂર્યનાં કિરણનો ઝળકારો માલૂમ પડતો હોય તો તેથી આનંદ પામી તેનું ભાષણ વધારે બારીકીથી ધ્યાન દઈ સાંભળતાં જવું.

૧૦. પ્રત્યેક વાદવિવાદમાં તમે સામા માણસની સૂચના કબૂલ કરો તે પહેલાં ખૂબ વિચાર કરજો, નહિતો તે આગળ જતાં તમારા ટાંટીઆ તમારાજ ગળામાં ભેરવી દેશે. તેનું એક દૃષ્ટાંત નીચે પ્રમાણે છે:—

એકવાર એક નાસ્તિકે આવી એક આસ્તિક જનની ઇશ્વર- પ્રાર્થના કરવાની ટેવ છોડાવી દેવાનું યત્ન કર્યું, અને તેને કહ્યું કે "આ સંસારની સાધારણ બાબતમાં તને ઈશ્વર ડગલે

ડગલે સહાય કરે એ વાત પાયા વિનાની માનજે. હું અને તું જન્મ્યા તે પહેલાંજ ઈશ્વરે સૃષ્ટિની યોજના કરી મૂકેલીછે એમ શું તું નથી જાણતો ? તે તારે માટે પોતાની યોજનામાં ઘડી ઘડી ફેરફાર કરે એમ શું તું કલ્પનામાં પણ આણી શકેછે ? તારે કોઈ સડી ગયેલા પૂલ ઉપર થઈને જવું હોય તો તું તે ઉપર થઈને જાય ત્યાંસુધી ઈશ્વર તેને થોભાવી રાખે, કે હું અને તું કોઈ જૂના ડડળી ગયેલા મકાન આગળથી જતા હોઈએ તો તારા અને મારા જેવા અલ્પ જીવને માટે તે તેને પડતું અટકાવે એમ શું તું માની શકેછે ? તું એમ કહેછે કે ઈશ્વર તારી રક્ષા કરે એટલા માટે તું એની પ્રાર્થના કરેછે અને તે તારી વિનતિ સાંભળેછેઃ હું કબૂલ કરૂંછું કે તે તારી પ્રાર્થના સાંભળતો હશે, પણ તુંજ શું એટલો બધો મંદબુદ્ધિનો છે કે જે અનાદ્યંત દેવ અનંતકોટિ બ્રહ્માંડનો નાયક તે તારા એક બે શબ્દની ખાતર પોતાની પ્રૌઢ યોજનામાં ભંગ પાડી તેમાં ફેરફાર કરે એમ ધારતાં જરા શરમાતો પણ નથી ? અને શું તે તારી પ્રાર્થનાનો બદલો બીજી કોઈ રીતે વાળી શકે એમ નથી કે તારી પ્રત્યેક દિનની પ્રાર્થનાને અનુસારે પોતાના ધારેલા નિયમ ઊલટપાલટ કરે ?"

આસ્તિક બોલ્યો "હા, યાર ! આપણી નજીવી બાબતમાં તે સહાયતા આપે એ વાતમાં મને પણ હવે જરા શક જેવું લાગેછે ખરૂં". આવી રીતે વાતચીત ચાલી રહીછે ત્યાં એક જ્ઞાની નામનો ત્રીજો પુરૂષ આવી પહોંચ્યો અને તેણે સઘળી વાત પૂછી લઈ આસ્તિકને નાસ્તિકના કહેવામાં વધારે અનુમત આપતો અટકાવ્યો. તેણે એને પૂછ્યું કે "ભાઈ આસ્તિક ! જે સર્વશક્તિમાન ઈશ્વર સઘળી ભવિષ્યની વાત એકજ નજર ફેરવતામાં જોઈ શકેછે તે શું પ્રથમથીજ તારી શુદ્ધ અંતઃકરણની પ્રાર્થના જાણી શકે નહિ અને ભાંગી ગયેલા પૂલને તથા ડડળી ગયેલા મકાનને તારે માટે ટકાવી રાખવાની તજવીજ કરી શકે નહિ ? અથવા તે શું એવી વ્યવસ્થા ન કરી શકે કે તે પૂલ અથવા તે મકાન તું ત્યાં આગળ જાય તેની

પહેલાંજ પડી જાય? શું તે સૃષ્ટિના સઘળા નિયમ પોતાનીજ દીર્ઘદૃષ્ટિને અને બળવત્તર ઇચ્છાને અનુસારે ચાલુ રાખી ન શકે? એ ઉપરથી જોતાં જાણે ઈશ્વર પ્રત્યેક ક્ષણે આપણી બાબતમાં હાથ ઘાલી શકતો હોય એમ સિદ્ધ થવાથી આપણે તેની અવશ્યે પ્રાર્થના કરવી જોઇએ એ વાતને જડીભૂત પુષ્ટિ મળેછે, અને તેના યશાની સાબીતી સ્પષ્ટ માલૂમ પડી આવેછે. તે પાપીને શિક્ષા કરી શકેછે, અને, જાણે તેણે મનુષ્યજાતના વ્યવહારમાં પ્રત્યેક ક્ષણે હાથ ઘાલવાનો નિશ્ચય કર્યો હોય એમ, તે ભક્તજનને, પોતાની યોજનાની આગળથી કરી મૂકેલી વ્યવસ્થાને અનુસારે, યોગ્ય પ્રસંગે યોગ્ય બદલો આપેછે. માટે, રે આસ્તિક! સાવધ રહી નાસ્તિકના કહેવામાં ન અંજાતાં તું ઇશ્વરની પ્રાર્થના કરવી છોડી દેતો નહિ."

મનુષ્યજાતના પ્રપંચ અને છળભેદ વિષે આટલી સંક્ષિપ્ત, સાચી, અને સાદી સાવધાની યાદ રાખજો કે જો એકાદા સર્પ અણજાણે તમારા પોશાકની નાની સરખી ઘડીમાં પણ માથું માર્યું તો તે તમને માલૂમ નહિ પડે એવી રીતે પોતાનું આખું શરીર વીંટાળી લઈ તમને પ્રાણઘાતક દંશ દેશે.

૧૧. જો સત્ય નિભાવી રાખવામાં ઉપયોગી થઈ પડે એવો કોઈ વિચાર તમારા પ્રતિસ્પર્દ્ધીના બોલવામાં આવે તો તે તમારે ડહાપણથી અને સાવચેતીથી સ્વીકારી તમારા લાભમાં લેવો.

૧૨. જ્યારે તમે તમારાથી તદન જુદા વિચારના માણસ સાથે વાદવિવાદ કરવામાં ગૂંથાઓ અને જે મત તમારા અને તેના સરખા હોય તે મતની સહાયતાથી તેનું સમાધાન ન કરી શકો ત્યારે સાવધાનીથી તેનાજ મતનો ઉપયોગ કરી તમારે તેને સાફ બતાવી આપવું કે તેની તકરાર જૂઠી છે.

૧૩. પરંતુ તમારા વાદવિવાદમાં બીજા વિકાર મિશ્ર ન થઈ જાય એ અવશ્યે કરીને જાળવવું જોઇએ. જ્યારે આપણો પ્રતિસ્પર્દ્ધી આપણા મતનું વાજબી રીતે ખંડન કરેછે ત્યારે આપણા માઠા વિકાર ઉશ્કેરાયા વિના રહેતા નથી, અને

આપણે ક્રોધાયમાન થઈ જઈ આપણા મતનો નિભાવ કરવાને તત્પર થઇયે છઇયે. જે વિચાર પ્રસન્ન કરી આપણે આપણા અંતઃકરણમાં ભરી મૂક્યા હોયછે તેમાં અહંભાવનું એટલું બધું જોર રહેલું હોયછે કે તેનું ખંડન કરનારાની સાથે આપણે કલહ કર્યા વિના રહેતા નથી. પછી ઘોંઘાટ, ખૂમરાણ, અને મૂર્ખાઈ એ તેમનાં સંપૂર્ણ રૂપમાં પ્રકાશી નીકળેછે, અને વિવેકને તથા સત્યને અંધકારમાં દબાવી દેછે.

૧૪. ઉપર કહેલા સાધારણ નિયમ સઘળા પ્રકારના વાદવિવાદમાં અવશ્યના અને ઉપયોગી છે.

૧૫. હવે પછીનાં બે ત્રણ પ્રકરણમાં આપણે વાદવિવાદનો મુખ્ય પ્રકાર અને તેની જુદી જુદી રીત એ વિષે કંઇક કહીશું.

प्रकरण ११ मुं.

૧. વાદવિવાદ કરવાની મુખ્ય ત્રણ રીતમાંની પહેલી રીત એવી છે કે જો મારે કોઈ માણસને સ્વર્ગ કે નરક, અથવા પાપ કે પુણ્ય પ્રમાણે બદલો મળવાની સ્થિતિ, છે એવી ખાત્રી કરી આપવી હોય તો હું તેબાબતને લગતા પ્રશ્ન કહાડી તેની પાસેજ તે વિષેના સ્પષ્ટ ઉત્તર દેવડાવું અને તે વાત તેને મ્હોએજ કબૂલ કરાવું.

પ્ર૦—ઈશ્વર સૃષ્ટિ ઉપર સત્તા ચલાવેછે કે નહિ?

ઉ૦—બેશક, જેણે સૃષ્ટિ રચી તે તે ઉપર સત્તા ચલાવેજ.

પ્ર૦—શું ઈશ્વર સારો અને ન્યાયી સત્તાધારી નથી?

ઉ૦—બેશક, તેનામાં એ બન્ને ગુણ છેજ.

પ્ર૦—હવે સારા અને ન્યાયી સત્તાધારીનાં લક્ષણ શાં છે?

ઉ૦—તે ઘાતકીને શિક્ષા કરેછે અને પુણ્યાત્માને સુખી રાખેછે.

પ્ર૦—શું સઘળાં પુણ્યાત્મા પ્રાણીને પોતાનાં સુકૃત્યનો બદલો આ લોકમાં મળેછે?

ઉ૦—ખરેખર નહિ; કેમકે ઘણાં સદ્ગુણી માણસ આ લોકમાં બહુ દુઃખી માલૂમ પડેછે.

પ્ર૦—શું પાપીને આ લોકમાં હમેશા શિક્ષા મળેછે?

ઉ૦—મુકરર નહિ; કેમ જે ઘણા પાતકી ઘણીખરીવાર મ્હોટી પદ્દિએ પહોંચી ધનાઢ્ય થાયછે અને સુખી હોયછે.

પ્ર૦—ત્યારે ઈશ્વર પોતાનું ભલાપણું અને ન્યાયીપણું કઈ રીતે દર્શાવેછે?

ઉ૦—આ લોકમાં તો તેનો આભાસ પણ જણાતો નથી એમ કહીએ તો ચાલે.

પ્ર૦—ત્યારે જો ઈશ્વર મનુષ્યજાત ઉપર ન્યાયીસત્તા ચલાવેછે તો શું તેનો ન્યાય માલૂમ પડે એવો સમય નહિ આવતો હોય?

ઉ૦—એવો સમય આવવોજ જોઈએ.

પ્ર૦—હવે જો એ સમય તેમની આ લોકમાં સ્થિતિ હોય તે અવસરમાં ન આવે તો ક્યારે આવી શકે?

ઉ૦—એનો ખુલાસો કરવાને માટે બીજો કંઈ રસ્તો નથી પણ એટલોજ કે મરણ પછી પણ મનુષ્યજાતની કંઈ સ્થિતિ હોવી જોઈએ.

પ્ર૦—હવે મરણ પછીની અવસ્થા એવી હોવી જોઇએ કે તેમાં હરેક માણસ પોતાનાં પાપ પુણ્યનું ફળ ચાખે એવી શું તમારી ખાત્રી નથી?

ઉ૦—હા, સારી પેઠે; હવે સ્પષ્ટ રીતે માલૂમ પડેછે કે ઈશ્વરનું ડહાપણ અને તેનો ન્યાય એ જોતાં એમ અવશ્યમેવ હોવુંજ જોઇએ.

૨. આવી તરેહની તકરારથી ઘણા લાભ થાયછેઃ—

(અ) એથી સાધારણ વાતચીતને લીધે એકાંત વાંચન અથવા ભાષણના કરતાં વધારે સહેલ, ગમત અને ચંચળતાની સાથે શીખનારને સમજણ પડેછે. માણસને ઇશ્વરે એકલું

રહેવાને ઘડચું નથી તેથી તેને સ્વાભાવિક રીતે મંડળીમાં રહેવું ઘણું ગમેછે, તેને વાતચીતમાં ઘણો આનંદ લાગેછે અને એ રીતનો જો ડહાપણથી ઉપયોગ કર્યો હોય તો તેને સારૂં જ્ઞાન મળેછે.

(ખ) વળી એથી, ગુરૂમાં મહત્વ માલૂમ ન પડતાં નમ્રતાનો ભાવ રહેછે, કેમ જે શીખવનાર માણસ, જાણે પોતે અજાણ્યો હોય અને પૂછતો હોયની એવો જણાયછે અને શીખનારની પાસે ખુલાસો માગતો દેખાયછે તેથી શિષ્યને તેમાં બહુ રસ પડેછે.

(ક) એથી, શિષ્યને જાણે પોતે સ્વસહાયતાથી, જ્ઞાન સંપાદન કરતો હોય એમ લાગેછે; અને એ વાત મનુષ્યમાત્રને ઘણી પ્રિય હોયછે તેથી તે સઘળું હોંસે હોંસે શીખેછે. પ્રશ્ન કરવાની અનુરાઇને લીધે તેને પોતાની ભૂલ પોતાની મેળેજ સત્વર માલૂમ પડેછે અને તેથી તે પોતાની ભૂલ પોતેજ શોધી કહાડી એમ ભોળવાઈ જઈ તે કબૂલ કરી સુધારવાને તત્પર થાયછે.

प्रकरण १२ मुं.

૧. બીજા પ્રકારનો વાદવિવાદ એવો છે કે જે દરબારમાં અથવા ન્યાયસભામાં, કોઈના ઉપર કંઈ તોહમત મુકવામાં કે તેમાંથી તેને મુક્ત કરવામાં, કોઇના ઉપર ફર્યાદ કરવામાં કે તેમાં તેનો બચાવ કરવામાં, ઉપયોગી થઈ પડેછે.

૨. એ રીત માત્ર ન્યાયસભા કે જ્યાં એકજ પુરૂષ ન્યાયાસને વિરાજેછે ત્યાં વપરાયછે એટલુંજ નહિ, પણ રાજ્ય દરબારી સભામાં પણ ચાલેછે. એવી સભામાં ઘણું કરીને એક જણને મધ્યસ્થ નીમવામાં આવેછે. તેનું કામ નિર્ણય કાઢવાનું હોતું નથી પણ ભાષણ કરતાં વિવેક અને નિયમ રહેછે કે નહિ તે તપાસવાનું અને તેનો બંદોબસ્ત રાખવાનું હોયછે. નિર્ણય તો માત્ર દર્શાવેલા મતના વજન ઉપરથી અને તેની સંખ્યા ઉપરથી કરવામાં આવેછે.

૩. ઘણું કરીને વાદવિવાદનો આરંભ નીચે પ્રમાણે થાયછે:—

સભા ભરાઈ રહ્યા પછી પ્રથમ ભાષણ કર્તા જે વિષય ઉપર પોતે ભાષણ કરવાનો હોયછે તેનું સ્વરૂપ સંક્ષેપમાં કે વિસ્તારમાં બતાવેછે અને તેને વિષે પોતાના કેવા મત છે તે પણ અધ્યક્ષને કે મધ્યસ્થને દર્શાવેછે.

૪. તે બોલી રહેછે કે એક કે બે કે તેથી વધારે માણસ તે વિષય ઉપરની તેની તેજ બાબત ઉપર ભાષણ કરેછે અને ભાષણ કર્તાના મતને પુષ્ટિ આપેછે. ત્યાર પછી સામા પક્ષના માણસ ઊભા થઈ પોતાના વિચાર દલીલ સાથે બતાવેછે અને પોતાના પ્રતિસ્પર્દ્ધીની દલીલ રદ કરવાનાં કારણ દર્શાવેછે.

૫. પછી એક બીજા પોતાના મતના લાભમાં જે કહેવું હોય તે કહી બતાવેછે, એટલે સભાના નિયમ પ્રમાણે એક કે વધારે ન્યાયાધીશ કે સઘળા સભાસદ મતની સંખ્યાનાં પ્રમાણમાં નિર્ણય કાઢેછે. નિર્ણય કહાડતાં પહેલાં અધ્યક્ષ કે કોઈ બીજો ડાહ્યો પુરૂષ, સત્યને અને ન્યાયને આધારે નિવેડા કરવામાં ચૂક પડે નહિ એ હેતુથી, સઘળો સારાંશ સંક્ષેપમાં કહી જાયછે.

प्रकरण १३ मुं.

૧. ત્રીજા પ્રકારનો વાદવિવાદ નીચે પ્રમાણે છે અને તે પાઠશાળાઓમાં ચાલેછે:—

એકાદો શાસ્ત્રીય વિષય મુકરર કરી ગુરૂ પોતાના શિષ્યોને તે ઉપર વાદવિવાદ કરવાનું કહેછે. એટલે એક વિદ્યાર્થી ઊભો થઈ કાંતો પોતાના ગુરૂના ભાષણને પુષ્ટિ આપેછે કે કાંતો તેની વિરૂદ્ધ બોલવાને તૈયાર થાયછે. વિરૂદ્ધ મત આપનાર શિષ્ય પ્રતિવાદી કહેવાયછે અને બાકીના વિદ્યાર્થી તેની સામા તકરાર લેવા ઊભા થાયછે તે વાદી કહેવાયછે.

૨. પ્રત્યેક શિષ્ય વારા ફરતી પોતાનો મત કહેછે અને છેલ્લી વારે અધ્યક્ષને આસને વિરાજેલો ગુરૂ પોતાનો મત કહી સંભળાવી વાદવિવાદની સમાપ્તિ કરેછે.

૩. આવી રીતના વાદવિવાદથી કેટલાક ફાયદા પણ થાય- છે અને કેટલાક ગેરફાયદા પણ થાયછે. એથી મનને કસરત મળેછે અને તે ચંચળ તથા શક્તિમાન થાયછે; એ બુદ્ધિને તીવ્ર કરેછે અને વિચારને ચંચળ બનાવી દલીલ શોધવાના ઉદ્યોગમાં નાંખેછે; એથી જે વિષય ઉપર ભાષણ ચાલતું હોય તેને સઘળી તરફથી તપાસવાની તક મળેછે; એ મનને ઉદ્યોગી કરી તેની પાસે જે વિચાર એમના એમ કદી ખ્યાલમાં આવી ન શકે તેની શોધ કરાવેછે; એ વિદ્યાર્થીને પોતાની ભૂલ રદ કરી આપવામાં અને પારકાની ભૂલ દર્શાવી દેવામાં પ્રવીણ કરેછે, તથા તેને સત્યનો નિભાવ કરતાં શીખવેછે; અને એથી વાચાળપણું અને હાજર જવાબી મળેછે તથા નમ્ર અને બુદ્ધિમાન વિદ્યાર્થી હિમ્મતવાન થાયછે. પરંતુ એથી વાદવિવાદ કરવાની ટેવ પડી જાયછે તેથી ઘણાએક તરૂણ વિદ્યાર્થી નિર્લજ્જ, ઉન્મત્ત, અભિમાની અને અતિ વાચાળ બની જાયછે.

૪. એકંદરે જોતાં સઘળા પ્રકારના વાદવિવાદની માહીતી પાઠશાળાઓમાં અપાતી હોય તો ઘણું સારૂં; કેમકે તેમ થયેથી ઊગતા તરૂણને સત્ય નિભાવી રાખતાં તથા સારાસારની પ- રીક્ષા કરતાં સારી રીતે આવડશે. પરંતુ એનો સઘળો આધાર ગુરૂ ઉપર રહેછે માટે તેણે એ બાબતમાં ઘણી ચતુરાઈ રાખવી જોઈએ.

प्रकरण १४ मुं.

અભ્યાસ અથવા મનન.

૧. વાસેનાં કેટલાંએક પ્રકરણ ઉપરથી સારી પેઠે સિદ્ધ થાય- છે કે અવલોકનથી અથવા વિદ્વજ્જનનાં પુસ્તકના વાંચનથી અથવા અતિઉત્કૃષ્ટ સંભાષણથી કોઈ માણસ અભ્યાસ વિના

અથવા પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યા વિના ખરૂં જ્ઞાન અને શાણપણ સંપાદન કરી શકતો નથી. જો કોઈ બુદ્ધિમાન, ડાહ્યા, ન્યાયી અને સારી સ્મરણશક્તિના માણસને અવલોકન અને સંભાષણ કરવાના સારા પ્રસંગ મળે તો તે પોતાના મનનો પોતાનીજ મેળે ઘણો સુધારો કરી શકે; અને તેની સાથે જો તેને ભાષણની, શિક્ષાની અને સારા સારા ગ્રંથની સહાયતા પ્રાપ્ત થાય તો નિઃશંક તેને વધારે લાભ થાય અને કોઈ વાતની ઊણ રહે નહિ. સાધારણ માણસને માટે કેટલાક નિયમ હેઠે આપ્યાછે:—

૨. શબ્દ અને વસ્તુ એ બે વચ્ચે શો ભેદ રહેલો છે તે હમેશા સારી પેઠે સમજવો અને પછી અભ્યાસ કરવા માંડવો, કેમ જે નહિતો ચોખાને બદલે કુસકા હાથ આવશે. આ નિયમ પ્રત્યેક પ્રકારનાં શાસ્ત્રના અભ્યાસને લાગુ પડેછે.

૩. તરૂણ વિદ્યાર્થીએ કઠણ, ગુહ્ય અને ઊંડા વિષયમાં માથું ઘાલવું નહિ અને કોઈ પણ શાસ્ત્ર વચગાળેથી આરમ્ભવું નહિ. એમ નહિ કરે તો તેમના જ્ઞાનમાં વધારો થવાને બદલે તેઓ ઊલટા ગુંચવણમાં પડશે અને, જેમ શક્તિ કરતાં ભારે વજન ઉપાડવાથી અવયવ ઉતરી જાયછે તેમ, સામર્થ્ય કરતાં અધિક શ્રમ થવાથી તેમનું મન કંટાળો પામી બગડી જશે અને તેમને અભ્યાસ ઉપર ધિઃકાર આવશે.

૪. એમ છતાં પણ કંઈ અઘરી વાત જોઈ કોઈ પણ વિદ્યાર્થીએ નાહિમ્મત થઈ જઈ, સત્ય ઘણા અંધકારમાં ગુપ્ત રહેલુંછે અને શોધ્યું જડશે નહિ એમ ધારવું નહિ, પરંતુ તેમાં ધીમે ધીમે નજર ઘાલવી.

૫. કોઈ પણ નવી વાત શીખતાં પ્રથમ થોડો થોડો અભ્યાસ કરવો અને તેટલું બરાબર આવડે કે આગળ ચાલવું. એમ કરવાથી મન ગુંચવણમાં પડી ન જતાં તમને સહેલથી સમજ પડશે અને ધીમે ધીમે કઠણ વાત પણ તમારા ધ્યાનમાં ઉતરી જશે.

૬. મનને એકી વખતે અને એકદમ ઝાઝા જુદા જુદા વિષયમાં રોકવું નહિ. એથી સમજનું જોર નબળું પડી જઈ એકે વિષયમાં પૂરતું જ્ઞાન પ્રાપ્ત થશે નહિ. એથી ઘણા વિષયમાં ઉપરચોટિયું નિરૂપયોગી જ્ઞાન મળશે, પણ એકે વાત પરિપૂર્ણ આવડશે નહિ: અને મનને આસુદું રાખવાને બે ત્રણ વિષયનો સાથે અભ્યાસ કરવો એ સારૂં છે તોપણ ઘણી વાત એકઠી થવાથી તે એકદમ ધ્યાનમાં રહેશે નહિ અને મનની શક્તિ ઘટી જશે. જ્યારે બે ત્રણ શાસ્ત્રીય વિષયનો સાથે અભ્યાસ કરવો હોય ત્યારે જો તેમાંનો એક વિષય નીરસ અને કંટાળો ઊપજાવે એવો હોય તો તેની સાથે, મનને કંટાળી જતાં અટકાવવાને અને અભ્યાસ ઉપર તિરસ્કાર ન આવે એટલા માટે, બીજો રસભર્યો અને આનંદદાયક વિષય લેવો; અર્થાત્ શ્રમની સાથે આનંદ મિશ્રિત કરવો.

૭. જ્ઞાનના પ્રત્યેક મૂલ્યવાન અને ઉપયોગી વિષયના અભ્યાસમાં એક હેતુ આગળથી મુકરર કરવો અને તેમાંથી બીજી નજીવી બાબતમાં મનને ફરવા દેવું નહિ. કેટલાક જનના વિચાર એવા ભમતા હોયછે કે તેઓ મૂળ હેતુ વીસરી જઈ વચમાં આવતી હરેક વાતમાં મન ઘાલેછે. જેમ કોઈ માણસને મોટા ખજાનાની ભાળ કાઢવાને મોકલ્યો હોય અને તે માર્ગમાં પ્રત્યેક પુષ્પ કે પ્રત્યેક ચળકતો કાંકરો લેવા ઊભો રહે તેમ તેઓ કરેછે.

૮. જે બાબત જેટલી અગત્યની હોય તે ઉપર તેની અગત્યતાના પ્રમાણમાં કાળજી, ચતુરાઈ, અને ઉદ્યોગ એઓનો વ્યય કરવો.

૯. વળી મન ઉપર કોઈ પ્રસન્ન કરેલા વિષયની સત્તા ઘણી બેશી જવાથી તેનો પાસ બીજા સઘળા વિષયને લાગે નહિ એ ઉપર ખૂબ નજર રાખવી; કેમ જે એમ નહિ થાય તો જેમ કમળાવાળો માણસ સઘળું પીળું પીળું દેખેછે તેમ તે પણ ખઈ નહિ જોતાં ખોટું દેખશે. કોઈ રાગમાંને રાગમાંજ મસ્ત થઈ

રહેલો અને તેનોજ દર્દી તો એમજ કહેવાનો કે "યાર, રાગ તો ત્રૈલોક્યમાં એ નથી; ઇશ્વરે પણ સૃષ્ટિ સરજીને પહેલાજ અઠ-વાડિયાના સાતવાર, રાગના સાત સ્વર ઉપરથી, ગણ્યા, અને તેણે એમ કર્યું તોજ આખી સૃષ્ટિ નિયમિત અને મનોરંજક થઈ"

૧૦. તમારા મન ઉપર કોઈ પણ વિષયનું જોર એટલું બધું બેશી જવા દેવું નહિ કે તેથી તમને બીજાં સઘળાં ભણતર ઉપર તિરસ્કાર આવે, કેમ જે એ લક્ષણ ટૂંકા મનના માણસનું છે. તેઓ એકાદા મનોરંજક વિષયનું જરા તરા જ્ઞાન થયું કે તરત બીજા બધા વિષયને, તેમનું જરાએ જ્ઞાન ન છતાં, વખોડેછે અને તેથી તેમની બુદ્ધિ ટૂંકી ને ટૂંકીજ રહેછે. એ રીતે બીજા વિષય ઘણાજ સુંદર અને ઘણુંજ જ્ઞાન આપે એવા હોયછે તેના ભણી તેઓ તદન નજર કરતા નથી.

૧૧. હરેક પ્રકારના અભ્યાસના પ્રમાણમાં તેને માટે અમુક સમય મુકરર કરવો પણ માત્ર પોતાની પ્રસન્નતાના વિષયમાંજ, તે ઉપર ફિદા થઈ, ગર્ક થઈ જવું નહિ. સ્થિતિને અનુસારે સમય મુકરર કરી તે પ્રમાણે વર્તવાની કાળજી રાખવી. નિયમપૂર્વક અને રીતસર અભ્યાસ કરવાથી થોડા સમયમાં ઘણું જ્ઞાન મળેછે. એ રીતે અમુક વખત અમુક બાબતને માટે નક્કી કરી મુકવાથી તમારો વખત નજીવી બાબતમાં એળે જતો અટકશે.

૧૨. કોઈ પણ વિષયનો અભ્યાસ એટલા સમય સુધી લાગ લાગટ કર્યાં ન કરવો કે તેથી તમારૂં મગજ ઠેકાણે ન રહેતાં બીજી બાબતમાં ભટકવા માંડે અને તે વિષય ઉપર તમારૂં ધ્યાન ન રહે. કોઈ વાર મનને થકવી નાંખી કંટાળો પમાડવો નહિ, કેમ જે એમ થવાથી તમે એકાદો વિષય પૂરો કરશો તેની પહેલાંજ તે અધીરૂં થઈ જશે અને કમજોર બની જશે.

૧૩. કોઈ પણ વિષયના અભ્યાસનો આરમ્ભ કરતાં તરતની દેખાદતી મુશ્કેલીથી નાહિમ્મત થઈ જવું નહિ. ધીમે ધીમે તેનો પોતાની મેળેજ ઉકેલ થશે અને વિશેષે કરીને જો તેમાં ગુરૂની સહાયતા હશે તો તેમ થવામાં કંઈ વાર લાગશે નહિ.

૧૪. આપણને ખાત્રી થયા પછી ખોટા વિચાર ફેરવવા એ આપણને ઘટારત છે, પણ આપણને અભ્યાસ કરવાની જે ટેવ પડી ગઈ હોય તે આપણે કદી બદલવી નહિ; કેમ જે કોઈ વિચાર મનમાં ઠસાવી તે ગોઠવવાનો જે રીતનો આપણને મહાવરો પડી ગયો હોય તે કદાપિ કઢંગી હોય તોપણ તેને આપણે ફેરવવા જઇશું તો તેથી આપણને ઘણીજ અવઘડ પડશે અને આપણા અભ્યાસને મોટો ધોકો પહોંચશે. જો કોઈ ૪૦ વર્ષની વયે પહોંચેલા માણસને ખોટી રીતે કલમ પકડવાની ટેવ પડી ગઈ હોય અને તેને આપણે બરાબર રીતે કલમ પકડવાનું કહી તે તેની પાસે બરાબર રીતે ઝલાવીએ તોપણ તેના અક્ષર વધારે સારા આવવાને બદલે ઊલટા નઠારા આવે એટલુંજ નહિ, પણ તેને લખતાંએ ઘણી વાર લાગે.

प्रकरण १९ मुं.

મન સ્થિર રાખવા વિષે.

પ્રત્યેક વિદ્યાર્થીએ ગમે તે પ્રકારે પણ મનની સ્થિરતા સંપાદન કરવી જોઇએ. મનનો સુધારો કરવાને દૃઢતા અવશ્યની છે. સત્ય વાતની સાબીતી એકદમ દૃષ્ટિએ પડતી નથી, પરંતુ ઘણી વારે ધ્યાન આપવાથી નજરે પડેછે. આપણે ઉતાવળા થઈ, જોતાં વારનેજ કોઈ પણ વાતનો નિશ્ચય કરવાને તત્પર થઇએ છઇએ, પરંતુ એ કોઈ માણસ વરસતા ધુમસમાં દૂરના પદાર્થ જોવાને આતુર હોય તેના જેવું થઈ પડેછે.

સારી રીતે લક્ષ આપવાની ટેવ પડે એટલા માટે કેટલાક નિયમ પ્રમાણે વર્તવું જોઇએઃ—

૧. જેવી રીતનો અભ્યાસ કરવાની અને જેવા પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરવાની તમારી ઇચ્છા હોય તેવી રીતના અભ્યાસ ઉપર અને તેવા પ્રકારના જ્ઞાન ઉપર સારી પેઠે ભાવ રાખો. જે વસ્તુ જાણવાની આપણને ભક્તિ હોયછે તે ઉપર મન સ્થિર

રાખવામાં ઝાઝી મુશ્કેલાઈ પડતી નથી, અને જો તેમાં આપણી કલ્પનાશક્તિ સંતોષાય અને આપણને આનંદ લાગે એવું હોયછે તો તો આપણે તેમાં સ્વાભાવિક રીતે મગ્ન થઈ જઈએ છઈએ. એટલા માટેજ ગણિતશાસ્ત્રના વિષય મનને સ્થિર કરવામાં ઘણા ઉપયોગી થઇ પડેછે; કેમકે તેમાં સંખ્યા, લીટી અને આકૃતિથી જ્ઞાન મળેછે, તેથી આપણને આનંદ લાગેછે. એ રીતે ઇતિહાસમાં પણ છેવટનો પરિણામ જાણવાને આપણી જિજ્ઞાસા સહજ ઉશ્કેરાયછે, અને તેથી આપણું મન તેમાંથી આડું અવળું ચસતું નથી. પ્રવાસ વિષેનાં પુસ્તકમાં જુદા જુદા દેશની જુદી જુદી નવીન વાત હોયછે તેથી આપણું મન તાજું રહી તે જાણી લેવા પ્રવૃત્ત બનેછે.

૨. જેમાં આગળ બતાવવામાં આવેલાં કારણ ઉપરથીજ નિયમસર નિર્ણય કાઢી લાવવામાં આવ્યો હોય એવી જાતનાં પુસ્તકનો અભ્યાસ કરો. ગણિતશાસ્ત્રના ઘણાખરા વિષય એવાજ પ્રકારના છે અને તેમનો અભ્યાસ કરવાથી નિઃશંક ઘણો લાભ થાયછે.

૩. અભ્યાસ કરવાની જગા આસપાસ સૃષ્ટિની સુંદર રચના આવી રહી હોય એવા સ્થાનકમાં રાખવી નહિ, કેમકે તેને લીધે તમારૂં મન અભ્યાસમાંથી ઊડી જઈ નયનને અને શ્રવણને સંતોષવાને તત્પર રહેશે.

૪. કોઈ પણ અધરી અને અગત્યની બાબતમાં એકદમ નિશ્ચય કરવો નહિ. સત્ય શોધવામાં સબૂરી સર્વોત્તમ છે, એમ પક્કેપણે માનવું.

૫. મનોવિકારને સંતોષી પશુના આનંદ માનવાની મોહિનીમાં મશગુલ થઈ જવું નહિ. વિકાર અભ્યાસના કટ્ટા દુશ્મન છે. જે માણસ પ્રેમ કે ભય, ક્રોધ કે વેદના, અત્યંત હર્ષ કે હૃદયવેધક ઉદાસી, એમાંના એકાદા વિકારના આવેશમાં હોયછે તેનો જીવ ઠેકાણે રહેતો નથી અને તે અભ્યાસ ઉપર પૂરતો લક્ષ આપી શકતો નથી. પણ આ નિયમને એક બાધ નડે-

છે તે સૌ કોઈ કબૂલ કરશે: જો આપણે એવા ભાગ્યશાળી હોઇએ કે જે વિષયનો આપણે અભ્યાસ કરતા હોઇએ તેની તરફજ આપણા મનના એકાદા વિકારને વાળી શકીએ તો તેમાં આપણો લક્ષ વધારે સચોટ બેસાડવામાં એની ઘણી સત્તા ચાલેછે.

એટલા માટે, સત્યના અને જ્ઞાનના ઊંચા આનંદનો વિચાર કરી, આપણો ઇશ્વર પ્રતિ શો ધર્મ છે, આપણી બુદ્ધિ કેળવવામાં કેવી મઝા રહેલીછે, આપણાં જાતિ—પ્રાણીઓની સેવા બજાવવામાં આપણને આ લોકમાં અને પરલોકમાં કેવો ઊજળો યશ પ્રાપ્ત થાયછે, એ વગેરે લક્ષમાં લઈ, તેવા કોઈ વિષયનો અભ્યાસ કરવામાં મનને રોકી સ્થિર રાખવું એ ઘણું ઉપયોગી છે.

प्रकरण १६ मुं.

મનની ગ્રહણશકિત વધારવા વિષે.

૧. મનની ગ્રહણશક્તિ વિસ્તીર્ણ હોવી એ જ્ઞાનનું મોટું લક્ષણ છે અને તે ત્રણ પ્રકારે સંપાદન થઈ શકેછે:—

(૧) જ્યારે મન શ્રમ અને મુશ્કેલી વિના મોટા અને ભવ્ય વિચારનું ગ્રહણ કરવાને તત્પર હોયછે ત્યારે;

(૨) જ્યારે મન નવીન અને આશ્ચર્યકારક વિચાર વાજબી પુરાવા ઉપરથી બહુ વિસ્મય પામ્યા વિના અથવા તિરસ્કાર કર્યા વિના સરળતાથી સ્વીકારવાને શક્તિમાન હોયછે ત્યારે; અને

(૩) જ્યારે મન ગુંચવણમાં પડયા વિના એકે સમયે ઘણા વિચાર સમજી જવાને અને તે ઉપરથી ખરો નિર્ણય કાઢવાને સમર્થ હોયછે ત્યારે.

જે માણસમાં ઉપર કહેલા ત્રણ પ્રકારમાંની એકે શક્તિ હોતી નથી તે એ બાબતમાં સંકોચિત મનનો કહેવાય.

૨. જે મન ઊંડા અને પ્રૌઢ વિચારનું શ્રમ કે મુશીબત વિના સત્વર ગ્રહણ કરી શકેછે તેજ મન વિસ્તીર્ણ અને વિશાળ છે. જે માણસને દુનિયાદારીનાં સાધારણ કામકાજ વિષેજ

વાતચીત કરવાની ટેવ પડી ગઈ હોયછે, તેમની બુદ્ધિ એટલી તો ટૂંકી હોયછે કે મોટા અને ઉમદા વિચારની સમજ તો તેમના મનમાં ભાગ્યેજ ઉતરી શકેછે; તેઓ સઘળી વસ્તુનું માપ પોતાની સંકોચિત બુદ્ધિના પ્રમાણમાં કરેછે.

જો તમે તેમની સાથે ગ્રહોનાં વિસ્તીર્ણ માપ વિષે વાત કરશો, જો તમે તેમને કહેશો કે બૃહસ્પતિના નામથી ઓળખાતો ગ્રહ એક નક્કર ગોળો છે અને જે પૃથ્વી ઉપર આપણે વશીએ છઇએ તેના કરતાં બસેંને વીસ ગણો મોટો છે, કે સૂર્ય અગ્નિનો એક વિશાળ ગોળો છે અને તે બૃહસ્પતિ કરતાં હજાર ગણા કદનો છે એટલે પૃથ્વી કરતાં બે લાખ અને વીસહજાર ગણો મ્હોટો છે, કે પૃથ્વી અને સૂર્ય એ બેની વચ્ચેનું અંતર આશરે એકાવન પ્રયુત (દશલાખ) કોસનું છે, તો એ સઘળી વાત તેમના સાંકડા મગજમાં ઉતરનારજ નહિ અને જ્યોતિષીઓના ચશાળ શ્રમથી જાણવામાં આવેલી એ સત્ય વાત ગપાષ્ટક છે એમ ગણી તેઓ હશી કહાડવાના. એજ રીતે સૂક્ષ્મદર્શક યંત્રના સાધન વડે જે માહીતી મળીછે તે પણ તેમના ધ્યાનમાં ઉતરી શકવાની નહિ.

એવા લોકની સમજ વધારવા માટે તેમની પાસે ધીમે ધીમે ભૂમિતિનો, ભૂગોળવિદ્યાનો અને પછીથી દૂરબીનની અને સૂક્ષ્મદર્શક યંત્રની સહાયતા સાથે જ્યોતિષશાસ્ત્રનો અને સૃષ્ટિના જીવજંતુ વગેરેના ઘાટ ઇત્યાદિવિષેનાં શાસ્ત્રનો અભ્યાસ કરાવવો જોઇએ. વળી તેમને કવિતાનો લક્ષ પણ લગાડવો જોઇએ, કેમજે તેમાં એવા વિશાળ અને પ્રૌઢ વિચાર ઘણા દર્શાવવામાં આવેછે.

શ્રી રામચંદ્રે ધનુષ્યનો ટંકાર કર્યો તે સમયનું એક પ્રસિદ્ધ કવિ નીચે પ્રમાણે વર્ણન કરેછેઃ—

"ને જ્યાં ધનુષ્ટંકાર પ્રભૂએ પ્રૌઢ કર્યો,
તો મરૂત ખળભળ્યા સર્વ લંકધ્વજ તૂટી પડ્યો,
હરખે ડોલ્યાં નગ ધરા મધુર ઘન નાદ ભણ્યાં—
છે વિજય વિજય નરસિંહ ધનુર્ધર રામ તણા."

એક જન ઇશ્વરની સ્તુતિના કાવ્યમાં તેના પ્રૌઢત્વ વિષે લખેછે કે,—

(ઇંદ્રવજ્રા છંદ)

"સ્વેચ્છા થતામાં સરજાવી સૃષ્ટિ, માયા પસારી કરી મોહદૃષ્ટિ;
અનંત બ્રહ્માંડ ઝૂમી રહ્યાં જે, આધાર તારે અવકાશમાં તે;
તેમાંની એક આ પૃથવી તણારે, રંગોશું વર્ણું, નથી કંઇ મણારે;
અસમાન છે ચંદરવા સમાણું, પ્રકાશ આલે ગૃહ ચંદ્ર ભાનુ,
પાણી અને પરવત પ્રૌઢ દીપે, દર્શાવી દે બ્રહ્મ! તું ને સમીપે;
વનસ્પતિ વીવિત્ર ફૂલી ફાલી, રંગિન પક્ષિ ઝૂકી ગાય ડાળી;
સૃષ્ટિ-ઉદરમાં નહિ શુન્ય ઠામ, ધાતૂ હિરા આદિ ભર્યું તમામ;
વિશેષ વસ્તુ વશીછે ઘણીએ, હારી જવાયે ગણતાં શું ગણીએ."—

એવા પ્રકારનાં પદ્ય અને ગદ્યથી મન સ્વાભાવિક રીતે વિસ્તાર પામેછે અને પ્રૌઢ વિચારનું ગ્રહણ કરવાને ટેવાયછે.

૨. હવે, જેમાં મનનું વિસ્તીર્ણપણું રહેલુંછે એવી બીજી બાબત કે જેમાં મન નવીન અને વિસ્મયકારક વાત સ્વીકારી શકે એવી સ્થિતિમાં આવેછે તે વિષે કંઇક કહીએ. જે માણસ પ્રથમજ ઘરના ઊમરા બહાર નીકળેછે તેને પોતાના ઘરથી થોડેક છેટે પ્રવાસ કરતાં જે જે નવા દેખાવ દૃષ્ટિએ પડે તેથી ઘણો અચંબો લાગેછે. કોઈ ખેડુત શાહેરમાં જાય તો તે ત્યાંની દુકાનો, ત્યાંનાં મકાનો, લોકની મેદની, દબદબો અને ધનની છોળ, એ જોઇને દિંગ થઈ જાયછે; એજ રીતે કોઈ નગરવાસી નવો સવો ગામડે ગોઠડે જાય તો તેને પણ ત્યાં નવું નવું જોઈ આશ્ચર્ય લાગેછે. એવા લોકોએ પોતાનું અજ્ઞાન ટાળવાને દુનિયાના જુદા જુદા ભાગનાં વર્ણન વિષેનાં પુસ્તક વાંચવાં કે સાંભળવાં જોઇએ. જો તેમને પ્રવાસ કરવાની સંધિ મળે તો તો વળી ઘણુંજ સારૂં.

૩. મનની મહાનતાનું ત્રીજું લક્ષણ એ છે કે તે ઘણા વિચાર ગુંચવણમાં પડ્યા વિના સ્વીકારવાને શક્તિમાન હોવું જોઇએ. ન્યાયની બાબતમાં એ ઘણું અવશ્યનું છે. સંસારી

વ્યવહાર, ધર્મ સંબંધી વિષય તથા શાસ્ત્રીય વિષય, એમાં એટલો બધો ગુંચવાડો હોયછે કે જો મન સઘળી વાત ધ્યાનમાં ઉતારી તેનો તોડ કહાડવાને સમર્થ ન હોય તો લગનનું વિધ્ન જેવું થઈ પડેછે. કેટલેક પ્રસંગે આપણે ખોટો ન્યાય કરીએ છઈએ તેનું કારણ આપણા મનનું સંકોચિતપણું હોયછે; આપણે દેશ, કાળ, મનુષ્ય, હેતુ, પરિણામ વગેરેનો એકી વખતે સ્પષ્ટ રીતે વિચાર કરી શકતા નથી. એ વિષય વધારે સ્પષ્ટ રીતે સમજવાને નીચે આપેલું દૃષ્ટાંત ઉપયોગી માલૂમ પડશેઃ—

રામલાલે એક કૂતરાની હત્યા કીધી. એ કામ આજુબાજુની હકીકત ધ્યાનમાં ન લીધી તો ઘણું ખોટું માલૂમ પડે. હવે એ કૂતરો રામલાલનો પોતાનો નહિ પણ અમૃતલાલનો હતો. એ જોતાં તો રામલાલની કરણી વળી ઘણીજ અન્યાય યુક્ત ઠરે; પરંતુ અમૃતલાલેજ તેને એમ કરવાનું કહ્યું હતું એ જોતાં તે પાછું ન્યાયપૂર્વક જણાય. એ કૃત્ય તેણે ઈશ્વર-મંદિરની નજીક પૂજનને સમયે કર્યું, એ ધ્યાનમાં લેતાં અધર્મનો ભાસ થાયછે. પણ એ કૂતરો રામલાલની પૂંઠે પડયો અને એમ જાણ્યું કે તેને ફાંફડી આવી એવું માલૂમ પડ્યું એટલે એ કર્મ ધર્મ રહિત નહોતું એમ સિદ્ધ થાયછે. પરંતુ જો રામલાલ નાશી ગયો હત તો એને એ હત્યા કરવી પડત નહિ, તેથી એનું આચરણ અયોગ્ય દીસેછે. પણ એ કૂતરાને હડકવા હાલ્યો હતો એટલે એને મારી નાંખવો જોઈતો હતો એવું અવશ્યનું ઠરેછે. વારૂ, રામલાલે એ કૂતરો મારી નાંખ્યો એ તો ઠીકજ છે, પણ તેને એણે, આગલે દિવસે કોઈ નજીકને ગામડે જતાં ગજવામાં નાની સરખી પિસ્તોલ રાખી હતી તેણે વતી માર્યો, તેથી તેના અકસ્માત બારથી દેવાલયના અને આસપાસના સઘળા લોક ચમક્યા અને ભયભીત થયા તથા ઈશ્વરપ્રાર્થનામાં ભંગાણ પડ્યું. આ ઉપરથી એનું કામ ઘણું અવિવેકી અને અયોગ્ય માલૂમ પડે છે. પણ એટલું છતાં જો આપણે તે સમયે એની સ્થિતિ કેવી હતી તે વિષે યોગ્ય તુલના કરીશું-કે એક હડકાયો કૂતરો એની

પૂઠે પડયો હતો, એને નાશી જવાનો કંઈ લાગ નહતો, અને એની પાસે પિસ્તોલ સિવાય બીજું કશું હથીઆર નહતું-તો એનું આચરણ કેવળ વિચારયુકત, યોગ્ય અને ન્યાયપૂર્વક હતું એમાં કંઇજ સંશય નથી એમ આપણને માલૂમ પડશે એટલુંજ નહિ, પણ એ કામ પુણ્યનું હતું એવી પણ ખાત્રી થયા વિના રહેશે નહી, કેમકે એમાં સ્વાર્થ છતાં પરમાર્થ પણ રહેલો હતો-એનો જાન જાત એટલુંજ નહિ, પણ એ કૂતરો બીજા જનના જાનની પણ હાણ કરત એવો સંભવ હતો. એ ઉપરથી સિદ્ધ થાયછે કે કોઈ પણ બાબતમાં ન્યાયયુક્ત સત્ય નિર્ણય કહાડવાને સઘળી વાત ધ્યાનમાં લેવી અવશ્યની છે અને જો મન સંકોચિત હોય તો એમ બનવું કેવળ અસંભવિત થઈ પડેછે.

હજારો લોક બીજા માણસનાં સંસારી અને વ્યવહારી આચરણની નિંદા કરેછે. ફલાણું કામ ડાહ્યું કે ગાંડું, વાજબી કે ગેરવાજબી છે, એવા એવા મત તેઓ એકદમ વિચાર કર્યા વિના આપેછે એ તેમના મનના સંકોચિતપણાનું ચિન્હ છે.

મનની મહાનતા એ કુદ્રતી બક્ષિસ છે એમાં તો કોઇથી ના કહેવાશે નહિ, કેમકે કેટલાકનાં મન બીજાનાં કરતાં ઘણાં વિશાળ હોયછે; પરંતુ એ શકિત શ્રમ વિના એમની એમ ખીલાવટમાં આવેછે એવું પણ કહેવાય નહિ.

હવે, જેમ મનનો સુધારો કરવાને ઘણા વિચાર અને સિદ્ધાંત શ્રમ લઈ સ્મરણશકિતમાં નિયમસર સંઘરી રાખવા જોઇએ તેમ વ્યવહારિક જ્ઞાન મેળવવાને પણ નિયમપૂર્વક ધીરે ધીરે અભ્યાસ કરવો જોઇએ.

જ્યારે કોઈ નિશાળમાં તરત દાખલ થયેલો વિદ્યાર્થી પોતાના શિક્ષકને પ્રથમ ભાગાકાર કરતો જુએછે ત્યારે તે એને ગુણાકારના અને બાદબાકીના અને બીજા આંકડા મૂકતો જોઇને ગભરાયછે અને અચંબો પામેછે તથા એમ ધારેછે કે એ તે કેમ આવડતું હશે; પરંતુ જ્યારે તે પ્રથમ પરિણામ, પછી સરવાળા, પછી બાદબાકી, પછી ગુણાકાર એમ નિયમસર શી-

એછે ત્યારે તેને ભાગાકારમાં થોડા સમયમાં સત્વર સમજણ પડી જાયછે, અને પછી, જે દાખલા તેને પહેલાં ગુંચવણ ભરેલા અને મુશ્કેલ માલૂમ પડેલા, તેજ દાખલા તે પોતાની મેળે સહેલથી અને ખુશીથી કરી શકેછે.

એ દૃષ્ટાંત માત્ર ગણિતશાસ્ત્રને લાગુ પડેછે એટલુંજ નહિ, પણ સઘળા પ્રકારનાં શાસ્ત્રને સમાન છે. મોટા મોટા ગ્રંથકારો થઈ ગયા અને થાયછે; તેમણે પણ પ્રથમ કક્કાથીજ અભ્યાસનું કામ આરમ્ભેલું અને ધીમે ધીમે ઘણી વિદ્યા સંપાદન કરેલી.

જાહેરાંત સભામાં થતા વાદવિવાદ અને ન્યાયસભામાં છણાતા મુકર્દમા સાંભળવાથી પણ મન વિસ્તાર પામેછે.

प्रकरण १७ मुं.

સ્મરણશકિત સુધારવા વિષે.

લાગણી, ન્યાય, તર્ક ઇત્યાદિ મનુષ્ય-મનની સઘળી શકિત કરતાં સ્મરણશક્તિ કેવળ જુદીજ છે. જ્યારે આપણા મનમાં પ્રથમ કોઈ વસ્તુનો વિચાર થયો હોય અને તેજ વિચાર, તે આગળ થઈ ગયો હતો એવાં ભાન સહિત, આપણા મનમાં પાછો આવે ત્યારે તે વસ્તુનું આપણને સ્મરણ થયું એમ કહેવાય. સ્મરણશક્તિથી આપણે શીખેલી વાતનો સંગ્રહ કરી કરી તે પાછી પ્રસંગોપાત આપણા લક્ષમાં લાવી શકીએ છઇએ, તેથી જે વસ્તુનું આપણને પહેલાં કોઈ વાર જ્ઞાન ન થયું હોય તે આપણા લક્ષમાં આવે તો તેનું આપણને સ્મરણ થયું એમ કહેવાય નહિ. જો એ શકિતનો વાસ્તવિક ઉપયોગ કરવાની ઇચ્છા હોય તો જેટલું વાંચવામાં, શીખવામાં, જોવામાં કે સાંભળવામાં આવે તેટલું પાકી રીતે મનમાં ઠસાવી સંઘરી રાખવું જોઇએ.

મનુષ્યજાતની સઘળી શક્તિઓમાં સ્મરણશક્તિ એટલી તો

અવશ્યની અને એટલી તો ઉત્કૃષ્ટ છે કે તેની બીજી સઘળા પ્રકારની બુદ્ધિનાં સૌંદર્યનું તથા એઓની સંપૂર્ણતાનું મૂળ એજ છે એમ કહીએ તો ચાલે. જેવી નેત્ર વિનાની દેહ કામની નથી તેવી સ્મરણશક્તિ વિનાની બીજી સઘળી શક્તિઓ નિરૂપયોગી છે. શીખેલી વાત આપણે સ્મરણશક્તિમાં રાખી ન શકીએ તો જ્ઞાન અને શાણપણ સંપાદન કરવાનો સઘળો શ્રમ શા કામનો? સંક્ષેપમાં સ્મરણશક્તિ ન હત તો જ્ઞાન, કળાકૌશલ્ય અને શાસ્ત્ર એઓનું આમળાં જેવડું મીંડું વળત.

વક્તા અને શ્રોતાને, ગુરૂ અને શિષ્યને, વિદ્વાન અને વિદ્યાર્થીને, સંક્ષેપમાં સઘળાને સ્મરણશક્તિ ઘણી કામની છે. ઘણાંજ સારાં ભાષણ કે બહુ રૂડી શિક્ષા એ વિસારે પડ્યાં એટલે કોડીનાં થઈ જાયછે. વળી વાંચીને ભાષણ કરવા કરતાં મ્હોએથીજ ભાષણ કરવાથી વધારે અસર થાયછે એ વાત કોઇથી અજાણી નથી.

સારી ન્યાયશક્તિ અને સારી સ્મરણશક્તિ એ બે કેવળ જુદાં છે. કોઇ માણસની યાદદાસ્ત સારી છતાં તેની ન્યાયશક્તિ નિર્બળ હોયછે; તેમ કેટલીક વાર એવું પણ માલૂમ પડેછે કે જેની ન્યાયશક્તિ સારી હોયછે તેની સ્મરણશક્તિ સારી હોતી નથી; તેનું કારણ તો એટલુંજ કે તે એકાદો વિષય વારે વારે બારીકીથી તપાસી ખાત્રી થયેથીજ તેનો તોડ કહાડેછે, અને પછી એવો મહાવરો પડી જવાને લીધે તેને હરેક બાબતમાં સારો નિર્ણય કાઢતાં આવડેછે. એમ છતાં પણ ન્યાયશક્તિનો સાચો પાયો સ્મરણશક્તિ છે, કેમ જે કોઈ વાતનો ન્યાય કરતાં તેના જેવીજ આગળ થઈ ગયેલી વાત સાથે તેનો મુકાબલો કરવો પડેછે; હવે, જો યાદદાસ્ત ન હોય તો તેમ થઈ શકતું નથી અને તેથી ન્યાયમાં ખામી રહેછે, બલકે તે ખોટો પણ ઠરેછે. એ ઉપરથી ઊંચી તેમજ નીચી પ્રતિની બુદ્ધિનાં માણસે અને ઘણી તેમજ થોડી યાદદાસ્તવાળાં માણસે શીખામણ લેવી કે કોઈ પણ વિષયમાં તેમણે અવિચારથી એકદમ મત આપવો નહિ.

સ્મરણશક્તિ બાળપણમાંથી વધતી તથા સુધરતી જાયછે અને તે ઘડપણમાં ઓછી થતી જાયછે; એટલે તેને બાલ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થા એ બેની વચ્ચેના સમયમાં કળા અને શ્રમથી વધારી શકાયછે. આળસથી કે માંદગીથી તેને બહુ ધોકો પહોંચેછે. સ્મરણશક્તિ મગજના તંતુની સ્થિતિના પ્રમાણમાં સારી કે માઠી અને ઘટ્ટ કે નબળી હોયછે. બાળકની યાદદાસ્ત ઘણી નિર્માલ્ય હોયછે; તેઓ જરાવારમાં હજાર ચીજ જોયછે અને તેટલીજ વારમાં તે સઘળી વીસરી જાયછે. તેમનું મગજ એટલું તો પોચું હોયછે કે તેમાં પાણીમાં કે પાતળા કાદવમાં પડેલાં પગલાંનો કે બીજી વસ્તુનો લીસોટો કે તેમની છાપ રહે તો, જોયલી કે સાંભળેલી વસ્તુનો ભાસ રહે. જેમ તમે નદીનાં પાણીની સપાટી ઉપર અથવા તેલથી ભરેલાં વાસણમાં કંઈ આંગળી વડે લખો તે તરત ભૂસાઈ જાયછે તેમ બાળકનાં મગજમાં જે જે વસ્તુની મૂર્ત્તિ પડેછે તે તરત જતી રહેછે. એથી ઊલટું ઘડપણમાં થાયછે: વૃદ્ધાવસ્થામાં મગજના તંતુ એટલા તો કઠણ થઈ જાયછે કે તેમાં કોઈ પણ વિચાર પ્રવેશ કરી શકતો નથી અને તેથી સ્મરણશક્તિનું કૌવત છેકજ નરમ પડી જાયછે. જેમ તમે મટોડીથી થાપી લીંપેલી ભોંય ઉપર કે છોબંધ ભીંત ઉપર કંઈ લખવા જાઓ તે એળે જાયછે તેમ તેમના કઠણ મગજમાં કોઈ વાતની છાપ બેસાડવા જાઓ તે પણ ફોગટ જાયછે. પરંતુ મધ્યાવસ્થામાં તો સ્મરણશક્તિની ખીલાવટ સારી પેઠે થાયછે માટે એ સમયમાં નીચે આપેલા નિયમ પ્રમાણે ચાલવાથી ઘણો લાભ થશેઃ—

૧. જે જે વાત યાદ રાખી મુકવા લાયક હોય તે ઉપર યોગ્ય ધ્યાન આપવું જોઇએ અને પાકો શ્રમ લેવો જોઇએ. ધ્યાન આપવાથી હરેક વાત મનમાં સારી રીતે ઠસેછે.

૨. જે વાત પાઠે કરવી હોય તે સ્પષ્ટ રીતે અને સારી પેઠે સમજવી.

૩. હરેક વાત લક્ષમાં રાખવાને અમુક રીત અને નિયમ એ અવશ્યનાં છે; જો કોઈ ગાંધીની દુકાનમાં સઘળી વસ્તુ-તેજાનાની ચીજ એક બાજૂએ, મસાલાની ચીજ બીજી બાજૂએ, ઓસડિયાં એક ઠેકાણે, વસાણાં બીજે ઠેકાણે એમ-નિયમ પૂર્વક અને રીતસર ગોઠવી ન હોય તો તેને કઈ ચીજ કયે ઠેકાણે છે તે બરાબર યાદ રહે નહિ અને તેની દુકાનનું કામ ભાગ્યેજ ચાલી શકે.

૪. જે વાતનું સ્મરણ રાખવું હોય તેને સંક્ષેપમાં ટાંકી લઈ વારે વારે જોતાં રહેવી.

૫. આપણે જે જે વાત શીખીએ તેમાં જો આનંદ અને ગમત રહેલાં હશે તો તે યાદ રાખવી બહુ સહેલી પડશેઃ એટલા માટે જે વાતની બાળકના મન ઉપર ઘણી અસર કરવી હોય તે વાતમાં જો રમતગમતનો પાસ દીધો તો તે તેના ધ્યાનમાં તત્ક્ષણ પક્કે પાયે ઠશી ગયા વિના રહેશે નહિ. બાળક પાસે તેની શક્તિ કરતાં વધારે પાઠ મોઢે કરાવવો નહિ, કેમકે જેમ બળ કરતાં ભારે વજન ઊંચકવાથી હાથ ઉતરી જાય કે કદાપિ છેક નકામો પડી જાય તેમ વધારે શ્રમ કરવાથી સ્મરણશક્તિ પાયમાલ થઈ જવાની ધાસ્તી રહેછે. ઇસપનીતિમાંની કે પંચોપાખ્યાનમાંની કે બાળમિત્રમાંની વાત વાંચવાથી બાળકને કેટલો આનંદ અને તેની સાથે કેટલું જ્ઞાન પ્રાપ્ત થાયછે! એજ રીતે મદિરાપાન એ મોટો દુર્ગુણ છે એમ જો બાળકના મનમાં ઠસાવવું હોય તો લાંબાં લાંબાં ભાષણ કરવાથી તેને કંઈ અસર થશે નહિ, પણ જો તેના મ્હો આગળ કોઈ છાકટાને હાલહવાલ સ્થિતિમાં ઊભો કરી તેને સમજણ પાડવામાં આવશે તો તે ચિત્ર તેના અંતઃકરણમાં એવું સજડ ચોંટી જશે કે તે એ પછી કદી વીસરી જશે નહિ.

૬. ઉપયોગી વાત કવિતાના રૂપમાં મૂકવાથી તે ઘણી યાદ રહેછેઃ જૂની કહેવત વગેરે હજી સુધી ચાલ્યાં કરેછે તેનું કારણ એજ છે.

૭. જો કોઈ વસ્તુ યાદ રહે એવી ન હોય તો તેના જેવીજ બીજી વસ્તુ ધ્યાનમાં રાખવાથી તે સારી રીતે લક્ષમાં રહેશે.

૮. જે વાત યાદ રાખવાની આપણી મરજી હોય તેનો જો આપણે ધ્યાન રાખી ઉતારો કરીશું તો તે આપણા મનમાં સારી રીતે રમી રહેશે; તેજ વાત કદાપિ એકવાર ફીટીને પાંચ વાર વાંચી જઇશું તો એટલી યાદ રહેશે નહિ.

૯. કેટલીક વાર કોઈ વાત યાદ રાખવાને તેની જગા બરાબર ધ્યાનમાં રાખવી જોઇએ; એ રીતે ઘણી વેળા ફલાણી વાત ફલાણી ચોપડીને ફલાણે પાને તેની ફલાણી બાજૂએ કે તેને મથાળે કે તેના વચલા ભાગમાં કે તેને છેડે છે એમ યાદ હોવાથી, આપણે તે વાત પાછી શોધી કહાડી શકીએ છઇએ.

प्रकरण १८ मुं.

હરેક વાતનો નિર્ણય કાઢવા વિષે.

જ્યારે તમારા મનમાં કોઈ વિષયનો વિચાર આવે ત્યારે પ્રથમ એટલું શોધી કાઢો કે તે તમારી સમજમાં ઉતરે એવો છે કે નહિ. કેમજે જે વાતનો કંઇજ પત્તો લાગે એવું ન હોય તે વાતમાં મથન કરવું એ કેવળ વૃથા કાળ ગાળવા સમાન છે.

૨. એ વાત જાણવા લાયક છે કે નહિ તે વિષે વિચાર કરો, અને જો તેમ હોય તો સ્થિતિ, વય, દેશ, કાળ, બુદ્ધિ, અને શક્તિ એનું પ્રમાણ લેતાં તે તમારે કેટલે દરજે જાણવી ઘટારત છે તે શોધી કાઢો.

૩. એ વાત સહેલી છે કે મુશ્કેલ છે તે જુઓ; તમારૂં ધ્યાન તથા તમારી સમજ તેમાં પહોંચી શકે એમ છે કે નહિ તે તપાસો. જો કોઈ શિલ્પશાસ્ત્રનો નવો સવો શીખાઉ પ્રથમજ એકાદી સારી મૂર્તિ ઘડવા બેસે તો તે મૂર્ખમાં ઠર્યા વિના રહે નહિ, તેમજ જો કોઈ માણસ અભ્યાસ કર્યા વગર તત્વજ્ઞાનમાં

ભારે સુધારો કરવાનું ડોળ ઘાલે તો તે પણ મૂર્ખમાં ગણાયા વિના રહે નહિ.

૪. એ વાત ઉપર મનન કરવા માંડો તે પહેલાં તે કોઈ પણ રીતે ઉપયોગી થઈ પડે એમ છે કે નહિ તે સારી પેઠે તપાશી જુઓ; તમારા મન સાથે સારી પેઠે વિચાર કરી જો જો કે તેનો પરિણામ કેવો થશે? તેથી ઇશ્વરનો મહિમા વધશે? તેથી મનુષ્યજાતનું કલ્યાણ થશે? તેથી તમારૂં કંઈ હિત થશે? તેથી કંઈ સંસારી કે સ્વાભાવિક દુઃખ ટળશે? કે તેથી થતો લાભ શ્રમનો પૂરતો બદલો વાળી શકશે? જો એમાંનું એકે નીપજે એવું ન હોય તો તેવા અભ્યાસમાં સમય વ્યર્થ રોકવો નહિ.

૫. એ વાતનું વળણ તમારા ડહાપણમાં વધારો કરવાનું અને તમારી ચાલમાં સુધારો કરવાનું છે કે કેમ તે તપાસો.

૬. જો એ વિષય કોઈ પ્રત્યક્ષ પ્રમાણને અનુસરતો હોય તો એટલું ભૂલવું નહિ કે તેના ઉપર બીજી ઘણીએક વાતનો આધાર રહેલો હશે, અને તેથી તે એકદમ સ્વીકારવો નહિ.

કોઈ પણ વિચાર વિષે તે સિદ્ધાંતજ છે એમ પ્રથમથી નક્કી કરી બેશી રહેવું નહિ, તેમ તેને પ્રત્યક્ષ પ્રમાણની પાયરીમાં ગોઠવી દેવો નહિ; પણ તેને ખૂબ તપાશી, પછી તે ખરો છે કે કેમ તેનો નિશ્ચય કરવો. વળી ફલાણો સિદ્ધાંત ઘણો વખત થયાં સાચામાં ખપેછે, કે ઘરડા વરડા તેને સાચો ગણતા આવ્યાછે, કે તે ખોટો છે એમ કોઇથી કહેવાશે નહિ, કે તે સ્વાભાવિક નિયમથી સિદ્ધ થાયછે, એવી એવી દલીલ બતાવવામાં આવે તો પણ પક્કી ખાત્રી થયા વિના તે સ્વીકારવો નહિ.

૭. એજ રીતે ફલાણી વાત માન્યામાં આવે એવી નથી, કે તેને બીજા લોક માનતા નથી, કે કેટલાક માનેછે તોપણ ઘણાખરા નાકબૂલ કરેછે, એવા એવા વિચારથી તે નાકબૂલ કરવી નહિ પણ તેની પૂરેપૂરી તપાસ કરવી.

૮. જ્યારે કોઈ શક પડતી બાબતનો નિર્ણય કાઢવો હોય ત્યારે તેને નિષ્પક્ષપાતથી ધ્યાનમાં લેવી, કેમ જે જો તમારૂં મન

પ્રથમથીજ તેની તરફેનમાં કે તેની સામા વળ્યું તો તમને સાચો રસ્તો સૂઝશે નહિ. ઘણું કરીને લોકો પોતાનાં કુટુંબના કે મંડળના વિચારનું ગ્રહણ કરેછે, પણ એમ કરવામાં જરાએ વિવેક-બુદ્ધિ વાપરતા નથી, અને વધારે નવાઈ જેવું એ છે કે તેજ વિચાર ખરા છે એમ તેઓ છાતી ઠોકીને કહેછે તથા સમજેછે.

૯. જ્યારે કોઈ મુશ્કેલ અને અગત્યની બાબતમાં નિવેડો કાઢવો હોય ત્યારે તેને માત્ર એક બાજૂએથી ન તપાસતાં સઘળી બાજૂએથી તપાસવી, અને તેમાં ધ્યાન દઈ થોડોએક સમય ગાળ્યા પછી તેનું ખરૂં રૂપ જાણી લેવામાં મુશ્કેલાઈ પડશે નહિ.

૧૦. એટલાજ માટે કોઈ વાત નક્કી કરવામાં તે કબૂલ કરવાથી એવીજ જાતની બીજી વાત કબૂલ કરવી પડે એમ હોય તો તે એકદમ ખરી માનવી નહિ. એ વિચાર એક કોરે મુકવાથી લોકો વહેમમાં કૂટાઈ શકુનાપશકુન અને અસંભવિત વાતને માનતા થયાછે. પહેલાં આર્યલોક માનતા, અને હાલ પણ કેટલાએક માનેછે, કે સૂર્ય ચંદ્રનાં ગ્રહણ રાહુ (ઢેડા) ના સ્પર્શથી થાયછે. હવે એ વાત તેમણે એકવાર અવિચારથી સ્વીકારી એટલે તે તેમનાં મનમાંથી સહેલથી ખશી શકતી નથી.

૧૧. કેટલીક વાર એવા ભારે અને વિશાળ પ્રશ્ન કરવામાં આવેછે કે જો તેનો એકદમ ઉત્તર દીધો તો ઉત્તર દેનાર માણસ સપડાઈ ગયા વિના રહેતો નથી. એમ ધારો કે તમને કોઈ સવાલ કરે કે તમે શિવમાર્ગીછો કે વૈષ્ણવી સંપ્રદાયમાંછો? તમે મૂર્ત્તિને માનોછો કે નિરાકાર બ્રહ્મને માનોછો? હવે મારો મત એવો છે કે એવા સવાલનો જવાબ એકદમ અને એક આપી પતાવવું નહિ, પણ વધારે સવાલ જવાબ કરી તમારે તમારા વિચાર સંપૂર્ણ રીતે બતાવવા. તમારે એમજ કહેવું કે અમારી ખાત્રી થયા વિના અમે એકે વાત માનતા નથી, અને સૃષ્ટિમાં એવો કોઈ માણસ અથવા એવા કોઈ માણસ છે નહિ કે થયો નથી કે થયા નથી કે જેના વિચાર

અમે એકદમ જોવાને તેવાજ સ્વીકારીએ. ઈશ્વરે અમને સારાસાર સમજવાની શક્તિ બક્ષીછે અને અમે તે શક્તિની સત્તાને અનુસારે વર્ત્તીએ છઈએ.

૧૨. થઈ ગયેલી અથવા થવાની વાતનો સંભવ નક્કી કરવાને ત્રણ નિયમ ધ્યાનમાં રાખવાઃ—

૧. જે વાત સૃષ્ટિના નિયમને મળતી આવે તેમાં ઘણો સંભવ રહેલોછે એમ જાણવું. જો તમે એકાદા વિશાળ મેદાન ઉપર કોઈ સસલા ભણી શિકારી કુતરો છોડશો તો તે કુતરો સસલાને પકડશે એ વાત ઘણી સંભવિત માલૂમ પડેછે; એજ રીતે જો તમે કોઈ ઝાડી આગળ બંદૂકનો બાર કરશો તો હજારો પક્ષી ઊડી જશે એ વાત પણ સંભવિત છે.

૨. જે વાત મનુષ્યજાતના અવલોકનમાં નિરંતર આવેછે અથવા જે વારંવારની અજમાયશથી ખરી હોય એમ લાગેછે તેમાં સંભવ રહેલોછે એમ માનવું. શિયાળામાં કડકડતી ટાઢ પડેછે; ઘણા નીચ માણસને મદિરાપાન કરાવ્યું તો તેમાંના ઘણાએક છાકટા થઈ જાયછે; મોટી સભામાં સઘળાના મત એક સરખા હોતા નથી; જો મધ્યરાત્રિને સમયે તુરંગના દરવાજા આગળ ચોકી પહેરો ન હોય તો ચોર લોક છ પાંચ ગણી ગયા વિના રહે નહિ. એ બધી બાબતમાં સંભવ રહેલોછે એમ સાફ માલૂમ પડેછે.

જ્યારે એકાદી વાતનો સંભવ સૃષ્ટિના નિયમથી કે અવલોકનથી કે અજમાયશથી માલૂમ પડતો ન હોય ત્યારે મહાન પુરૂષનાં વચન ઉપરથી કે પાંચ સારા માણસના કહેવા ઉપરથી કે ઘણા લોકના મત ઉપરથી તેનો સંભવ જાણવો. આપણે વિદ્વજ્જનનાં લખાણ ઉપરથી અને ઘણા લોકના કહેવા ઉપરથી જાણીએ છઈએ કે ચા ચીનમાં પાકેછે; તુર્કીનો સુલતાન રૂમશામમાં રહેછે; સિકંદર બાદશાહ કે જે બહુજ બહાદુર હતો તેણે હિંદુસ્થાન ઉપર સવારી કરી હતી; અને વીર વિક્રમ પરદુઃખભંજન હતો.

૧૩. છેલ્લે કહેવાનું એટલુંજ કે એકવાર એકાદી વાત સારી પેઠે તપાશી જોયા પછી અને વાજબી રીતે ખરી માલૂમ પડ્યા પછી તે સ્વીકારવામાં, વહેમમાં કૂટાઈ, આનાકાની કરવી નહિ.

प्रकरण १९ मुं.

કારણ અને તેથી નીપજતાં પરિણામ વિષે.

કેટલાંક પરિણામ કારણ ઉપરથી માલૂમ પડેછે અને કેટલાક કારણ પરિણામ ઉપરથી જણાયછે.

૧. જ્યારે તમારે કોઈ પરિણામનાં કારણ શોધી કાઢવાં હોય ત્યારે હેઠે બતાવેલી રીત ઉપયોગમાં લેવી:—

(૧) એવી તરેહનાં બીજાં પરિણામ તમારા જાણ્યામાં હોય તે વિષે વિચાર કરો અને તેનાં મુખ્ય અને ખરાં કારણ શાં હતાં તે તપાસો, કેમજે, ઘણું કરીને સરખાં પરિણામનાં કારણ સરખાંજ હોયછે.

(૨) એવી તરેહના પરિણામ નીપજાવવામાં કેટલાં કારણ સંભવિત છે તે તપાસો, અને પછી આજુબાજુની બાબત જોતાં તેમાંનાં કેટલાં લાગુ પડે એવાં છે તે જુઓ. છેવટે ધ્યાન રાખી વિચાર કરવાથી એક ખરૂં અને મોટું કારણ તમને તરત માલૂમ પડશે.

(૩) એવી તરેહના પરિણામ નીપજ્યા તે પહેલાં શો બનાવ બન્યો અને તેથી કેવી અસર થઈ તે તપાસો.

(૪) એવી તરેહના પરિણામ નીપજે એટલા માટે એક કારણ બસ છે કે બે ત્રણ કારણ એકઠાં મળવાં જોઇએ તે વિષે વિચાર કરો; અને પછી જુદાં જુદાં કારણની સત્તાનું પ્રમાણ કાઢો.

૨. જ્યારે તમારે કોઈ કારણ કે કારણોના પરિણામની શોધ કરવી હોય ત્યારે નીચે બતાવેલી રીત પ્રમાણે વર્તવું:—

(૧) પ્રત્યેક કારણનો પ્રકાર ઝીણી નજરે જોવો અને તેથી કેવો પરિણામ નીપજવાનો સંભવ છે તે વિષે વિચાર કરવો.

(૨) કેટલાંક અમુક કારણ એકઠાં મળવાથી, તેમનો પ્રકાર જોતાં, કેવો પરિણામ નીપજવો જોઇએ, અને તેમાં બીજા કારણની સત્તા ઘટાડે કે વધારે એવાં કારણ કિયાં છે, એ વિષેનો વિચાર કરવો અને પછી તેની ન્યાયયુક્ત તુલના કરવી.

(૩) જે બાબતમાં કોઈ કારણની સત્તા ચાલવાની હોય તે ઉપર વિચાર કરવો, કેમજે એકજ કારણની અસર જુદી જુદી બાબતમાં જુદી જુદી ઠરેછેઃ સૂર્યના તાપથી મીણ ઓગળેછે પણ માટી સખ્ત થાયછે.

(૪) કોઈ કારણનો ખરો પરિણામ જાણવો હોય તો તેના ઉપર વારંવાર અજમાયશ કરી જોવી.

(૫) જુદાં જુદાં કારણ એકત્ર થવાથી કેવો પરિણામ નીકળેછે તે સંભાળ રાખી તપાસવો, અને એ રીતે બે ચાર વાર જોતાં જો તે પરિણામ લાભકારક માલૂમ પડે તો તેને યાદ રાખી તેનો પ્રસંગોપાત ઉપયોગ કરવો.

(૬) વળી અમુક સ્થિતિમાં અમુક બાબત ઉપર અમુક કારણની કેવી અસર થાયછે તે તપાસવી, અને, તે સ્થિતિ જોતાં, તે કારણનું વળણ તે પરિણામ વધારવાનું હતું કે ઘટાડવાનું હતું તે શોધી કાઢવું. એ રીતે વૈદ્ય લોક પોતાના અનુભવમાં વધારો કરી જુદા જુદા રોગ ઉપર ઓષધ આપવાને સમર્થ થાયછે.

(૭) એ બધી બાબતનો વિચાર કરતાં આટલું યાદ રાખવું કે કુદ્રતી નિયમને અનુસારે જે કારણ અને પરિણામને અનિવાર્ય સંબંધ છે તેમાં, અને જે કારણ અને પરિણામને ઉપલકીઓ સંબંધ છે તેમાં, બહુ ભેદ રહેલોછે, અને એ ભેદ ધ્યાનમાં લેવો વીસરી જવો નહિ.

પ્રથમ ભાગ સમાપ્ત.

मनसुधारक सूचना.

भाग २ जो.

मनसुधारक सूचना.

भाग २ जो.

प्रस्तावना.

આ પુસ્તકના પ્રથમ ભાગનો ઉદ્દેશ મુખ્યત્વે કરીને આપણા પોતાના જ્ઞાનમાં સુધારો શી રીતે થઇ શકે તે બતાવવાનો છે. હવે બીજા જનનાં મન સુધારવાની અને આપણને જે આવડતું હોય તે તેમને શીખવવાની ઉત્કૃષ્ટ રીત વિષે આપણે વિચાર કરીશું. જો જ્ઞાન રૂપી કોષ મનમાં ને મનમાંજ સંગ્રહ કરી રાખી મુકવામાં આવે તો તેથી એમ કરનાર એકલપેટા માણસ વિના બીજા કોઇને ફાયદો થાય નહિ; અને એ ફાયદો પણ, તે બીજા માણસને પોતાનું શીખેલું શીખવે તેથી જે પોતાને તથા તેમને લાભ થાય તેના આગળ, કંઇજ વિસાતનો ઠરે નહિ. જેમ દાટેલું ધન કચરાળું થઇ તે ઉપર કાટ ચઢી જાયછે તેમ સંગ્રહ કરી રાખી મૂકેલું જ્ઞાન પણ કાટ ચઢવાથી બગડી જાયછે; માટે તે તાજું અને ચળકતું રહે એટલા સારૂ તેનો નિરંતર ઉપયોગ કરવો જોઇએ.

બીજા માણસને જ્ઞાન આપવાના મુખ્ય બે માર્ગ છે: એક તો એ જે કેટલાક શિષ્ય કરી રાખી તેમને મ્હોએ શિક્ષા આપવી, અને બીજો એ કે આપણા વિચાર છાપી કાઢી તે લોકમાં પ્રસિદ્ધ કરવા. આ ભાગમાં એ બે વિષયને લગતી વાત છે.

मनसुधारक सूचना.

भाग २ जो.

प्रकरण १ लुं.

शीखववानी अने भाषण करवानी रीत विषे.

जे माणस एकादो विषय स्पष्ट रीते अने नियमसर संपूर्ण शीख्यो होयछे तेज माणस घणुं करीने ते विषयमां ज्ञान आपवाने सारी पेठे समर्थ होयछे; पण हमेशा मोटो विद्वान होय तेज उत्कृष्ट शिक्षक नीवडे एम नथीः तेने सारुं ज्ञान होवुं जोइए एटलुंज नहि, पण तेनामां पोताना विचार सरळ भाषामां विविध रीते दर्शाववानी गति पण होवी जोइए, के जो तेनो शिष्य एक रीते समजी न शके तो बीजी रीतिए के त्रीजी रीते तो समजी शकेज. वळी तेनो स्वभाव सुघो अने शान्त होवो जोइए. पोतानो शिष्य शीखतां वार लगाडे अथवा बुद्धिनुं मंदपणुं बतावे तो ते तेणे धीरजथी सांखी रहेवुं जोइए.

विद्यार्थीने ज्ञान आपवानी उत्कृष्ट रीत भाषणनी छे. जे शास्त्र तेमने शिक्षक शीखवतो होय ते शास्त्र उपर रचायलुं एकादुं सादुं अने सारुं पुस्तक पसंद करी अथवा तेवुं पुस्तक न होय तो एक टांचण करी ते तेमनी पासे वंचावी तेणे तेनुं सारी पेठे व्याख्यान करवुं जोइए. तेणे तेमांना शब्दनो अने वाक्यनो अर्थ दृष्टांत सहित तेमने सारी पेठे समजाववो जोइए. ते पुस्तकमांना घणा उपयोगी, सारा अने लक्षमां राखवा लायक भाग तेणे तेमना मनमां खूब ठसाववा जोइए. ते शास्त्र शा उपयोगमां आवे-छे, तेथी केवा फायदा थायछे अने ते शीखवानो शो हेतु छे ते पण तेणे तेमने स्पष्ट रीते बतावतुं जोइए. ज्यारे शिक्षक पोताना

શિષ્યને કોઈ અમુક પુસ્તક વાંચી સંભળાવતો હોય ત્યારે તેણે તેજ વિષય સંબંધી બીજાં વાંચવા લાયક પુસ્તક તેમને કહી તે વાંચવાની ભલામણ કરવી, અને તેમાંના વિચાર પણ પ્રસંગોપાત કહી જવા. વળી તેણે તેમને તે શાસ્ત્રની ઉત્પત્તિ, તેમાં થયેલો અને થતો જતો સુધારો એ વિષેના ઇતિહાસથી પણ વારે વારે વાકેફ કરતા જવા.

શિક્ષકે પોતાના શિષ્યની બુદ્ધિ, શક્તિ અને તેમનો સ્વભાવ, એને અનુસારે કંઇક ભય, કંઇક પ્રીત અને કંઇક લાલચથી તેમને ભણવા ઉપર રૂચિ કરાવવી જોઇએ.

જ્યારે સૃષ્ટિસંબંધી, નીતિસંબંધી કે રાજ્યસંબંધી કોઈ મોટો ફેરફાર થાય ત્યારે તેણે તેમને તે બાબત ઉપર તેમના વિચાર દર્શાવવાનું મનોયત્ન આપવું અને પછી પોતાના વિચાર કહી જવા.

વળી ગુરૂએ પોતાની વર્તણુકથી સાફ બતાવી આપવું જોઇએ કે પોતે પોતાના શિષ્યને તથા તેમને સારૂં જ્ઞાન મળે એવી વાતને સારી પેઠે ચ્હાયછે; જો એમ હશે તોજ તેના ઉપર શિષ્ય ભાવ રાખશે તથા તેની શિક્ષા ધ્યાન દઈ સાંભળશે.

प्रकरण २ जुं.

સમજણ પડે એવી શૈલિ વિષે.

સામા માણસને સમજણ પડે અને જ્ઞાન મળે એવી શૈલિનું પ્રથમ લક્ષણ તો એજ છે કે તે સુંદર હોવી જોઇએ; વળી તે ધટ્ટ, સરળ અને સાદી પણ હોવી જોઇએ.

શિક્ષકની શૈલિમાં નીચે બતાવેલી ખોડ હોવી જોઇએ નહિઃ—

૧. કેટલાક પરભાષાના શબ્દ કે જે સ્વભાષામાં ઘણા ભળી ગયા ન હોય કે સાધારણ રીતે સમજાઈ શકે એવા ન હોય તે તેણે વાપરવા જોઇએ નહિ.

૨. ભાષામાં, પાંડિત્ય બતાવવા તેણે મોટા મોટા શબ્દનો ઉપયોગ કરવો જોઇએ નહિ.

૩. ભાષામાં, રાજ્યદરબારમાં અને નાટકશાળામાં વપરાતા શબ્દનો તેણે ઉપયોગ કરવો જોઇએ નહિ.

૪. તેણે પોતાની શૈલિમાં હલકી પ્રતિના લોકમાં બોલાતી ભાષા મિશ્રિત કરવી જોઇએ નહિ, અને ભેદયુક્ત વાકચનો તથા નહિ સમજાય એવા શબ્દનો ત્યાગ કરવો જોઇએ.

૫ તેણે પોતાનાં ભાષણમાં લાંબાં અને અધરાં વાકચ આણવાં જોઇએ નહિ.

હવે એવી ખોડ રહિત શૈલિ લખવાને શક્તિમાન થવા માટે નીચે આપેલા નિયમ પ્રમાણે વર્તવું:—

૧. જે પુસ્તકની ભાષા સાદી અને બુદ્ધિ સ્વીકારી શકે એવી સાબીતીથી ભરપૂર હોય તે પુસ્તક વાંચવાં અને તેવી રીતની શૈલિની ઢબ અટોપી પાડવાની કોશિશ કરવી.

૨. જે વિષયમાં શિક્ષા આપવી હોય તે વિષયનું ગહનજ્ઞાન મેળવવું; એથી મનના વિચાર સત્વર દર્શાવવાની તથા તે શીખનારના અંતઃકરણમાં સરળતાથી ઉતારવાની શક્તિ સાધ્ય થશે:-

(દોહરો)

જ્ઞાન ગૂઢ જો હોય તો સારી શીખ અપાય,
મન-વિચાર દર્શાવવા ભાષા તત્પર થાય.

૩. સ્વભાષામાં પુષ્કળ પ્રવીણતા સંપાદન કરી તેમાંની રૂઢીની તથા તેમાંનાં વાકચની સારી માહીતી મેળવવી; તથા મનના વિચાર વિવિધ રીતે દર્શાવતાં શીખવું;—દૃષ્ટાંત—જો એકાદ વરૂને ઘેટાંના ટોળામાં પેસવા દીધું તો તે તેમને ખાઈ જશે; જો એકાદા વરૂને ઘેટાંના ટોળામાં પેસવાનો લાગ મળે તો તે તેમને ખાઈ જાય; એકાદું વરૂ ઘેટાંના ટોળામાં પેશી શકે નહિ એવી ચોકશી જો ન રાખી તો તેમનું રક્ષણ થશે નહિ: જો ઘેટાંના ટોળામાં એકાદ વરૂ પેસે તો તેઓ માર્યાં જાય; જો એકાદું વરૂ ઘેટાંના ટોળામાં પેઠું તો તે ઘેટાંનો નાશ કરશે.

૪. એકજ અર્થના ઘણા શબ્દ યાદ રાખવા; એથી ભાષામાં

એકના એક શબ્દ નહિ વપરાય તેને લીધે તે નઠારી દેખાશે નહિ.

૫. વાક્ય લાંબાં ન કરતાં જેમ બને તેમ ટૂંકાં કરવાની ટેવ પાડવી; એથી સાંભળનારને કે વાંચનારને સમજણ પડતાં વાર લાગશે નહિ.

प्रकरण ३ जुं.

કોઈપણ સત્યવાતની સામા માણસને ખાત્રી કરી આપવા વિષે તથા તેની ભૂલ સુધારવા વિષે.

જ્યારે સંસારસંબંધી કે ધર્મસંબંધી કોઈ વાત સાચી છે એમ આપણે નક્કી કરીએ છઈએ ત્યારે બીજા માણસ કરતાં આપણી બુદ્ધિ શ્રેષ્ઠ છે એવું અભિમાન રાખી તે મત તેઓ સ્વીકારે એવી ઇચ્છા આપણે રાખીએ છઈએ. પરંતુ એ અભિમાનનો ત્યાગ કરી આપણો એવો ધર્મજ છે એમ સમજી જો આપણે મનુષ્યજાતના કલ્યાણને અર્થે એવી ઇચ્છા કરીએ તો તેથી વધારે લાભ થાયછે; તે એ કે તે સત્ય વાત લોકના માન્યામાં સત્વર આવી જાયછે.

ઉપલી બાબતમાં કેટલાક નીચે આપેલા નિયમ ઉપયોગી થઈ પડશેઃ—

૧. જો તમારે કોઈ માણસને તેની ભૂલ વિષે ખાત્રી કરી આપવી હોય તો યોગ્ય પ્રસંગ અને સ્થળ જોઇને તેમ કરવું; કેમકે જો તે કંઈ કામમાં ગુંથાયો હશે, કંઈ સંસારી માઠા બનાવથી ઉદાસ હશે અથવા વિરૂદ્ધ મત નિભાવવામાં તાતો થઈ ગયો હશે, તો તે સમયે અને સ્થળે તમારી સઘળી સાચામાં સાચી દલીલ પણ તેને અસર કરી શકશે નહિ.

૨. જે માણસને તમે તેની ભૂલ બતાવી આપવાના હો તેને તમારી વર્તણુકથી સઘળી રીતે એમ બતાવવું કે એમ કરવામાં તમારો હેતુ માત્ર તેનું હિત કરવાનોજ છે, પણ તેના ઉપર જય મેળવવાનો, તેનું અજ્ઞાન પ્રગટ કરવાનો, અથવા જે મત

તેણે સ્વીકાર્યો હોય તે મત નિભાવી રાખવાની તેનામાં શક્તિ નથી એમ દર્શાવી દેવાનો નથી.

૩. કોઇ માણસની ભૂલ સુધારવાનો સારામાં સારો માર્ગ એજ છે કે તેને અતિ નમ્ર અને પ્રેમયુક્ત ભાષામાં બોધ કરવો; તેની વાત સાચી હોય તો સ્વીકારવી અને વેળાએ તેને એમ પણ કહેવું કે "તમે સત્યથી ઝાઝા દૂર નથી." એટલું હમેશ યાદ રાખવું કે ઠપકાથી કે નિંદાથી, મજાકઠઠ્ઠાથી કે વાંકાં વચનથી, લાંબાં લાંબાં ભાષણથી કે શાહોરબકોરથી કોઇ પણ માણસના મનમાંથી એકાદી ભૂલ ભરેલી વાત જડમૂળથી કહાડી શકાતી નથી.

૪. નિરંતર તામસી પ્રકૃતિ રાખવી નહિ, કેમકે તામસથી સમજણ ટૂંકી થઈ જાયછે અને આત્મા અંધકારથી છવાઈ જાયછે. મનુષ્ય-સ્વભાવ પાણી જેવો છે: જેમ પાણી સ્થિર હોયછે ત્યારે ઉપરથી નિર્મળ હોયછે અને કાદવ નીચે દબાયલો રહેછે તેમ સ્વભાવ શાન્ત હોયછે ત્યારે મન નિર્મળ હોયછે અને વિકાર દબાયલા રહેછે; પણ જેમ પાણી ડહોળાઇ જાયછે ત્યારે કાદવ કચરો એકદમ ઉપર આવેછે, તેમ જ્યારે સ્વભાવ વિકારથી વિક્રિયાને પામેછે ત્યારે સઘળા વિચાર ગુંચવાઇ જઈ અંધકારયુક્ત થઇ જાયછે. વળી તમે તામસી થાઓ એટલે તમારો પ્રતિસ્પર્દ્ધી પણ ક્રોધી બની જાય અને તમારા વિચાર ગમે એટલા સાચા અને સ્પષ્ટ હોય તોપણ તે સ્વીકારે નહિ કેમકે તેના મનની સઘળી શક્તિઓ પોતાનાજ મતનો નિભાવ કરવાને પ્રવૃત્ત થાયછે એટલે તેને બીજી વાતમાં જરાએ ગમ પડતી નથી.

૫. જે માણસની ભૂલ તમારે સુધારવી હોય તેને તમારૂં કહેવું અને તેનાં કારણ સમજવાને યોગ્ય સમય આપો.

૬. અને ત્યાંસુધી તે પોતાની ભૂલ પોતાની મેળેજ સુધારે એવી રીતિ તેને સમજના ઘરમાં ઉતારો.

૭. જો આખા કુટુંબમાં કે આખી જ્ઞાતમાં સુધારો કર-

વાની તમારી ઈચ્છા હોય તો તમારે તમારા વિચાર સ્વીકારવાનું સઘળાને એકી વખતે કહેવું નહિ, કેમકે એમ કરવાથી અકસ્માત ગભરાટ ઊઠેછે અને લોકો સામા થઈ સાચી વાત પણ કાબૂલ કરતા નથી; પરંતુ તે કુટુંબનાં કે જ્ઞાતનાં મુખ્ય અને સમજુ માણસની તમારે ધીમે ધીમે તમારા મતસંબંધી ખાત્રી કરી આપવી અને તેમના મનમાં તમારી વાત ઉતરે કે તે પ્રમાણે બીજાં કેટલાંક માણસની ખાત્રી કરી આપવી, એટલે પછી તેજ લોકો તમારા કામમાં સહાયતા રૂપ થઈ પડશે. આ સંસારમાં આપણી સ્થિતિ એવી દુઃખદાયક છે કે જો કદાપિ સત્ય અને ન્યાય માનવદેહ ધારણ કરી, જાતે ભાષણ કરી, આપણને ઉપયોગી વાતનું ગ્રહણ કરવાનું કહે તોપણ આપણામાંના કેટલાક જડમનના લોકની કદી ખાત્રી થાય નહિ અને તેઓ સારા અને સાચા મત સ્વીકારે નહિ.

प्रकरण ४ थुं.

મનુષ્ય જાતના વહેમ ટાળવા વિષે.

જો આપણને માત્ર મનુષ્યજાતની વિવેકબુદ્ધિ સાથેજ કામ પાડવાનું હોય અને તે નિર્મળ હોય તો તેમને તેમની ભૂલની ખાત્રી કરી આપવામાં અને સ્પષ્ટ સત્ય વાતનો સત્કાર કરવાનું સમજાવવામાં આપણને મુશ્કેલાઇ પડે નહિ; તેમ એ કામ ઝાઝી કળનું તથા ભારે બળનું પણ ગણાય નહિ. પણ અપશોચ!, મનુષ્યજાત વહેમની જાળમાં ગુંથાઇ રહીછે અને ભૂલ રૂપી વાઘેણના પંઝામાં ઝલાઈ રહીછે. તેનો પ્રત્યેક મત વિવેકબુદ્ધિ સિવાયની કંઇ બીજી વાત ઉપરજ આધાર રાખતો હોયછે. એકાદ તરૂણ, વિદ્વાન અને પ્રકાશિત બુદ્ધિનો પુરૂષ કે જેણે ઘણી સત્યવાતંનો અને સચોટ દલીલ દાખલાનો સંગ્રહ કર્યો હોયછે અને

જેને દુનિયાદારીનું પૂરતું જ્ઞાન હોતું નથી તે પોતાના અભ્યાસના ક્રમમાંથી મુક્ત થયા પછી હોંસ ભર્યો, લોકના થોકની મૂર્ખતાનો નાશ કરી, તેમનામાં બુદ્ધિનો અને સત્યનો પ્રસાર કરવાને પ્રવૃત્ત થાયછે, પણ તેને ઘણી અડચણો મેરૂ જેવી નડેછે. તેને હઠીલા સ્વભાવનાં, તેમજ જુદી જુદી પ્રકૃતિનાં, કેળવણીનાં અને જુદા જુદા મતનાં સ્વાર્થી માણસ સાથે કામ પડેછે અને તેની હિમ્મત હારી જાયછે. તેને સાફ માલુમ પડેછે કે તેણે પોતાની શક્તિરૂપી તરવારની તીખટ ઉપર કે પોતાની બુદ્ધિના સામર્થ્ય ઉપર આધાર રાખવો નહિ, પણ પોતાની વિવેકબુદ્ધિનાં અસ્ત્ર કળા અને ખૂબીની સાથે વાપરવાં જોઇએ. અંતે એટલું કરતાં પણ તે પોતાનું ધારેલું શુભ કામ ઝાઝા શ્રમ વિના પાર પાડી શકતો નથી.

જે ઠેકાણે વહેમ મનના રાજા જેવા થઈ પડયા હોયછે તે ઠેકાણે નીચે આપેલા નિયમનો ઉપયોગ કરવાથી તેમની સત્તામાંથી મનને મુક્ત કરી શકાયછેઃ—

૧. જે વહેમમાં અજ્ઞાની લોક કુટાતા હોય તે વહેમ ઉપરજ હુમલો ન કરતાં, તે ટાળવા વિષે તમારા કેવા મત છે અને તે શી રીતે ટાળી શકાય એમ છે તે બતાવી આપી તેમને ધીમે ધીમે તે રાહે પાડવા.

૨. થોડી વાર સુધી તેમને વહેમમાં કૂટાવા દેવા, અને તેની સાથે તેમના મનમાં સત્યવાતનો પ્રવેશ પણ કરતાં જવો, એટલે છેવટે સત્ય તરી આવી વહેમ નીચે નમી દબાઇજ જશે.

૩. કેટલીક વેળા તેઓ જે વહેમમાં અકળાતા હોય તે વહેમનીજ સહાયતા વડે તેમને ભૂલ કરતાં અટકાવવા. દૃષ્ટાંત— ધારો કે કોઈ જ્વરથી પીડિત હરડતો ધર્માંધ વૈદ્યનું ઔષધ ખાતો હોય અને તેને બટાટા બહુ પ્રિય છતાં તે વાપરવાની મનાઈ કરવામાં આવી હોય. હવે તેના ઘરમાં બટાટાને ગોળ આમલીમાં વઘારીને તેનું શાક કર્યું હોય તો તે ખાતાં તેને અટકાવવાનો સૌથી સહેલો રસ્તો એજ છે કે " એ શાકમાં

કાંદા પણ વઘાર્યા છે " એવું તેને કહેવું. એટલું સાંભળતાં વારનેજ તે એ શાક ખાવાની ના કહી પોતાની મેળેજ ખટાશ ખાતો અટકશે.

એજ રીતે એક કુરાનના આકીનવાળા મુસલમાનની છાકટાપણાની ટેવ છોડાવવામાં આવી હતી. તેને બીજી ઘણી રીતે સમજાવતાં કંઈ વળ્યું નહિ, પરંતુ કુરાનમાં તેના પેગમ્બર મહમુદે પણ દારૂ પીવાની મનાઈ કરીછે એમ તેની ખાત્રી કરી આપવાથી તેણે એ વસ્તુનો સમૂળો ત્યાગ કીધો હતો.

प्रकरण ९ मुं.

લોકનાં હિતને અર્થે પુસ્તક પ્રગટ કરવા વિષે.

વ્યાખ્યાનથી અને વર્ણનથી શબ્દનો અને વસ્તુનો ભેદ બતાવવામાં, વસ્તુના જુદા જુદા વિભાગ પાડવામાં અને તેમની વર્ગણી કરવામાં, વાજબી તુલના કરવી. ડગલે ડગલે, સમજણ આપતા, ભેદ દર્શાવતા, વ્યાખ્યાન કરતા, વિભાગ કરતા, અને વર્ગણી કરતા રહેવું નહિ. એમ ઘણે તેમજ થોડે દરજે થવાથી દલીલમાં અને ભાષામાં ગુંચવણ પડી જાયછે. એ રીતે કોઈ ગ્રંથકાર એકાદી બાબતમાં બિલકુલ સમજણ પાડ્યા વિના વાંચનારને ગુંચવી નાંખેછે; કોઈ ગ્રંથકાર જરા જરા મળતા આવતા વિચાર, કંઈ ભેદ દર્શાવ્યા વિના અથવા કોઈ નિયમને અનુસર્યા વિના, એકજ જગાએ એકઠા કરી તેનો ખીચડો કરી નાંખેછે; વળી કોઈ ગ્રંથકાર પ્રત્યેક શબ્દની સમજણ આપી, જેમાં જાણવા લાયક ભેદ રહેલો ન હોય એવી બાબતમાં પણ તફાવત બતાવેછે. પણ એ સઘળી રીતમાં અતિશયપણું થઈ જાયછે અને સ્પષ્ટ, ન્યાયયુક્ત તથા ઉપયોગી જ્ઞાનને મોટી આડખીલ

થાયછે. હવે ઉપર વર્ણવેલા વિષયમાં અમુક નિયમ પ્રમાણે વર્તવાથી કંઈ વળતું નથી, પણ અવલોકન અને સારાસાર સમજવાની શક્તિ એ બહુ કામ લાગેછે. કેટલીક વેળા કોઈ પુસ્તકને આરમ્ભે તેમાં વર્ણવેલા વિષયનાં મૂળતત્વનું ઉપર ઉપરથી વર્ણન આપવું એ યોગ્ય અને અવશ્યનું હોયછે અને તેથી તે વિષયને પુષ્ટિ તથા પ્રકાશ મળેછે; પરંતુ એવા પ્રકારની પ્રસ્તાવનાના રૂપમાં આધેની સંબંધ વિનાની વાતનો સમાવેશ કરવો અને પોતાની આવડત બતાવવી એ ઘણુંજ હાસ્યકારક છે. કોઈ વિદ્વાનને કોઈ ધર્મસંબંધી વિષય ઉપર ભાષણ આપવું હોય અને તેને આરમ્ભે તે વિષય સાથે સંબંધ ધરાવતી બાબત વિષે બોલવાને બદલે, બીજાં સઘળાં પ્રાણી કરતાં મનુષ્ય જાત શ્રેષ્ઠ છે, તેને પોતાના વિચાર દર્શાવવાને વાચાશક્તિનું સાધન છે, વાચાશક્તિ ફલાણી રીતે ઉત્પન્ન થઈ, પછી લખવાની કળા શોધી કહાડવામાં આવી અને ફલાણા પુરૂષે પ્રથમ ધ્વનિને આકાર આપ્યો, શૈલિ આટલા પ્રકારની છે, અને ધર્મસંબંધી વિષય લખવામાં અમુક પ્રકારની શૈલિનો ઉપયોગ કરવો જોઈએ ઇત્યાદિ બાબતનું જો તે વર્ણન કર્યો ચાલ્યો જાય તો જે વિષય ઉપર ભાષણ આપવાની તેની ધારણા હોય તે વિષયને નિકટનો સંબંધ ધરાવતીજ બાબત આવી પહોંચે ત્યાંસુધી શું શ્રોતાજનની ધીરજ રહેશે? નિઃશંક તેઓ કંટાળો પામી, પેલા વિદ્વાન વક્તાને ભાષણ કરવાની જગાની દીવાલને પોતાનું ભાષણ સંભળાવતો મૂકી દઈ, પોતપોતાને ઘેર ચાલતા થશે.

એજ રીતે જો કોઈ પુરૂષને રામ તથા રાવણ વચ્ચે જે યુદ્ધ થયું તેનુંજ વૃત્તાંત આપવું હોય તો તેણે સીતા ફલાણા રાજાની પુત્રી હતી, ફલાણા નગરમાં જન્મી હતી, ફલાણે દહાડે શ્રી રામચંદ્રને સ્વયંવર કરી, વરી, સ્વયંવરમાં ફલાણા ફલાણા રાજા આવ્યા હતા, પછી સાવકી માના ધિઃકારવા જોગ મત્સરનો ભોગ થઈ પડવાથી રામને વનવાસ જવું પડ્યું, સીતા તેની સાથે ગઈ, ત્યાંથી રાવણ તેને હરી ગયો અને તેને પાછી લાવવાને

રામે તેની સાથે દારૂણ યુદ્ધ કર્યું, એ વગેરે ઘણી બાબત બતાવી લંબાણ કરી નાંખવું નહિ, પણ તે યુદ્ધનુંજ વર્ણન આપવા માંડવું એ વધારે સારૂં છે.

કોઈ ગ્રંથકારે પોતાના વિષયથી દૂરની બાબત ઉપર લક્ષ ન લઇ જવો એટલુંજ નહિ, પરંતુ તે પુસ્તક રચવામાં પોતાનો જે મૂળ હેતુ હોય તે પણ મનમાંથી જવા ન દેતાં તેને પુષ્ટિ મળે અથવા તે સમજવો સહેલો પડે એવી બાબતજ દાખલ કરવી. એમ કરવાને કદાપિ દૃષ્ટાંત આપવાં પડે તો તે બેલાશક આપવાં; પરંતુ તે એટલાં બધાં આપવાં નહિ કે તેથી વધારે સમજણ પડવાને બદલે, તેનો એક જગાએ જથો થઈ જવાથી, ઊલટી ખરી બાબત મનમાંથી જતી રહે અને વાંચનાર માણસને કંટાળો ઊપજે.

જ્યારે તમે એકાદું પુસ્તક, તેને છપાવવાની ઇચ્છા રાખી, પૂરૂં કરી રહો ત્યારે તેને કેટલાક વખત સુધી, જાણે તે તમે બનાવ્યુંજ નથી એમ, તમારે ભૂલી જવું, અને પછી તમારૂં મન તાજું થાય એટલે તેને શાન્તપણે વાંચી જઈ સુધારવું; કેમકે જો તમે તેને પૂરૂં કર્યા પછી તરતજ વાંચી જોશો તો તમે નવું પુસ્તક રચ્યુંછે તથા તેમાં ઘણા સારા વિષય લીધાછે એવી ખાત્રીને લીધે તથા એવા આનંદને લીધે તમને તમારી ભૂલચૂક સૂઝશે નહિ.

વળી તે સઘળાને પ્રસન્ન પડે એવું કરવાને માટે તમારે જુદી જુદી બુદ્ધિનાં, પ્રકૃતિનાં અને મંડળીનાં માણસની સલાહ લઈ તે પ્રમાણે તેમાં ફેરફાર કર્યા પછી તેને પ્રગટ કરવું જોઇએ. એમ કરવું બહુ દોહ્યલું છે, કેમકે મનુષ્યજાતમાં એવો અહંભાવ રહેલોછે કે તેને બીજા માણસની સૂચનાને ન લેખવતાં, પોતાનોજ કક્કો ખરો કહેવડાવવો ઘણો ગમેછે. એટલા કારણને લીધેજ તેમનાં પુસ્તક અપૂર્ણ રહેછે.

જો તમને તમારૂં પુસ્તક એકાદા મિત્ર આગળ વાંચી સંભળાવવાનો પ્રસંગ ન મળે તો તે તમારે તમારી મેળે વાંચી જવું,

અને વિચાર કરવો કે કોઈ અભિમાની માણસ તે પુસ્તકને કેવા રૂપમાં પેખશે, કોઈ ટીકાકારને તે કેવા પ્રકારનું ભાસશે, તમારાજ મંડળનાં માણસ તેને કેવા અર્થમાં લઈ જશે, અને તમારા સામાવાળીઆને તે કેવું લાગશે. એ રીતના વિચારયુક્ત વાંચનથી તમે તમારૂં પુસ્તક તમારી મરજી સુધારવાને અને વધારે લોકોપયોગી કરવાને શક્તિમાન થશો.

બીજો ભાગ સમાપ્ત.

BOMBAY: PRINTED AT THE EDUCATION SOCIETY'S PRESS, BYCULLA.

